

પેજ-08
હજારોના ગિફ્ટ હેમ્પર્સ, ફ્લાઈટ ટિકિટ ડ્રીમ ડેસ્ટિનેશનની ટૂર...!

# અમદાવાદ એક્સપ્રેસ

127

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
જોકોવિચે પીટીપીએમાંથી રાજીનામું આપ્યું, ટેનિસ ખેલાડી સંઘમાં...



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 27.00 | 14.00 |
| વડોદરા | 28.00 | 16.00 |
| સુરત | 30.00 | 18.00 |

પેજ 5

એપલ આઈફોન નિકાસ પચાસ અબજ ડોલરના આંકને આંબી ગઈ

06
JANUARY-2026
TUESDAY

કિમ જોંગ ઉનની યુદ્ધની તૈયારી શરૂ : અમેરિકા અને ઉત્તર કોરિયા તણાવ...

પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 85439.62 | ▼ | 322.39 |
| નિફ્ટી | 26250.30 | ▼ | 078.25 |
| સોનું | 137976.00 | ▲ | 2215.00 |
| ચાંદી | 246588.00 | ▲ | 10272.00 |

વર્ષ-15 । અંક-056 । વિક્રમ સંવત-2082 । પોષ વદ-03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક




# કેદીઓના કપડામાં માદુરોને USની કોર્ટ લઈ જવાયા, લંગડાતા જોવા મળ્યા

(એજન્સી) નવી દિલ્હી | વેનેઝુએલાના રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરો(63 વર્ષ)ને સોમવારે (5 જાન્યુઆરી) મેનહટનની કોર્ટમાં રજૂ કરાયા હતા. જેનો એક વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં તેઓ ભૂરા રંગના કેદીના કપડા અને જૂતામાં નજરે પડ્યા. તેઓ લંગડાતા નજરે આવી રહ્યા છે. તેમની સાથે તેમના પત્ની પણ ચાલતા જોવા મળ્યા. તેમને પણ કસ્ટડીમાં રખાયા છે. મુદારોને હેલિકોપ્ટરથી મેનહટનની કોર્ટ નજીક લવાયા અને ત્યાંથી બખ્તરબંધ વાહનમાં સ્થાનાંતરિત કરાયા. માદુરોની સુનાવણી દરમિયાન મેનહટન કોર્ટની આસપાસ સુરક્ષા વધારી દેવાઈ છે. આસપાસના વિસ્તારોમાં જબરદસ્ત રીતે બેરિકેડિંગ કરાયું છે. મુખ્ય પ્રવેશ દ્વાર પર જડબેસલાક સુરક્ષા ગોઠવી દેવાઈ છે.

### 'ઈતિહાસ કહેશે કે દેશદ્રોહી કોણ હતો' : 3 દિવસ પછી, માદુરોના પુત્રએ ટ્રમ્પને પડકાર્યો



'ઈતિહાસ કહેશે કે દેશદ્રોહી કોણ હતો' આ ગુસ્સે ભરેલું નિવેદન વેનેઝુએલાના પદભ્રષ્ટ રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોના પુત્ર નિકોલસ માદુરો ગુએરા દ્વારા આપવામાં આવ્યું હતું. ગુએરાએ કહ્યું કે વેનેઝુએલાને કેટલાક લોકોએ દગો આપ્યો છે. તેમણે કહ્યું કે ભવિષ્ય આ લોકોને ખુલ્લા પાડશે અને ન્યાય અપાવશે. વેનેઝુએલા શાંતિપૂર્ણ રહે છે, પરંતુ તણાવ હજુ પણ વધારે છે. આ રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોના પુત્ર, માદુરો ગુએરાએ પરિસ્થિતિ પર એક નિવેદન જારી કર્યું છે.

## ન્યુક્લિયર રિએક્ટર પ્લાનમાં વપરાયેલા ફ્યુઅલ રોડ્સને સુરક્ષિત પરિવહન, સંગ્રહિત રાખવાના સાધનોનું વડોદરામાં નિર્માણ


# વડોદરાએ ત્રણ વર્ષના સઘન સંશોધન બાદ ન્યુક્લિયર પ્લાન્ટ માટે બનાવ્યા 3 જટિલ સાધનો



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

પરમાણુ ઊર્જા ઉત્પાદનમાં વપરાતા મહત્વના સાધનો બનાવવામાં વડોદરાના એક એમએસએમઈ દ્વારા સફળતા હાંસલ કરવામાં આવી છે. પરમાણું ઊર્જાના ઉત્પાદન બાદ તેમાંથી નીકળેલા રોડ્સને સુરક્ષિત રીતે સંગ્રહિત કરવા માટે વપરાતા સાધનોનું નિર્માણ હવે સ્થાનિક કક્ષાએ જ કરવામાં આવતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના મેક ઈન ઈન્ડિયાના સંકલ્પને પ્રોત્સાહન મળ્યું છે. અત્યાર સુધી આ સાધનો ફ્યુઅલ ટ્રાન્સફર મશિન, સ્પેન્ટ ફ્યુઅલ ટ્રાન્સ્પોર્ટેશન કન્ટેનર, સ્ટોરેઝ રેક વિદેશમાંથી આયાત કરવા પડતા હતા. પણ હવે આ સાધનો વડોદરામાં બનશે. આ ત્રણેય સાધનો એક જ સ્થળે બનતા હોય તેવું આ વિશ્વનું પ્રથમ એકમ છે.

આ ત્રણે સાધનોનું શું મહત્વ છે ? એ



**રશિયા-અમેરિકા જે ન કરી શક્યું તે વડોદરાએ કરી બતાવ્યું!**

ન્યુક્લિયર ફિશનનો ઉપયોગ કરવામાં આવે છે. આ માટે યુ-૨૩૫ પ્રકારના યુરેનિયમ વાપરવામાં આવે છે અને ફ્યુઅલ રોડ્સ મારફત આ પાણી ગરમ થાય છે. ફ્યુઅલ રોડ્સમાં યુરેનિયમના રહેલા ન્યુટ્રોન પસાર કરવામાં આવે છે.

પ્રેશરાઈઝ્ડ હેવી વોટર રિએક્ટર અને લાઈટ વોટર રિએક્ટર એમ મુખ્યત્વે બે પ્રકારના પરમાણુ ઊર્જા ઉત્પાદન કેન્દ્ર હોય છે. તેના આધારે ફ્યુઅલ રોડ્સ કે તેના બન્ડલનો ઉપયોગ કરવામાં આવે છે. તેની લાઈફ સાયકલ પણ અલગ અલગ હોય છે. તે પૂર્ણ થયા બાદ સામાન્ય રીતે બદલવામાં આવે છે.

જૂના રોડ્સમાં પણ બહુ જ વિકરણો અને હિટ હોય છે. એથી રિએક્ટરમાંથી કાઢ્યા બાદ તેને પ્લાન્ટ અંદર જ પાણીમાં રાખવામાં આવે છે. સામાન્ય રીતે વપરાયેલા રોડ્સ છસાત વર્ષ સુધી પ્લાન્ટ અંદર સુરક્ષિત રાખવામાં આવે છે. બાદમાં તેને પ્લાન્ટ બહાર ખસેડવા પડે છે.


અવે ફ્રેમ રિએક્ટર સેન્ટર ઉપર આ જૂના રોડ્સને સુરક્ષિત રીતે સંગ્રહવામાં આવે છે. ૪૨ મિટર લંબાઈના ફ્યુઅલ પોન્ડ આ રોડ્સ સુરક્ષિત રીતે રાખવામાં આવે છે.

### વિશ્વની પ્રથમ ઘટના: ત્રણેય સાધનો એક જ સ્થળે

ન્યુક્લિયર પાવર પ્લાન્ટમાં સૌથી પડકારજનક કામ વપરાયેલા ફ્યુઅલ રોડ્સનું સંચાલન કરવાનું હોય છે. આ માટે મુખ્ય ત્રણ સાધનોની જરૂર પડે છે:

■ ફ્યુઅલ ટ્રાન્સફર મશીન ■ સ્પેન્ટ ફ્યુઅલ ટ્રાન્સ્પોર્ટેશન કન્ટેનર ■ સ્ટોરેજ રેક્સ. આ ત્રણેય સાધનો એક જ સ્થળે બનતા હોય તેવી આ વિશ્વની પ્રથમ ઘટના છે. અત્યાર સુધી આ ટેકનોલોજી માટે ભારત વિદેશી કંપનીઓ પર નિર્ભર હતું, પરંતુ હવે વડોદરા આ સાધનોનું હબ બન્યું છે.

**કેમ આ સાધનો છે અત્યંત મહત્વના?** પ્લાન્ટમાં વીજળી ઉત્પન્ન કરવા યુરેનિયમ ધરાવતા ફ્યુઅલ રોડ્સનો ઉપયોગ થાય છે. જ્યારે આ રોડ્સની લાઈફ પૂર્ણ થાય, ત્યારે પણ તેમાં પુષ્કળ ગરમી અને ખતરનાક રેડિયેશન હોય છે. તેને રિએક્ટરમાંથી કાઢીને 6-7 વર્ષ સુધી પાણીના પોન્ડમાં સુરક્ષિત રાખવા પડે છે.



**બોરોટેડ સ્ટેનલેસ સ્ટીલનો જાદુ :** વડોદરાના આ એકમે ન્યુક્લિયર પાવર કોર્પોરેશનના સહયોગથી સ્પેન્ટ ફ્યુઅલ સ્ટોરેજ રેક્સ (SFSR) તૈયાર કર્યા છે. આ રેક્સ બનાવવા માટે ખાસ 'બોરોટેડ સ્ટેનલેસ સ્ટીલ'નો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે ન્યુટ્રોન એમિશન (વિકિરણો)ને રોકવાની ક્ષમતા ધરાવે છે. કેન્દ્ર સરકારની વિવિધ એજન્સીઓના કડક પરીક્ષણોમાં આ સાધનો સફળ સાબિત થયા છે.

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુની હત્યા, 18 દિવસમાં પાંચમી ઘટના

(એજન્સી) ઢાકા | તા.05

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હુમલા અટકવાનું નામ નથી લઈ રહ્યા. ત્યારે બાંગ્લાદેશમાં હિંસા અને અશાંતિ વચ્ચે વધુ એક હિન્દુની હત્યાથી ખળભળાટ મચી જવા પામ્યો છે. રાણા પ્રતાપ બૈરાગી નામના હિન્દુ વ્યક્તિની હત્યા કરી દેવાઈ છે. આ ઘટના જસોર જિલ્લાના મોનિરામપુરમાં બની છે, જ્યાં રાણા પ્રતાપ બૈરાગીને ગોળી મારીને મોતને ઘાટ ઉતારી દેવાયો છે. જણાવી દઈએ કે, બાંગ્લાદેશમાં 18 દિવસમાં કુલ પાંચ હિન્દુઓની હત્યાથી ખળભળાટ મચી જવા પામ્યો છે. આ ઘટનાઓ લઘુમતી હિન્દુઓની સુરક્ષા પર ગંભીર સવાલ ઉભા કરે છે અને દેશમાં વધતી હિંસાને ઉજાગર કરે છે.

### બાંગ્લાદેશમાં 2 પુરુષોએ હિન્દુ વિધવા પર કર્યો બળાત્કાર

બાંગ્લાદેશના ઝેનૈદાહના કાલીગંજમાં 40 વર્ષીય વિધવા હિન્દુ મહિલા પર બે પુરુષોએ સામૂહિક બળાત્કાર કર્યો હતો. ત્યારબાદ મહિલાને ઝાડ સાથે બાંધી દીધી અને તેના વાળ કાપી નાખ્યા



**હવે રાણા પ્રતાપ બૈરાગીની ગોળી મારીને હત્યા કરાઈ :** બાંગ્લાદેશમાં હિંસા અને અશાંતિ વચ્ચે, વધુ એક હિન્દુ વ્યક્તિની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. આ ઘટના જેસોર જિલ્લાના મોનીરામપુરમાં બની હતી, જ્યાં રાણા પ્રતાપ બૈરાગી નામના યુવાનની કેટલાક લોકોએ ગોળી મારીને હત્યા કરી હતી. છેલ્લા 18 દિવસમાં આ પાંચમી હિન્દુ હત્યા છે. પોલીસે હજુ સુધી રાણા પ્રતાપ બૈરાગીની હત્યા અંગે કોઈ નિવેદન બહાર પાડ્યું નથી. રાણા પ્રતાપ બૈરાગીને કેમ ગોળી મારી દેવામાં આવી તે પણ હજુ સુધી જાણી શકાયું નથી. ગુરુવારે, અજાણ્યા બદમાશોએ એક હિન્દુ વેપારી પર હુમલો કર્યો, પહેલા તેના પર હુમલો કર્યો અને પછી તેના પર પેટ્રોલ છાંટીને તેને આગ લગાવી દીધી. હુમલો કરાયેલ હિન્દુ વ્યક્તિનું નામ ચંદ્ર દાસ હતું. તે પોતાની દુકાન બંધ કરીને ઘરે પરત ફરી રહ્યો હતો.

# અરવલ્લી અંગે SC એ DDAને પૂછ્યું : 1,16,000 વૃક્ષોનું શું થયું?

(એજન્સી) નવી દિલ્હી | તા.05

દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી (DDA) એ સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરી છે જેમાં સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ મેડિકલ ઈન્સ્ટિટ્યૂટ (CAPFIMS) માટે રસ્તો બનાવવા માટે અરવલ્લી વિસ્તારમાં 473 વૃક્ષો કાપવાની પરવાનગી માંગવામાં આવી છે. DDA ની અરજી પર સોમવારે (5 જાન્યુઆરી) સુનાવણી થઈ. સુપ્રીમ કોર્ટે હાલ માટે વૃક્ષો કાપવાની પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હતો. આ કેસની આગામી સુનાવણી 19 જાન્યુઆરીએ થશે. સુપ્રીમ કોર્ટે DDA ની અરજી પર કડક વલણ અપનાવ્યું. સુનાવણી દરમિયાન, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે DDA ને પૂછ્યું કે તેમણે વાવેલા 1,16,000 વૃક્ષોનું શું થયું છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે અગાઉના સૂચનોના પાલન અંગે રિપોર્ટ ન આવે ત્યાં સુધી વૃક્ષો કાપવાની કોઈ નવી પરવાનગી આપવામાં આવશે નહીં.



**'116,000 વૃક્ષોનું શું થયું?' :** સુપ્રીમ કોર્ટે કહ્યું, 'અમે ઉતાવળમાં કંઈપણ થવા દઈશું નહીં.' સીજેઆઈ સૂર્યકાન્તે કહ્યું, 'જ્યાં સુધી અમને ખાતરી ન થાય કે અમારા સૂચનોનું પાલન થયું છે ત્યાં સુધી અમે કંઈપણ થવા દઈશું નહીં.' સીજેઆઈએ ડીડીએને પ્રશ્ન કર્યો, '૧૧૬,૦૦૦ વૃક્ષોનું શું થયું?' વરિષ્ઠ વકીલ મનિન્દર સિંહે કહ્યું કે બાઉન્ડ્રી વોલ બનાવાઈ છે અને ૨૮ ફેબ્રુઆરી સુધીમાં પૂર્ણ થશે. આના પર સીજેઆઈએ કહ્યું, 'અમને પાલન બતાવો.'

**પર્યાવરણને અવગણી શકાય નહીં :** 'સીજેઆઈએ કહ્યું, 'તમે એક દિવસમાં ૧૦૦,૦૦૦ થી વધુ વૃક્ષો વાવી શકતા નથી; તમારે જમીન પરની કાર્યવાહી દર્શાવવી જોઈએ. તમારે પહેલા ખોદકામ કરવું જોઈએ.' તેમણે કહ્યું, 'અમને અત્યાર સુધી સાઈટ પર થયેલા તમામ કામનો રિપોર્ટ જોઈએ છે.' કોર્ટે કહ્યું, 'હોસ્પિટલની જરૂરિયાત મહત્વપૂર્ણ છે, પરંતુ પર્યાવરણને અવગણી શકાય નહીં.'

### આગામી સુનાવણી 19 જાન્યુઆરીએ

બેન્ચમાં હાજર રહેલા ન્યાયાધીશ સંદીપ મહેતાએ રોડ પહોળો કરવા અને હોસ્પિટલની ઓપીડી સુવિધાઓ અંગે પણ ચર્ચા કરી હતી. કોર્ટે ડીડીએ પાસેથી સ્થળ પર અત્યાર સુધી થયેલી તમામ કાર્યવાહી અંગે વિગતવાર અહેવાલ માંગ્યો છે .આ કેસમાં આગામી સુનાવણી ૧૯ જાન્યુઆરીએ થવાની છે, ત્યાં સુધી, વૃક્ષ કાપવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

# 'ભગવાનને પણ ન છોડ્યા', સબરીમાલા મંદિર મામલે સુપ્રીમ કોર્ટની કડક ટિપ્પણી


### ■ સુપ્રીમ કોર્ટે કેપી શંકરદાસને ફટકાર લગાવી, અરજી ફગાવી દીધી

(એજન્સી) નવી દિલ્હી | તા.05

સુપ્રીમ કોર્ટમાં આજે (5 જાન્યુઆરી) કેરળના સુપ્રસિદ્ધ સબરીમાલા મંદિરમાં સોનાની ચોરીના કેસ મામલે સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં કોર્ટે કડક શબ્દોમાં ટિપ્પણી કરીને ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડના પૂર્વ સભ્ય કે.પી.શંકર દાસની આકરી ઝાટકણી કાઢી છે. કોર્ટે શંકર દાસની અરજી ફગાવીને કહ્યું કે, 'તમે ભગવાને પણ છોડ્યા નથી.'

### જવાબદારીમાંથી છટકી શકાય નહીં: સુપ્રીમ કોર્ટ

ન્યાયાધીશ દિપાંકર દત્તા અને ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્માની બેંચે આ મામલે સુનાવણી કરતા સ્પષ્ટ કહ્યું કે, દેવસ્વોમ બોર્ડના સભ્ય જેવા જવાબદાર પદ પર હોવા છતાં આ પ્રકારની ગંભીર બેદરકારી કે સંડોવણીને માફ કરી શકાય નહીં. અરજદાર શંકર દાસે કેરળ હાઈકોર્ટની એ ટિપ્પણીને હટાવવા માગ કરી હતી જેમાં તેમને અને કે. વિજયકુમારને ગુનાહિત કાવતરામાં જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા.



### મંદિરની સંપત્તિનું રક્ષણ કરવાની જવાબદારી

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે દેવસ્વોમ બોર્ડના સભ્ય તરીકે કે. પી. શંકર દાસ મંદિરની સંપત્તિનું રક્ષણ કરવા માટે જવાબદાર હતા, પરંતુ આરોપોમાં એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે કે તેઓ સોનાની ચોરી અને ગેરઉપયોગ માટે જવાબદાર હતા. કોર્ટે નોંધ્યું કે ગુનો અત્યંત ગંભીર હોવા છતાં, હાઈકોર્ટે તેમના નબળા સ્વાસ્થ્ય અને ઉંમરને ધ્યાનમાં રાખીને થોડી રાહત આપી હતી. કોર્ટે જણાવ્યું હતું કે આનો અર્થ એ નથી કે તેમની સામેના આરોપો નબળા છે અથવા ગુનાના ગુણદોષ પર કોઈ ટિપ્પણી કરવામાં આવી છે.

# આંધ્રપ્રદેશમાં ONGC પાઈપલાઈન લીકેજ થતા આગ લાગી, 3 ગામો ખાલી કરાવાયા



### સમગ્ર વિસ્તારને ઘેરી ને સીલ કરી દેવાયો

ઘટનાની માહિતી મળતાં જ ONGC ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ગેસ લીકેજ અને આગને કાબુમાં લેવાના પ્રયાસો શરૂ કર્યા હતા. સમગ્ર વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે અને સીલ કરી દેવામાં આવ્યો છે. જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ અને ONGC અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે.

(એજન્સી) કોનાસીમા | તા.05

આંધ્રપ્રદેશના કોનાસીમા જિલ્લામાં ONGCની ગેસ પાઈપલાઈનમાં મોટાપાયે લીકેજ થવાની ઘટના સામે આવી છે. મલિકીપુરમ મંડળના ઈરુસમાંડા ગામ પાસે પાઈપલાઈનમાંથી અચાનક ગેસ લીકેજ થયો હતો, જેણે જોતજોતામાં ભીષણ આગનું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ છે. પાઈપલાઈનમાંથી ગેસ લીક થતા જ આકાશમાં ઉંચે સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. ગેસનું દબાણ એટલું વધારે હતું કે આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. આસપાસના રહેણાંક વિસ્તારો સુધી ધુમાડો પહોંચતા લોકોના શ્વાસ રૂંધાવા લાગ્યા હતા અને ફાળ પડી હતી. આસપાસના ગામડાઓમાં ચોતરફ ધુમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા છે. બીજી તરફ હજારો નારિયેળી અને વૃક્ષો સળગી ગયા છે. સ્થાનિક લોકોએ તાત્કાલિક ધોરણે આ અંગે ONGCના અધિકારીઓ અને ફાયર વિભાગને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને જોતા વહીવટીતંત્ર તાત્કાલિક એક્શનમાં આવ્યું હતું. સુરક્ષાના ભાગરૂપે અને મોટી જાનહાનિ ટાળવા માટે ઈરુસમાંડા અને તેની આસપાસના ગામોને ખાલી કરાવવામાં આવ્યા છે. લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

# દિલ્હી રમખાણો કેસ- ખાલિદ-શરજીલ જેલમાં જ રહેશે : SC

(એજન્સી) નવી દિલ્હી | સુપ્રીમ કોર્ટે સોમવારે દિલ્હી રમખાણોના આરોપી ઉમર ખાલિદ અને શરજીલ ઈમામને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ અન્ય પાંચ આરોપીઓને 12 શરતો સાથે જામીન આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઉમર અને શરજીલ આ કેસમાં એક વર્ષ સુધી જામીન અરજી દાખલ કરી શકશે નથી. ઉમર, શરજીલ અને અન્ય લોકો પર ફેબ્રુઆરી 2020માં ઉત્તરપૂર્વ દિલ્હીમાં થયેલા રમખાણોના 'મુખ્ય કાવતરાખોર' હોવાનો આરોપ છે. તેમના પર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અધિનિયમ અને IPCની વિવિધ જોગવાઈઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. ઉત્તર-પૂર્વ દિલ્હીમાં થયેલા રમખાણોમાં 53 લોકો માર્યા ગયા હતા અને 250થી વધુ ઘાયલ થયા હતા. ખરેખરમાં, ઉમર ખાલિદ, શરજીલ ઈમામ, ગુલફિશા ફાતિમા, મીરાન હૈદર, શિફા ઉર રેહેમાન, મોહમ્મદ સલીમ ખાન અને શાદાબ અહેમદ દિલ્હી રમખાણોના આરોપમાં 5 વર્ષ 3 મહિનાથી તિહાર જેલમાં બંધ છે.

# ખામેની ઈરાન છોડી રશિયા ભાગી જવાની તૈયારીમાં....!



### ગુપ્તચરનો દાવો : ખામેની શારીરિક અને માનસિક રીતે નબળા પડી ગયા

(એજન્સી) નવી દિલ્હી | તા.05

ઈરાનમાં વધતા વિરોધ અને શાસન પર દબાણ વચ્ચે એક ચોંકાવનારો ખુલાસો થયો છે. ગુપ્તચર અહેવાલોને ટાંકીને, બ્રિટિશ અખબાર ધ ટાઈમ્સે દાવો કર્યો છે કે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેની પાસે દેશ છોડવાની બેકઅપ યોજના છે. આ સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે અમેરિકા ઈરાનમાં વિરોધ પ્રદર્શનોને સમર્થન આપી રહ્યું છે. અહેવાલમાં જણાવાયું છે કે જો સુરક્ષા દળો વિરોધ પ્રદર્શનોને નિયંત્રિત કરવામાં નિષ્ફળ જાય અથવા અંદરથી બળવો ફાટી નીકળે, તો ખામેની તેમના પરિવાર અને નજીકના સહયોગીઓ સાથે મોસ્કો ભાગી શકે છે. અહેવાલ અનુસાર, 86 વર્ષીય ખામેની માટેનો આ 'પ્લાન બી' તેમના ખૂબ નજીકના 20 લોકો સુધી મર્યાદિત છે.એક ગુપ્તચર સૂત્રને ટાંકીને કહેવામાં આવ્યું છે કે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથેની નિકટતા અને વૈચારિક-વ્યૂહાત્મક સમજણને કારણે રશિયા તેમનું 'એકમાત્ર સલામત આશ્રયસ્થાન' છે. ગુપ્તચર મૂલ્યાંકન દાવો કરે છે કે ગયા વર્ષના ઈઝરાયલ સાથેના 12 દિવસના યુદ્ધ પછી ખામેની શારીરિક અને માનસિક રીતે નબળા દેખાયા છે.

### ઈરાનમાં સંકટ : ભારતીયો માટે જાહેર કરી એડવાઈઝરી

ઈરાનમાં સતત તણાવને જોતા ભારત સરકારના વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકો માટે એક મહત્વપૂર્ણ અને કડક એડવાઈઝરી જારી કરી છે. કેન્દ્ર સરકારે સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે, ભારતીય નાગરિકોએ આગામી આદેશ સુધી ઈરાનની બિનજરૂરી મુસાફરી ન કરવી જોઈએ. વિદેશ મંત્રાલયે ત્યાં રહેતા ભારતીય મૂળના લોકો અને પ્રવાસીઓને અત્યંત એલર્ટ રહેવા આદેશ આપ્યો છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે કે, 'વર્તમાન સમયમાં ઈરાનમાં અસ્થિત અસમામાન્ય છે. સુરક્ષાના કારણોસર આ નિર્ણય હેઠળ નાગરિકોને તેમની મુસાફરીના આયોજન હાલ પૂરતા ટાળી દેવી જોઈએ. સરકાર માટે નાગરિકોની સુરક્ષા સર્વોપરી છે, તેથી જ્યાં સુધી સ્થિતિમાં સુધારો ન થાય અને નવો આદેશ ન આવે ત્યાં સુધી પ્રવાસ ન ખેડવો જોઈએ.'

## એર પોલ્યુશન, ટ્રાફિકની સમસ્યા, દબાણ અને વરસાદી પાણી ભરાવાના પ્રશ્ન અંગે ચર્ચા...

# પ્રભારી મંત્રીની અધ્યક્ષતામાં અધિકારીઓ સાથે બેઠક

અમદાવાદ | અમદાવાદના પ્રભારી અને રાજ્યના મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં આજે 5 જાન્યુઆરીના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે બેઠક મળી છે. શહેરના વિવિધ પ્રશ્નોને લઈને ઝોન મુજબ ધારાસભ્યો, કોર્પોરેટરો અને અધિકારીઓ સાથે બેઠક થઈ હતી. બેઠકમાં શહેર ભાજપ પ્રમુખ પ્રેરક શાહ, તમામ મહામંત્રીઓ, મેયર, ડેપ્યુટી મેયર સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શાસક પક્ષના નેતા સહિત કોર્પોરેશનના પદાધિકારીઓ પણ ઉપસ્થિત છે. સવારે 9:00 વાગ્યે શરૂ થયેલી બેઠક બપોરના 2:00 વાગ્યા સુધી ચાલી હતી.

સૌ પ્રથમ શહેરના પૂર્વ વિસ્તારમાં આવતા ઉત્તર ઝોનના ધારાસભ્યો, સાંસદ સભ્યો અને કોર્પોરેટરો સાથે બેઠક શરૂ કરી હતી. અમદાવાદ પૂર્વ લોકસભાના સાંસદ હસમુખ પટેલ અને પશ્ચિમ લોકસભાના સાંસદ દિનેશ મકવાણા, ભાજપના નરોડાના ધારાસભ્ય ડો. પાયલ કુકરાણી, બાપુનગરના ધારાસભ્ય દિનેશ કુશવાહ અને ઠક્કરબાપાનગરના ધારાસભ્ય કંચન રાદડિયા બેઠકમાં હાજર છે. ઉત્તર ઝોનના નરોડા, સૈજપુર, ઠક્કરબાપાનગર, બાપુનગર, સરસપુર- રખિયાલ, કુબેરનગર અને સરદારનગર વોર્ડના કોર્પોરેટર હાજર રહ્યા હતાં.

ઉત્તર ઝોનની બેઠકમાં નરોડાના ધારાસભ્ય ડો. પાયલ કુકરાનીએ વધતા જતા હવા પ્રદુષણને લઈને મુદ્દો ઉઠાવ્યો હતો. શહેરમાં પ્રદૂષણ વધે છે તેના માટે AMC દ્વારા શું કામગીરી કરી તે અંગે કમિશનરને પ્રશ્ન કર્યો હતો. હવા પ્રદૂષણને રોકવા વહીવટી તંત્ર તરફથી લેવાયેલા પગલાં અંગે પુછાયેલા પ્રશ્નમાં કોર્પોરેશન દ્વારા માત્ર લાખો રૂપિયાની પેનલ્ટી કરી હોવા અંગેનો જવાબ આપવામાં આવ્યો હતો.

મિશન મિલિયન ટ્રી અને વૃક્ષારોપણ બાદ પણ સત્તત વધતા પ્રદૂષણ અંગે ડૉ પાયલ કુકરાનીએ સવાલ ઉઠાવતાં રહેણાંક - ધંધાકીય એકમો સામે માત્ર દંડનીય કાર્યવાહી કરી હોવાનો જવાબ આપ્યો હતો. આગામી સમયમાં પ્રદૂષણની સમસ્યા વધશે અને ભવિષ્યમાં નાના બાળકો માટે ગંભીર સાબિત થાય જેથી આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા જણાવ્યું હતું.



### ટ્રાફિકની સમસ્યા અંગે દિનેશ કુશવાહની રજૂઆત

બાપુનગર વિધાનસભાના ધારાસભ્ય દિનેશ કુશવાહે જણાવ્યું હતું કે જે પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં અમે અમારા વિસ્તારના વિકાસ કાર્યો અને પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. આગામી દિવસોમાં ચૂંટણી આવી રહી છે ત્યારે આગામી થોડા મહિનામાં કયા કયા કામો થઈ શકે તે અંગે સૂચનો લઈ યાદી બનાવાઇ છે. ખાસ કરીને શહેરના પૂર્વ વિસ્તારમાં સારંગપુર ગોમતીપુર સરસપુર રખિયાલ અને કાલુપુર રેલવે સ્ટેશનની પાછળના ભાગે ટ્રાફિકની સમસ્યા અંગે ધારાસભ્ય દિનેશ કુશવાહે રજૂઆત કરી હતી.

### વરસાદી પાણી ભરાવાના પ્રશ્ન અંગે ચર્ચા

પાણીના પ્રદૂષણ અંગે પણ ધારાસભ્યો દ્વારા રજૂઆત કરવામાં આવી છે. પૂર્વ વિસ્તારમાં વરસાદી પાણી ભરાવાના પ્રશ્ન અંગે ચર્ચા કરવામાં આવી હતી. સરસપુરમાં મહાજન મિલમાં એસટીપી બનાવવા માટે જમીન લેવા રાજ્ય સરકારમાં રજૂઆત કરી છે.

### દબાણ તોડવામાં આવ્યા

પૂર્વમાં ટ્રાફિકની સમસ્યા ખૂબ જોવા મળી રહી છે જેને લઈને પણ રજૂઆત કરવામાં આવી છે. અનેક જગ્યા પર દબાણ તોડવામાં આવ્યા છે પણ દબાણ તૂટ્યા બાદ રોડ બન્યા નથી. ખાસ કરીને કાલુપુર રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નંબર બહાર તરફ દબાણો તો દૂર કરી દેવામાં આવ્યા હતા પરંતુ ત્યાં હજી સુધી રોડ બન્યો નથી જેના કારણે થઈને ટ્રાફિક અને અન્ય સમસ્યા રહે છે.

ઉત્તર ઝોનની બેઠકમાં નરોડાના ધારાસભ્ય ડો. પાયલ કુકરાનીએ વધતા જતા હવા પ્રદુષણને લઈને મુદ્દો ઉઠાવ્યો હતો. શહેરમાં પ્રદૂષણ વધે છે તેના માટે AMC દ્વારા શું કામગીરી કરી તે અંગે કમિશનરને પ્રશ્ન કર્યો હતો. હવા પ્રદૂષણને રોકવા વહીવટી તંત્ર તરફથી લેવાયેલા પગલાં અંગે પુછાયેલા પ્રશ્નમાં કોર્પોરેશન દ્વારા માત્ર લાખો રૂપિયાની પેનલ્ટી કરી હોવા અંગેનો જવાબ આપવામાં આવ્યો હતો.

## News Brief

### 'સ્મશાન નહીં તો વોટ નહીં'

## અમદાવાદના ભાડજ ગામમાં ભાજપ અને AMC વિરુદ્ધ રોષ, ચૂંટણી બહિષ્કારનું એલાન

અમદાવાદ | સ્માર્ટ શહેર અમદાવાદની આ એક તસવીર જુઓ! જ્યાં નેતાઓના નામ મોટા દર્શન ખોટા વાળી કહેવત સાચી ઠરે છે. થલતેજ વોર્ડના ભાડજ ગામમાં સ્મશાનની તકલીફ છે, અનેક રજૂઆત છતાં પણ ચૂંટાયેલા નેતાઓ અને AMC આંખ આડા કાન કરી રહ્યું છે, આખરે લોકોએ કંટાળી 'સ્મશાન નહીં તો વોટ નહીં'ના પોસ્ટરો સાથે ભાજપ અને




AMC સત્તાધીશોનો વિરોધ કર્યો છે. અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલા થલતેજ વોર્ડના ભાડજ ગામમાં સ્થાનિક સુવિધાઓના અભાવે જનઆક્રોશ ફાટી નીકળ્યો છે. લાંબા સમયથી સ્મશાનગૃહની માંગણી સંતોષવામાં ન આવતા ગ્રામજનોએ આક્રમક વલણ અપનાવ્યું છે. વિકાસના દાવાઓ વચ્ચે પાયાની જરૂરિયાત ગણાતી સ્મશાનની સુવિધા ન મળતા ગ્રામજનોએ એકસૂરે આગામી ચૂંટણીઓના બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે અને ગામના પ્રવેશદ્વારો પર વિરોધ પ્રદર્શન કરતા બોર્ડ લગાવી દીધા છે. આ વિરોધ પ્રદર્શનમાં ભાડજ ગામના વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં જોડાયા છે. ગામના રહીશોનું કહેવું છે કે, આધુનિક અમદાવાદમાં સમાવિષ્ટ હોવા છતાં તેમના વિસ્તારમાં અંતિમ સંસ્કાર માટે કોઈ વ્યવસ્થા નથી. જ્યારે પણ ગામમાં કોઈનું મૃત્યુ થાય છે, ત્યારે મૃતદેહને છેક એસ.જી. હાઈવે ઓળંગીને દૂર આવેલા થલતેજ સ્મશાનગૃહ સુધી લઈ જવો પડે છે. ટ્રાફિક અને અંતરના કારણે અંતિમ યાત્રામાં જે મુશ્કેલીઓ પડે છે તેનાથી કંટાળીને હવે ગ્રામજનોએ 'સ્મશાન નહીં તો વોટ નહીં'નું સૂત્ર બુલંદ કર્યું છે.

## માળીયા હાટીના તાલુકામાં ટીબીના દર્દીઓને પોષણ કીટ આપવામા આવી

નરેન્દ્ર દવે | જૂનાગઢ » ટીબીની અસરકારક સારવાર માટે દવાઓ સાથે પોષણયુક્ત આહાર અત્યંત મહત્વપૂર્ણ છે. ભારત સરકારના પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન (PMTBABM) અંતર્ગત વર્ષ ૨૦૨૨ થી ટીબી દર્દીઓને પોષણ સહાય આપવામાં આવી રહી છે. આ અભિયાન હેઠળ જૂનાગઢ જિલ્લા કલેકટરશ્રી અનિલ કુમાર રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ તેમજ માળીયા તાલુકાના આરોગ્ય કર્મચારીઓ, મેડિકલ ઓફિસરશ્રીઓ તેમજ સામાજિક સંસ્થાઓ, દાતાઓ દ્વારા માળીયા હાટીના તાલુકાના જરૂરિયાતમંદ ટીબી દર્દીઓ ને દત્તક લઈ પોષણ કીટ પૂરી પાડવામાં આવે છે. આ બાબતે દર્દી, દર્દીના સગાને સારવાર દરમિયાન પોષણ વિશે માહિતગાર કરી જાણકારી આપવામાં આવે છે. ઉપરાંત દર્દીને પોષણયુક્ત આહાર લેવા માટે સલાહ આપવામાં આવે છે.

## જૂનાગઢ PGVCL દ્વારા લોકોને ઉત્તરાયણ પર્વ વીજ સલામતી પૂર્વક ઉજવવા અપીલ કરી


નરેન્દ્ર દવે | જૂનાગઢ » પી.જી.વી.સી.એલ. જૂનાગઢ દ્વારા લોકોને ઉત્તરાયણ પર્વ ઉત્સાહ અને વીજ સલામતી પૂર્વક ઉજવવા તથા વીજ અકસ્માત નિવારવા માટે પતંગ ચગાવતી વખતે જરૂરી સાવચેતી રાખવા માટે અપીલ કરી છે. જૂનાગઢ પી.જી.વી.સી.એલ. દ્વારા સૂચનાઓ બહાર પાડી છે, તે મુજબ પતંગ કે દોરી વીજળીના થાંભલા કે તારામાં ફસાઈ જાય તેને લેવા માટે થાંભલા પર ચડશો નહીં, વીજળીના તાર કે કેબલને પણ અડકશો નહીં. વીજળીના વાયર કે તાર ઉપર પડેલા પતંગ લેવા લંગર નાખશો નહીં. તેમ કરવાથી વીજળીના તાર ભેગા થતાં મોટા ભડાકા થવાની તાર તૂટી જવાની અકસ્માત થવાની તેમજ વીજ વપરાશના સાધનો ઉપકરણો વળી જવાની પણ સંભાવના રહે છે. થાંભલા કે વીજળીના તારમાં અથવાતો વીજળીના તાર નજીકના ઝાડમાં અટવાયેલા પતંગ લેવા માટે તાર કે લોખંડના સળીયાનો ઉપયોગ જીવલેણ નીવડી શકે છે. ધાતુના તાર કે મેગ્નેટિક ટેપ બાંધીને પતંગ ઉડાડશો નહી, તેમ કરવાથી વીજળીના તારને અડકતા વીજળીનો આંચકો લાગવાની અને અકસ્માતની સંભાવના છે. આમ નજીવી કિંમતના પતંગ માટે આપની અણમોલ કિંમતી જીદગી જોખમમાં ના મુકાય તેનો ખ્યાલ રાખો. ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરવો નહી, તેનાથી વીજળીના વાયર કપાઈ શકે છે, જેથી અંધારપટ તેમજ વીજ અકસ્માત થઈ શકે છે. વીજવાયરો પસાર થતા હોય તેની સાવ નજીકથી પતંગ ઉડાડશો નહી. વીજ માળખા ને લગતી કોઈ પણ ફરીયાદ નોંધવા માટે નીચેના ટોલ ફ્રી નંબર ૧૯૧૨૨ અથવા ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૩ નો ઉપયોગ કરવો. આમ, કોઈ અકસ્માત ન સર્જાય તેની સાવચેતી રાખશો તથા આપના બાળકોની સાથે રહી, સંપૂર્ણ સલામતી સાથે ઉત્તરાયણનો ઉત્સવ ઉમંગથી ઉજવવા પી.જી.વી.સી.એલ. જૂનાગઢ દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

### સુગમ સંગીત અને હાર્મોનિયમ વાદનમાં દ્વિતીય સ્થાન

## કલાના મહાકુંભમાં પાટણની સિદ્ધિ: સંગીતના બે સિતારાઓએ રાજ્ય સ્તરે બાજી મારી

નિતિન ઠાકર | ચાણસ્મા તા.05

ગુજરાત રાજ્ય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ થી ૨ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન સુરત સ્થિત વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજિત રાજ્ય કક્ષાની કલા મહાકુંભ સ્પર્ધામાં શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણના સંગીત વિભાગના વિદ્યાર્થીઓએ નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. આ સ્પર્ધામાં કોલેજના સંગીત વિભાગમાંથી કુલ ત્રણ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી બે વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું નામ સમગ્ર ગુજરાતમાં ઉજાગર કર્યું છે. સુગમ સંગીત સ્પર્ધામાં ૨૧ થી ૫૯ વર્ષની કેટેગરીમાં



કુમારી શિખા નાયકએ દ્વિતીય સ્થાન મેળવ્યું હતું, જ્યારે હાર્મોનિયમ (વાદન) સ્પર્ધામાં એ જ કેટેગરીમાં ઋષિ પટેલ એ દ્વિતીય ક્રમે રહીને વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે આ બંને વિદ્યાર્થીઓને કોલેજના સંગીત વિભાગના પ્રાધ્યાપક ડૉ. સમ્યક પારેખ દ્વારા નિયમિત તથા સુવ્યવસ્થિત તાલીમ આપવામાં આવી રહી છે, જે આ સફળતાનો મુખ્ય આધાર બની છે. વિદ્યાર્થીઓની આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટીના કેમ્પસ ડેવલપમેન્ટ ઓફિસર પ્રો. જય ધ્રુવ, કોલેજના આચાર્ય ડૉ. રીટાબેન પારેખ તથા સમગ્ર કોલેજ પરિવાર દ્વારા અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

## વર્ધમાન પેરેડાઇઝ દુર્ઘટના: શ્રમિકે ખોલી પોલ, કહ્યું- 'સુપરવાઈઝરની બેદરકારીએ મારા મિત્રોનો જીવ લીધો'

અમદાવાદ | અમદાવાદ શહેરના આંબાવાડી વિસ્તારમાં આવેલી 'વર્ધમાન પેરેડાઈઝ' નામની નિર્માણાધીન સાઈટ પર સર્જાયેલા કરુણ અકસ્માત મામલે આખરે ચોથા દિવસે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. સેફ્ટીના સાધનોના અભાવે ચોથા માળેથી પટકાયેલા બે શ્રમિકોના મોત નિપજ્યા બાદ, ઈજાગ્રસ્ત શ્રમિકે સુપરવાઈઝરની ગંભીર બેદરકારી હોવાનો આક્ષેપ કરી ફરિયાદ નોંધાવી છે.

નવા વર્ષના પ્રથમ દિવસે એટલે કે 1 જાન્યુઆરી, 2026 ના રોજ આંબાવાડી સ્થિત વર્ધમાન પેરેડાઈઝ સાઈટ પર પ્લાસ્ટરનું કામ ચાલી રહ્યું હતું. મૂળ રાજસ્થાનના બાંસવાડાના વતની અને હાલ સેટેલાઈટમાં રહેતા ધિરેજભાઈ ડાભી (30) તેમના સાથીદારો શાંતિલાલ મનાત, દેવીલાલ ગમાર અને પ્રવીણભાઈ સાથે કામ પર હતા. સવારે અંદાજે 10:30 વાગ્યે સુપરવાઈઝરની સૂચના મુજબ શ્રમિકો ચોથા માળે પાલખ પર ચડીને કામ કરી રહ્યા હતા, ત્યારે અચાનક પાલખનું લાકડું તૂટી પડતા ત્રણ શ્રમિકો નીચે પટકાયા હતા.

ફરિયાદ મુજબ, સુપરવાઈઝર નારણભાઈ લક્ષ્મણભાઈ રાવલે શ્રમિકોને જોખમી ઊંચાઈ પર કામ કરવા મોકલ્યા હોવા છતાં કોઈ પણ પ્રકારના સેફ્ટી બેલ્ટ કે હેલ્મેટ પૂરા પાડ્યા નહોતા. નીચે પટકાતા જ ગંભીર ઈજાઓને કારણે શાંતિલાલ અને દેવીલાલનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું.

ફરિયાદી ધિરેજભાઈએ જણાવ્યું કે નીચે પટકાયા બાદ તેઓ બેભાન થઈ ગયા હતા. ભાન આવ્યા બાદ ખબર પડી કે તેમને હાથ, કમર અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. આર્થિક સ્થિતિ નબળી હોવાથી શરૂઆતમાં ઘરે જઈ સારવાર લીધી હતી, પરંતુ દુખાવો અસહ્ય થતા તેમણે SVP હોસ્પિટલમાં સારવાર લીધી અને ત્યારબાદ સુપરવાઈઝર સામે કાયદેસરની કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો.

હાલમાં પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે કે બિલ્ડિંગના કોન્ટ્રાક્ટર કે બિલ્ડરની અન્ય કોઈ સ્તરે બેદરકારી છે કે કેમ?

## રાજ્યભરમાં મતદારો માટે યોજાયેલા ખાસ કેમ્પને વ્યાપક પ્રતિસાદ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) હાથ ધરવામાં આવી છે. ગત તા. 27 ઓક્ટોબર 2025થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR ઝુંબેશની ગણતરીના તબક્કાની અસરકારક કામગીરી બાદ 19 ડિસેમ્બર 2025ના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી. હવે તા. 18 જાન્યુઆરી 2026 સુધીમાં જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સબંધી જે કંઈ વાંધા-દાવા રજૂ કરવા માંગતા હોય તેઓ તે રજૂ કરી શકશે. આ દરમિયાન તા.3 અને 4 જાન્યુઆરીના રોજ રાજ્યના તમામ જિલ્લાઓમાં મતદારોની સુલભતા માટે ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં ઉપસ્થિત સ્ટાફે નાગરિકોને નવા મતદાર તરીકે જોડાવવા માટે ફોર્મ નં 6, મતદાર યાદીમાંથી નામ કમી કરાવવા માટે ફોર્મ નં 7 અને નામ ટ્રાન્સફર તથા અન્ય સુધારા માટે ફોર્મ નં 8 ભરવામાં મદદ કરી હતી.

### કુલાધિપતિ-રાજ્યપાલ ની ગરિમામય ઉપસ્થિતિમાં ગુજરાત યુનિવર્સિટીનો ૭૪મો દીક્ષાંત સમારોહ યોજાયો

## જીવનમાં સફળતાનો કોઈ 'શોર્ટકટ' નથી, પરિશ્રમ જ એકમાત્ર માર્ગ: રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાત યુનિવર્સિટીના ૭૪મા પદવીદાન સમારોહના અધ્યક્ષસ્થાનેથી કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, જીવનમાં સફળતાનો કોઈ 'શોર્ટકટ' નથી, પરિશ્રમ જ એકમાત્ર રસ્તો છે. તેમણે સ્વામી વિવેકાનંદના 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો'ના સૂત્રને યાદ અપાવીને કહ્યું કે, આળસ એ મનુષ્યનો સૌથી મોટો શત્રુ છે. બુદ્ધિપૂર્વક અને ખંતથી કરવામાં આવેલો પુરુષાર્થ ક્યારેય નિષ્ફળ જતો નથી.

કુલાધિપતિ-રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાયેલા પદવીદાન સમારોહમાં ૪૦,૨૪૫ વિદ્યાર્થીઓને પદવી, ડિપ્લોમા અને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. આ પ્રસંગે યુનિવર્સિટી દ્વારા ખાસ તૈયાર કરાયેલ 'કોફી ટેબલ



બુક'નું વિમોચન કરવામાં આવ્યું અને વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર બે સ્ટાર્ટઅપ અને એક ખેલાડીને 'ગૌરવ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યા હતા. તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે મેડલ્સ એનાયત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંબોધન કરતા રાજ્યપાલ અને કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, પદવીદાન સમારોહ એ માત્ર પદવી મેળવવાનો દિવસ નથી, પરંતુ ગુરુ, શિષ્ય અને વાલીના ત્રિવેણી સંગમનો પવિત્ર ઉત્સવ છે. તેમણે વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિના પાયાના મૂલ્યો 'માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ અને આચાર્ય દેવો ભવ'ને જીવનમાં આત્મસાત કરવા આહ્વાન કર્યું હતું. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, જે માતા-પિતા પોતે અભાવો વેઠીને પણ સંતાનોને શ્રેષ્ઠ શિક્ષણ અપાવે છે, તેમના પ્રત્યે આદર અને સમર્પણનો ભાવ એ જ સાચી દીક્ષા છે. રાજ્યપાલશ્રીએ ગુજરાતની ભૂમિની વિશેષતા વર્ણવતા કહ્યું હતું કે, આ ધરતીએ હંમેશાં રાષ્ટ્રની ઉન્નતિમાં યોગદાન આપનાર મહાન પ્રતિભાઓ આપી છે. સ્વામી દયાનંદ સરસ્વતી, નરસિંહ મહેતા, મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવી વિભૂતિઓએ આ ધરતી પરથી દેશનું નેતૃત્વ કર્યું છે.

# સોમનાથ સ્વાભિમાન પર્વ - અખંડ આસ્થાના 1000 વર્ષ

સોમનાથ... આ શબ્દ સાંભળતા જ આપણા હૃદય અને મનમાં ગર્વની લાગણી જન્મે છે. તે ભારતની આત્માની શાશ્વત ઘોષણા છે. આ ભવ્ય મંદિર ભારતના પશ્ચિમ કિનારે ગુજરાતમાં પ્રભાસ પાટણ નામના સ્થળે આવેલું છે. દ્વાદશ જ્યોતિર્લિંગ સ્તોત્રમાં ભારતભરના 12 જ્યોતિર્લિંગોનો ઉલ્લેખ છે. સ્તોત્રની શરૂઆત ' ..' થી થાય છે, જે પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે સોમનાથની સભ્યતા અને આધ્યાત્મિક મહત્વનું પ્રતીક છે. એમ પણ કહેવાય છે કે:

**सोमलिङ्गं नरो दृष्टा सर्वपापैः प्रमुच्यते।**
**लभते फलं मनोवांछितम मृतः स्वर्गं समाश्रयेत ।।**

તેનો અર્થ છે: સોમનાથ શિવલિંગના માત્ર દર્શન કરવાથી મનુષ્ય પાપોમાંથી મુક્ત થાય છે, તેની ધાર્મિક ઈચ્છાઓ પૂર્ણ થાય છે અને મૃત્યુ પછી સ્વર્ગ પ્રાપ્ત કરે છે. દુર્ભાગ્યવશ, આ જ સોમનાથ, જે લાખો લોકોની શ્રદ્ધા અને પ્રાર્થનાનું કેન્દ્ર હતું, તેના પર વિદેશી આક્રમણકારો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જેમનો એજન્ડા વિનાશ કરવાનો હતો, ભક્તિ નહીં.

વર્ષ 2026 સોમનાથ મંદિર માટે મહત્ત્વપૂર્ણ છે.



આ મહાન મંદિર પર થયેલા પ્રથમ હુમલાને 1,000 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. જાન્યુઆરી 1026 માં જ ગઝનીના મહમુદે આ મંદિર પર હુમલો કર્યો હતો, જેણે હિંસક અને બર્બર આક્રમણ દ્વારા શ્રદ્ધા અને સભ્યતાના મહાન પ્રતીકને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમ છતાં, એક હજાર વર્ષ પછી પણ, સોમનાથને તેની ભવ્યતામાં પુનઃસ્થાપિત કરવાના અસંખ્ય પ્રયાસોને કારણે મંદિર આજે પણ એટલું જ ભવ્ય છે.

આવો જ એક સીમાચિહ્ન 2026 માં 75 વર્ષ પૂર્ણ કરેછે. 11 મે 1951 નારોજ એક સમારોહ દરમિયાન, ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની ઉપસ્થિતિમાં, પુનઃનિર્મિત મંદિરના દ્વાર ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. 1026 માં સોમનાથ પર થયેલા પ્રથમ આક્રમણ, નગરના લોકો પર કરવામાં આવેલી ક્રૂરતા અને મંદિર પર થયેલા વિનાશનું વિવિધ ઐતિહાસિક વૃત્તાંતોમાં વિગતવાર દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે.

જ્યારે તમે તેને વાંચો છો, ત્યારે હૃદય કંપી ઉઠે છે. દરેક પંક્તિ દુઃખ, ક્રૂરતા અને એવી પીડાનો ભાર વહન કરે છે જે સમયની સાથે ભૂંસાતી નથી. ભારત અને લોકોના મનોબળ પર તેની કેવી અસર પડી હશે તેની કલ્પના કરો. સોમનાથનું મોટું આધ્યાત્મિક મહત્વ હતું. તે દરિયાકાંઠે હોવાથી, મહાન આર્થિક પરાક્રમ ધરાવતા સમાજને શક્તિ પણ આપતું હતું, જેના દરિયાઈ વેપારીઓ અને નાવિકો તેની ભવ્યતાની ગાથાઓ દૂર-દૂર સુધી લઈ જતા હતા.

તેમ છતાં, હું નિઃસંકોચપણે ગર્વ સાથે કહી શકું છું કે સોમનાથની વાર્તા, પ્રથમ હુમલાના એક હજાર વર્ષ પછી પણ, વિનાશ દ્વારા વ્યાખ્યાયિત થતી નથી. તે ભારત માતાના કરોડો સંતાનોના અતૂટ સાહસ દ્વારા વ્યાખ્યાયિત થાય છે. 1026માં શરૂ થયેલી મધ્યકાલીન બર્બરતાએ અન્યોને વારંવાર સોમનાથ પર હુમલો કરવા માટે 'પ્રેરિત' કર્યા હતા. તે આપણા લોકો અને સંસ્કૃતિને ગુલામ બનાવવાનો પ્રયાસ હતો. પરંતુ, દર વખતે જ્યારે મંદિર પર હુમલો થયો, ત્યારે આપણી પાસે એવા મહાન પુરુષો અને સ્ત્રીઓ હતા જેઓ તેના રક્ષણ માટે ઉભા થયા અને સર્વોચ્ચ બલિદાન પણ આપ્યું.

અને દરેક વખતે, પેઢી દર પેઢી, આપણી મહાન સંસ્કૃતિના લોકો બેઠા થયા અને મંદિરનું પુનઃનિર્માણ તેમજ નવજીવન કર્યું. એ જ માટી દ્વારા આપણું પણ પાલન-પોષણ થવું એ આપણું સૌભાગ્ય છે જેણે અહિલ્યાબાઈ હોલકર જેવા મહાનુભાવોને પોષ્યા છે, જેમણે ભક્તો સોમનાથમાં પ્રાર્થના કરી શકે તે માટે ઉમદા પ્રયાસ કર્યો હતો. 1890ના દાયકામાં, સ્વામી વિવેકાનંદે સોમનાથની મુલાકાત લીધી હતી અને તે અનુભવથી તેઓ પ્રભાવિત થયા હતા.

તેમણે 1897 માં ચેન્નાઈમાં એક વ્યાખ્યાન દરમિયાન પોતાની લાગણી વ્યક્ત કરતા કહ્યું હતું કે, 'દક્ષિણ ભારતના આમાંના કેટલાક પ્રાચીન મંદિરો અને ગુજરાતના સોમનાથ જેવા મંદિરો તમને જ્ઞાનના અઢળક પાઠ શીખવશે, કોઈપણ પુસ્તકો કરતાં આ જાતિના ઈતિહાસમાં ઊંડી સમજ આપશે. જુઓ કે આ મંદિરો કેવી રીતે સો હુમલાઓ અને સો જીર્ણોધારન નિશાન ધરાવે છે, જે સતત નાશ પામતા રહ્યા અને ખંડેરોમાંથી સતત બહાર આવતા રહ્યા, નવપલ્લિત અને હંમેશાની જેમ મજબૂત! તે રાષ્ટ્રીય મન છે, તે રાષ્ટ્રીય જીવન-પ્રવાહ છે. તેને અનુસરો અને તે ગૌરવ તરફ દોરી જશે. જો તેને છોડી દેશો તો તમે નાશ પામશો; જે ક્ષણે તમે તે જીવન પ્રવાહની બહાર પગ મૂકશો, મૃત્યુ એ એકમાત્ર પરિણામ હશે, વિનાશ જ એકમાત્ર અસર હશે.'

સ્વતંત્રતા પછી સોમનાથ મંદિરના પુનઃનિર્માણની પવિત્ર ફરજ સરદાર વલ્લભભાઈ પટેલના સમર્થ હાથોમાં આવી. 1947 માં દિવાળીના સમયે એક મુલાકાતે તેમને એટલા પ્રભાવિત કર્યા કે તેમણે ત્યાં મંદિરના પુનઃનિર્માણની જાહેરાત કરી દીધી. અંતે, 11 મે 1951 ના રોજ, સોમનાથમાં એક ભવ્ય મંદિરના દ્વાર ભક્તો માટે ખુલ્યા અને ડૉ. રાજેન્દ્ર પ્રસાદ ત્યાં ઉપસ્થિત રહ્યા હતા. મહાન સરદાર સાહેબ આ ઐતિહાસિક દિવસ જોવા જીવિત નહોતા, પરંતુ તેમના સ્વપ્નની પૂર્તિ રાષ્ટ્ર સમક્ષ ગર્વથી ઊભી હતી. તત્કાલીન પ્રધાનમંત્રી, પંડિત જવાહરલાલ નેહરુ, આ ઘટનાક્રમથી બહુ ઉત્સાહિત નહોતા. તેઓ ઈચ્છતા ન હતા કે માનનીય રાષ્ટ્રપતિ તેમજ મંત્રીઓ આ વિશેષ કાર્યક્રમ સાથે જોડાય. તેમણે કહ્યું હતું કે આ ઘટનાએ ભારતની ખરાબ છાપ ઊભી કરી છે. પરંતુ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ અડગ રહ્યા અને બાકીનો ઈતિહાસ છે. સોમનાથનો કોઈ પણ ઉલ્લેખ કે. એમ. મુનશીના પ્રયાસોને યાદ કર્યા વિના અધૂરો છે, જેમણે સરદાર પટેલને ખૂબ જ અસરકારક રીતે સાથ આપ્યો હતો. 'સોમનાથ: ધ શ્રાઈન એટર્નલ' પુસ્તક સહિત સોમનાથ પરના તેમના કાર્યો અત્યંત માહિતીપ્રદ અને શિક્ષિત કરનારા છે.

ખરેખર, મુનશીજીના પુસ્તકનું શીર્ષક જણાવે છે તેમ, આપણે એવી સંસ્કૃતિ છીએ જે આત્મા અને વિચારોની શાશ્વતતા વિશે દ્રઢ વિશ્વાસ ધરાવે છે. ગીતાના પ્રખ્યાત શ્લોક "**नैनं छिन्दन्ति शस्त्राणि...**' માં દર્શાવ્યા મુજબ, જે શાશ્વત છે તે અવિનાશી છે એવું આપણે દ્રઢપણે માનીએ છીએ. આપણી સભ્યતાના અદમ્ય ઉત્સાહનું સોમનાથથી વધુ સારું ઉદાહરણ બીજું કોઈ હોઈ શકે નહીં, જે મુશ્કેલીઓ અને સંઘર્ષો પર વિજય મેળવીને ભવ્ય રીતે ઊભું છે.

જય સોમનાથ!

(શ્રી નરેન્દ્ર મોદી ભારતના પ્રધાનમંત્રી છે અને શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ પણ છે)

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## વડોદરામાં ક્રિકેટનો જશ્ન : બીસીએ સ્ટેડિયમ કોટંબીમાં જામશે ક્રિકેટનો જંગ

# ભારત-ન્યૂઝીલેન્ડ વનડે સિરીઝ અને WPLનું આયોજન

(એજન્સી) વડોદરા । તા. 05

સંસ્કારી નગરી વડોદરા માટે વર્ષ ૨૦૨૬ની શરૂઆત ક્રિકેટના રોમાંચથી થવા જઈ રહી છે. ન્યૂઝીલેન્ડની ટીમ ભારત પ્રવાસે આવી રહી છે, જેની શરૂઆત ૧૧ જાન્યુઆરીએ વડોદરાના કોટંબી સ્થિત નવા બીસીએ (BCA) સ્ટેડિયમ ખાતે રમાનારી પ્રથમ વનડે મેચથી થશે. આ સિવાય વડોદરાના આંગણે પહેલીવાર મહિલા પ્રીમિયર લીગ (WPL) ની પણ ધમાકેદાર એન્ટ્રી થઈ રહી છે, જેમાં લીગ મેચોથી લઈને ગ્રાન્ડ ફિનાલે સુધીના આયોજનો કરવામાં આવ્યા છે. ૧૫ વર્ષના લાંબા વિરામ બાદ વડોદરામાં આંતરરાષ્ટ્રીય મેચ રમાવા જઈ રહી હોવાથી ક્રિકેટ ચાહકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



### ભારત-ન્યૂઝીલેન્ડ વનડે શ્રેણીનું શેડ્યૂલ

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ત્રણ વનડે મેચોની શ્રેણી રમાશે. જેનો પ્રારંભ ૧૧ જાન્યુઆરીએ વડોદરાથી થશે. ત્યારબાદ બીજી વનડે ૧૪ જાન્યુઆરીએ રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં અને ત્રીજી વનડે ૧૮ જાન્યુઆરીએ ઈન્દોરના હોલ્કર સ્ટેડિયમમાં યોજાશે. આ તમામ મેચો ડે-નાઈટ રહેશે, જે બપોરે ૧:૩૦ વાગ્યે શરૂ થશે. ફેબ્રુઆરીમાં યોજાનાર ટી-૨૦ વર્લ્ડ કપ પહેલાની આ શ્રેણી બંને ટીમો માટે પ્રેક્ટિસ અને વ્યૂહરચનાની દ્રષ્ટિએ અત્યંત મહત્વની માનવામાં આવી રહી છે.

### વડોદરામાં ટીમોનું આગમન અને તૈયારીઓ

આગામી ૭ જાન્યુઆરીએ ભારત અને ન્યૂઝીલેન્ડની ટીમો વડોદરા આવી પહોંચશે. ભારતીય ટીમ માટે હયાત હોટલ અને ન્યૂઝીલેન્ડ માટે વેલકમ હોટલમાં રોકાણની વ્યવસ્થા કરવામાં આવી છે. ૮ જાન્યુઆરીથી ખેલાડીઓ બીસીએ સ્ટેડિયમ ખાતે પ્રેક્ટિસ શરૂ કરશે. ઉલ્લેખનીય છે કે છેલ્લે ૨૦૧૦માં વડોદરામાં આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ હતી, જેમાં ગૌતમ ગંભીર અને વિરાટ કોહલીએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. હવે વર્ષો બાદ ફરી વડોદરાના મેદાન પર રોહિત શર્મા અને વિરાટ કોહલીને જોવા માટે ચાહકો આતુર છે.

### WPL 2026: વડોદરા બનશે ફાઈનલનું સાક્ષી

મહિલા પ્રીમિયર લીગ (WPL) ની શરૂઆત ૯ જાન્યુઆરીથી મુંબઈના ડી.વાય. પાટીલ સ્ટેડિયમમાં થશે, જ્યાં પ્રથમ ૧૧ મેચો રમાશે. ત્યારબાદની તમામ ૧૧ મહત્વની મેચો વડોદરાના કોટંબી સ્ટેડિયમ ખાતે યોજાશે. વડોદરામાં પહેલી મેચ ૧૯ જાન્યુઆરીએ ગુજરાત જાયન્ટ્સ અને આરસીબી વચ્ચે જામશે. સૌથી ખાસ વાત એ છે કે આ વખતે WPL ની એલિમિનેટર (૩ ફેબ્રુઆરી) અને ફાઈનલ મેચ (૫ ફેબ્રુઆરી) પણ વડોદરાના આંગણે જ રમાવાની છે.

જાન્યુઆરી મહિનામાં ક્રિકેટના શોખીનો માટે વડોદરામાં મેચોની વણઝાર લાગશે. WPL દરમિયાન ૧૦ અને ૧૭ જાન્યુઆરીએ શનિવારે ડબલ-હેડર્સ મેચો રમાશે, જેમાં મુંબઈ ઈન્ડિયન્સ, દિલ્હી કેપિટલ્સ અને યુપી વોરિયર્સ જેવી ટીમો ટકરાશે. બીસીએ દ્વારા નવા સ્ટેડિયમમાં તમામ સુવિધાઓ સજ્જ કરવામાં આવી છે, જેથી આંતરરાષ્ટ્રીય અને લીગ મેચોનું સફળ આયોજન થઈ શકે. વડોદરાના ખેલપ્રેમીઓ માટે આ એક ઐતિહાસિક તક છે જ્યાં તેઓ પુરુષ અને મહિલા ક્રિકેટના સ્ટાર્સને લાઈવ નિહાળી શકશે.

---

## શ્રદ્ધા કે બેદરકારી? સુરત આસ્થાનું અપમાન કરતા દ્રશ્યો સામે આવ્યા



સુરત: સુરત શહેર, જે પોતાની સમૃદ્ધિ અને ધાર્મિકતા માટે જાણીતું છે, ત્યાં હાલમાં એક અત્યંત વિચલિત કરનારી પરિસ્થિતિ જોવા મળી રહી છે. જે દેવી-દેવતાઓની તસવીરો અને પ્રતિમાઓની લોકો વર્ષો સુધી ઘરમાં પૂજા કરે છે, તે જ મંદિરો (દેવલિયા) જ્યારે જૂના થાય છે ત્યારે તેને આદરપૂર્વક વિસર્જન કરવાને બદલે રસ્તાના ખૂણે કે કચરાના ઢગલામાં ફેંકી દેવામાં આવે છે. આ પ્રકારની બેદરકારીને કારણે સુરતના રસ્તાઓ પર આસ્થાનું અપમાન થતું હોવાની ફરિયાદો ઉઠી છે. રસ્તા પર રઝળતી શ્રદ્ધા અને અત્યાર સુધીની પરિસ્થિતિ સુરતના અનેક વિસ્તારોમાં નવા ઘરના રિનોવેશન કે સ્થળાંતર સમયે લોકો જૂના લાકડાના કે માર્બલના મંદિરોને રસ્તા પર બિનવારસી હાલતમાં છોડી દે છે. મીડિયા અહેવાલ મુજબ, આ મંદિરોમાં ઘણીવાર ભગવાનના ફોટા અને પ્રતિમાઓ પણ તેટલી જ અપમાનજનક સ્થિતિમાં જોવા મળે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જે પ્રતિમાઓને સવારે શ્રદ્ધાથી દીવો-અગરબત્તી કરવામાં આવતી હતી, તે જ પ્રતિમાઓ હવે રસ્તા પર ધૂળ ખાઈ રહી છે, જેનાથી શ્રદ્ધાળુઓની લાગણીને ભારે ઠેસ પહોંચી રહી છે.

---

## વિશ્વાસઘાતની પરાકાષ્ઠા રાજકોટ નર્સ છેતરપિંડી કેસમાં 8.50 લાખ રૂપિયાની લૂંટ

(એજન્સી) રાજકોટ । તા. 05

શહેરમાં માનવતા અને વિશ્વાસને શરમાવે તેવી એક ઘટના સામે આવી છે. રાજકોટની એક ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે સેવા આપતી મહિલાને લગ્નની જાળમાં ફસાવી, તેનું શારીરિક શોષણ કરી લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી છે. ભગવતીપરામાં રહેતા બાબાશા યાશીનશા પઠાણ નામના શખ્સે પોતે અપરિણીત હોવાનું કહી મહિલા સાથે પ્રેમ સંબંધ બાંધ્યો અને ત્યારબાદ તેની પાસેથી ૮.૫૦ લાખ રૂપિયા તેમજ સોનાનો ચેઈન પડાવી લીધો હતો.



પ્રેમજાળ અને છેતરપિંડીનો ઘટનાક્રમ આ ઘટનાની શરૂઆત વર્ષ ૨૦૨૨માં થઈ હતી, જ્યારે આરોપી બાબાશાના પિતા હોસ્પિટલમાં દાખલ હતા. તે દરમિયાન નર્સ સાથે તેની મુલાકાત થઈ હતી. બાબાશાએ પોતે કુંવારો હોવાનું જૂઠું બોલી નર્સને લગ્નની લાલચ આપી હતી અને અવારનવાર હોટલ તેમજ રૂમ પર બોલાવી શારીરિક સંબંધ બાંધ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, જ્યારે નર્સને ખબર પડી કે બાબાશા પરિણીત છે, ત્યારે તેણે સંબંધ તોડી નાખ્યા હતા, પરંતુ આરોપીએ ફરીથી પત્ની સાથે રહેવું નથી તેમ કહી તેને મનાવી લીધી હતી.

નાણાકીય લૂંટ અને છેલ્લી ઘડીનો દગો સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ સમયગાળા દરમિયાન આરોપીએ નર્સ પાસેથી કટકે-કટકે રૂા. ૮.૫૬ લાખ હાથ ઉછીના લીધા હતા અને ૮ ગ્રામનો સોનાનો ચેઈન પણ પહેરવા માટે લઈ લીધો હતો.

---



## શાળામાં બજારનું વાતાવરણ: વિદ્યાર્થીઓને વ્યવહારૂ જીવનમાં ઉપયોગી થાય તેવા બજાર પાઠ ભણાવાયા

(એજન્સી) સુરત । તા. 05

સામાન્ય રીતે સરકારી શાળાઓ વિવાદોમાં ઘેરાયેલી રહેતી હોય છે, પરંતુ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની એક શાળાએ શિક્ષણ જગતમાં નવો ચીલો ચાતર્યો છે. સેન્ટ્રલ ઝોનમાં આવેલી શાળા ક્રમાંક ૫૫ માં શિક્ષકોએ વિદ્યાર્થીઓને માત્ર પાઠ્યપુસ્તકનું જ્ઞાન આપવાને બદલે વ્યવહારુ જીવનમાં ઉપયોગી થાય તેવા 'બજાર' ના પાઠ ભણાવ્યા છે. શાળા કેમ્પસમાં જ આબેહૂબ બજારનું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું, જ્યાં વિદ્યાર્થીઓ જ દુકાનદાર અને ગ્રાહક બન્યા હતા.

પુસ્તકિયા જ્ઞાનને જીવંત કર્યું અને અત્યાર સુધીની પરિસ્થિતિ ધોરણ ૭ ના સામાજિક વિજ્ઞાન વિષયમાં 'બજાર' નામનો પાઠ આવે છે. આ પાઠમાં આવતા સાપ્તાહિક બજાર, ગુજરી બજાર અને મોર્ડન ઓનલાઈન બજારના પ્રકારોને બાળકો સરળતાથી સમજી શકે તે માટે આ પ્રયોગ હાથ ધરાયો હતો.

મીડિયા અહેવાલ મુજબ, શાળાના પ્રાંગણમાં વિવિધ સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, બાળકોએ પોતે જ ચીજવસ્તુઓના ભાવ નક્કી કર્યા હતા અને વેચાણ માટે ગ્રાહકોને આકર્ષવાની કળા પણ શીખી હતી. વ્યવહારુ ગણિત અને બજારની સમજ આ પ્રવૃત્તિમાં માત્ર સામાજિક વિજ્ઞાન જ નહીં પણ ગણિતના પાઠ પણ વણાયેલા હતા

---

## કમિશનર એક્શન મોડમાં વડોદરા મ્યુનિસિપલ કમિશનર ચેકિંગથી પાલિકામાં ફફડાટ

(એજન્સી) વડોદરા । તા. 05

વડોદરા શહેરને સ્વચ્છ અને દબાણમુક્ત બનાવવા માટે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ કમર કસી છે. સોમવારે સવારે કમિશનરે પાલિકાની વોર્ડ નંબર ૧૩ અને ૧૪ની કચેરીની ઓચિંતી મુલાકાત લેતા અધિકારીઓમાં દોડધામ મચી ગઈ હતી. કમિશનરે માત્ર કાગળ પરની કામગીરી તપાસવાને બદલે, ફરિયાદ કરનારા નાગરિકોને જાતે ફોન કરીને કામગીરીનો સંતોષ મેળવ્યો હતો.



ફરિયાદોનું લાઈવ વેરીફિકેશન અને અત્યાર સુધીની પરિસ્થિતિ વોર્ડ ઓફિસમાં પહોંચીને કમિશનરે ડ્રેનેજ અને સફાઈ સંબંધિત ફરિયાદોના રજિસ્ટર તપાસ્યા હતા. તેમણે કેટલાક નાગરિકોને સ્થળ પરથી જ વળતો ફોન કર્યો હતો અને પૂછ્યું હતું કે, "તમારી ફરિયાદનું નિરાકરણ આવ્યું છે કે નહીં?" નાગરિકો તરફથી મળેલા સકારાત્મક પ્રતિસાદ પર તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, કમિશનરે સ્પષ્ટ કર્યું છે કે સફાઈ એ માત્ર કોર્પોરેશનની નહીં, પણ નાગરિકોની પણ જવાબદારી છે.

દબાણ અને ગંદકી સામે કડક વલણ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કમિશનરે જણાવ્યું હતું કે રોડ પર આડેધડ પાર્કિંગ અને લારી-ગલ્લાના દબાણો ચલાવી લેવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે, "રસ્તાઓ વાહન ચલાવવા માટે છે, દબાણ માટે નહીં." ૧ ટકા લોકો જે જાણી જોઈને ગંદકી ફેલાવે છે તેમની સામે કડક દંડનીય કાર્યવાહી કરવાની સૂચના પણ આપવામાં આવી છે. ખંડેરાવ માર્કેટ વિસ્તારથી નવેસરથી સફાઈ અભિયાન શરૂ કરી શહેરની કાયાપલટ કરવાનું આયોજન ઘડવામાં આવ્યું છે.

---

### સાવન ઉર્ફે લાલી વાઘેલા ધરપકડ

## વડોદરા જેલમાંથી મુખ્ય સૂત્રધારનો કબજો લેવાશે



રાજકોટ | રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને પડકારતા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. શહેરની નામચીન 'બાટલી ગેંગ' ના ૧૪ સભ્યો વિરુદ્ધ ક્રાઈમ બ્રાંચે સખત કાયદો 'ગુજસીટોક' (GUJCTOC) હેઠળ ગુનો દાખલ કરીને ૯ સભ્યોની ધરપકડ કરી છે. આ ટોળકી છેલ્લા ૧૦ વર્ષથી હત્યા, લૂંટ, ડ્રગ્સ વેચાણ અને હુમલા જેવા ગંભીર ગુનાઓ આચરીને પ્રજામાં ભય ફેલાવતી હતી. ગેંગનો ઈતિહાસ અને અત્યાર સુધીની પરિસ્થિતિ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, બાટલી ગેંગ વિરુદ્ધ ૨૦૧૬ થી ૨૦૨૫ દરમિયાન કુલ ૫૭ જેટલા ગુના નોંધાયા છે, જેમાંથી ૩૦ ગુના અત્યંત ગંભીર પ્રકારના છે. આ ગેંગનો મુખ્ય સૂત્રધાર સાવન ઉર્ફે લાલી સંજય વાઘેલા હાલમાં પાસા (PASA) હેઠળ વડોદરા જેલમાં બંધ છે, જેનો કબજો પોલીસ ટૂંક સમયમાં લેશે. મીડિયા અહેવાલ મુજબ, આ ગેંગ માત્ર સામાન્ય નાગરિકો જ નહીં પરંતુ સરકારી અધિકારીઓ પર હુમલા કરવામાં પણ અચકાતી ન હતી.

---

### આગામી ૪૮ કલાક ઉત્તર ભારતના ઠંડા પવનોની રહેશે અસર

# વડોદરા લઘુત્તમ તાપમાન અપડેટ: પારો 13.2 ડિગ્રીએ પહોંચતા ઠંડી વધી

(એજન્સી) વડોદરા । તા. 05

સંસ્કારી નગરી વડોદરામાં નવા વર્ષના પ્રારંભ સાથે જ ઠંડીએ પોતાનું જોર બતાવવાનું શરૂ કર્યું છે. છેલ્લા બે દિવસથી ઉત્તર દિશા તરફથી ફૂંકાતા બરફીલા પવનોને કારણે વડોદરાના લઘુત્તમ તાપમાનમાં ૧ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. સોમવારે વહેલી સવારે શહેર ઘાટા ધુમ્મસ અને ઝાકળની ચાદરમાં લપેટાયેલું જોવા મળ્યું હતું, જેના કારણે જનજીવન પર વ્યાપક અસર પડી છે. તાપમાનમાં ઘટાડો અને અત્યાર સુધીની પરિસ્થિતિ હવામાન વિભાગના આંકડા મુજબ, વડોદરાનું લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. વહેલી સવારે કાતિલ પવનના કારણે માર્ગો પર ચહલપહલ ઓછી જોવા મળી હતી. મીડિયા અહેવાલ મુજબ, મોર્નિંગ વોક પર નીકળતા લોકો, શાળાએ જતા વિદ્યાર્થીઓ અને વહેલી સવારે કામ પર જનારા શ્રમિકો ઠંડીથી બચવા માટે ગરમ કપડાંનો સહારો લેતા નજરે પડ્યા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, શહેરના સરહદી વિસ્તારો અને ખુલ્લા મેદાનોમાં ઠંડીની તીવ્રતા વધુ અનુભવાઈ હતી.

આરોગ્ય અને તકેદારીના પગલાં ઠંડીના અચાનક વધારાને પગલે આરોગ્ય વિભાગ દ્વારા ખાસ સૂચનાઓ જારી કરવામાં આવી છે. ખાસ કરીને વૃદ્ધો અને નાના બાળકોને શ્વાસ સંબંધી તકલીફો ન થાય તે માટે વહેલી સવારે બહાર નીકળવાનું ટાળવા



અને પૌષ્ટિક ગરમ ખોરાક લેવા સલાહ આપવામાં આવી છે. આયુર્વેદિક ઉપચાર તરીકે લોકો વસાણા, કચુંબર અને ગરમ ઉકાળાનું સેવન વધારી રહ્યા છે.

જાણો સમગ્ર ઘટનાક્રમ અને આગામી આગાહી હવામાન નિષ્ણાતોના મતે ઉત્તર ભારતમાં થઈ રહેલી હિમવર્ષાને કારણે સમગ્ર ગુજરાતમાં હજુ બે થી ત્રણ દિવસ સુધી ઠંડીનું મોજું યથાવત રહી શકે છે. જોકે, દિવસ દરમિયાન સૂર્યપ્રકાશને કારણે તાપમાનમાં થોડો વધારો થશે, જેનાથી બપોરના સમયે ઠંડીમાં આંશિક રાહત મળી શકે છે. ઝાકળને કારણે હાઈવે પર વિઝિબિલિટી ઓછી રહેતા વાહન ચાલકોને સાવચેતીપૂર્વક વાહન હંકારવા પણ સૂચના અપાઈ છે.

---

### ડી બાબુલાલ આંગડિયા પેઢી વિવાદ

## આંગડિયા પેઢીએ વિશ્વાસનો વેપાર કરી ધુંબો માર્યો મોરબી આંગડિયા પેઢી ઠગાઈ

(એજન્સી) મોરબી । તા. 05

વિશ્વાસના પાયા પર ચાલતા આંગડિયા વ્યવસાયમાં મોરબીમાં એક કલંક સમાન ઘટના સામે આવી છે. મોરબીના જૂના બસ સ્ટેન્ડ પાસે આવેલી 'ડી બાબુલાલ આંગડિયા પેઢી' દ્વારા કચ્છના બે ટ્રાન્સપોર્ટરોના અંદાજે રૂ. ૪૬.૪૫ લાખ ઓળવી જવાની ફરિયાદ નોંધાતા વેપારી આલમમાં ચકચાર મચી ગઈ છે. સિરામિક એકમોને કોલસો સપ્લાય કર્યા બાદ ટ્રક ભાડા પેટે જમા થયેલા નાણાં હડપ કરી જનાર પેઢીના માલિક અને કર્મચારી વિરુદ્ધ એ-ડિવિઝન પોલીસમાં ગુનો નોંધાયો છે.

છેતરપિંડીની મોડસ ઓપરેન્ડી અને અત્યાર સુધીની પરિસ્થિતિ ભુજના ટ્રાન્સપોર્ટર કલ્પેશભાઈ રમેશભાઈ ઠક્કર મોરબીના સિરામિક ઉદ્યોગમાં કોલસો પહોંચાડવાનું કામ કરે છે. તેઓ અને તેમના સંબંધી સુનીલભાઈ ભાડાની લેતી-દેતી માટે વર્ષોથી ડી બાબુલાલ પેઢીનો ઉપયોગ કરતા હતા. કલ્પેશભાઈના રૂ. ૨૫.૦૧ લાખ અને સુનીલભાઈના રૂ. ૨૧.૪૩ લાખ મળી કુલ રૂ. ૪૬.૪૫ લાખ પેઢીમાં જમા થયા હતા. મીડિયા અહેવાલ મુજબ, જ્યારે વેપારીએ નાણાંની માંગણી કરી ત્યારે કર્મચારી દિલીપસિંહ ગોહિલ ફોન બંધ કરી ફરાર થઈ ગયો હતો.

વિશ્વાસઘાત અને પોલીસ ફરિયાદ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વેપારી જ્યારે રૂબરૂ પેઢી પર પહોંચ્યા ત્યારે માલિક જગદીશભાઈ ઉર્ફે જગાભાઈ પટેલે આશ્વાસન આપીને સમય પસાર કર્યો હતો. પરંતુ લાંબો સમય વિતવા છતાં નાણાં પરત ન મળતા અને અંતે માલિકે પણ સંપર્ક કાપી નાખતા વેપારીને પોતે છેતરાયા હોવાનો અહેસાસ થયો હતો. આખરે ટ્રાન્સપોર્ટરે માલિક જગદીશ પટેલ અને કર્મચારી દિલીપસિંહ ગોહિલ સામે વિશ્વાસઘાત અને ઠગાઈની ફરિયાદ નોંધાવી છે. જાણો સમગ્ર ઘટનાક્રમ અને સિરામિક સીટીમાં ગભરાટ મોરબીના સિરામિક હબમાં આંગડિયા પેઢીઓ દ્વારા રોજેરોજ કરોડોના વ્યવહારો થાય છે.

---

### દંતેશ્વર વુડા આવાસ દુર્ઘટના:

## પતિ માટે રસોઈ કરતી વેળાએ સર્જાયો અકસ્માત



વડોદરા | વડોદરા શહેરના દંતેશ્વર વિસ્તારમાં આવેલા વુડાના મકાનોમાં આજે સવારે ગેસ લીકેજને કારણે આગ લાગવાની ઘટના બનતા સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો. પતિ માટે ટિફિન તૈયાર કરી રહેલી પત્ની જ્યારે રસોઈમાં વ્યસ્ત હતી, ત્યારે અચાનક ગેસ સિલિન્ડરમાંથી લીકેજ થતા આગ ભભૂકી ઉઠી હતી. જોકે, ફાયર બ્રિગેડની સમયસૂચકતાને કારણે કોઈ મોટી જાનહાનિ થઈ નથી. ઘટનાની વિગત અને અત્યાર સુધીની પરિસ્થિતિ દંતેશ્વર ખાતેના વુડા આવાસના મકાન નંબર 608 માં અલ્પેશભાઈ રાઠવા પોતાના પરિવાર સાથે રહે છે. સોમવારે સવારે અલ્પેશભાઈને કંપનીએ જવાનું હોવાથી તેમના પત્ની ટિફિન બનાવી રહ્યા હતા. તે દરમિયાન ગેસના બોટલમાં લીકેજ હોવાથી અચાનક આગ પકડાઈ હતી. મીડિયા અહેવાલ મુજબ, આગ લાગતા જ પરિવારના પાંચેય સભ્યોમાં દોડધામ મચી ગઈ હતી.

---

### રાવપુરા પોલીસે ૭ આરોપીઓ વિરુદ્ધ નોંધી FIR, તલવારો અને લાકડીઓ સાથે થયેલા હુમલામાં ૪ ઈજાગ્રસ્ત

# વડોદરાના લાલબાગ બ્રિજ નીચે બે જૂથ વચ્ચે લોહિયાળ જંગ

(એજન્સી) વડોદરા । તા. 05

સંસ્કારી નગરી વડોદરામાં રવિવારે રજાના દિવસે કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા. શહેરના વ્યસ્ત લાલબાગ બ્રિજ નીચે બપોરના સમયે કોઈ વસ્તુ વેચવા જેવી સામાન્ય બાબતે એક જ કોમના બે જૂથો આમને-સામને આવી ગયા હતા. વાત માત્ર બોલાચાલીથી શરૂ થઈ હતી, પરંતુ જોતજોતામાં મામલો બિચક્યો અને તલવારો તેમજ લાકડીઓ જેવા ઘાતક હથિયારો સાથે સશસ્ત્ર ધીંગાણું શરૂ થઈ ગયું હતું. આ હિંસક અથડામણમાં કુલ ૪ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, લાલબાગ બ્રિજ નીચે ખાવાની ચીજવસ્તુઓ વેચવાના વ્યવસાયને લઈને આ બંને પક્ષો વચ્ચે લાંબા સમયથી મનદુઃખ ચાલી રહ્યું હતું. રવિવારે બપોરે આ મુદ્દે ફરી



રકઝક થતા મામલો હિંસક બન્યો હતો. હથિયારધારી ટોળાં એકબીજા પર તૂટી પડતા સ્થાનિક બજારમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં તંગદિલી વ્યાપી ગઈ હતી.

આ મારામારીમાં નીચે મુજબના વ્યક્તિઓને શરીરના વિવિધ ભાગો પર ગંભીર ઈજાઓ પહોંચી છે: જશપાલસિંહ ટાંક, અર્જુનસિંહ ટાંક, કાંતિસિંહ દુધાણી. આરોપ છે કે જશપાલસિંહ અને અર્જુનસિંહ પર બચ્ચુંસિંહે તલવાર વડે હુમલો કર્યો હતો, જ્યારે કાંતિસિંહ પર પોતુંસિંહે ઘાતક પ્રહાર કર્યા હતા. હાલમાં તમામ ઈજાગ્રસ્તોની હાલત સ્થિર હોવાનું તબીબી સૂત્રોએ જણાવ્યું છે.

### પોલીસની કડક કાર્યવાહી

રાવપુરા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે આ મામલે કડક વલણ અપનાવી બંને પક્ષના કુલ ૭ શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. જેમાં બચુસિંગ, પોનુંસિંગ, આઈસિંગ, અર્જુન, જસપાલ અને ક્રાંતિસિંગ સહિત એક અજાણ્યા શખ્સનો સમાવેશ થાય છે.

---

### કપુરાઈ પોલીસ સ્ટેશન કાર્યવાહી

## મધરાતે પોલીસનો ધાક વડોદરા જુગાર દરોડોમાં 6 શખ્સો જેલભેગા

(એજન્સી) વડોદરા । તા. 05

શહેરના પૂર્વ વિસ્તારમાં આવતા વાઘોડિયા રોડ પર કપુરાઈ પોલીસે મધરાતે ઓચિંતો દરોડો પાડી જુગાર રમતા ૬ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. વૃંદાવન ચાર રસ્તા પાસે આવેલા બોમ્બે સેલ નજીક જાહેરમાં હાર-જીતનો જુગાર રમી રહેલી આ ટોળકી પાસેથી પોલીસે રોકડ રકમ, મોબાઈલ ફોન અને વાહનો સહિત કુલ રૂ. ૮૭ હજારથી વધુની મત્તા કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બાતમી અને પોલીસ કાર્યવાહી ગઈકાલે રાત્રે આશરે ૨ વાગ્યાના સુમારે કપુરાઈ પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે વૃંદાવન ચાર રસ્તા પાસે કેટલાક શખ્સો એકત્રિત થઈને જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે તુરંત જ વ્યૂહરચના ઘડીને દરોડો પાડ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, પોલીસની ટીમ જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ પોલીસે ઘેરાબંધી કરીને તમામ ૬ શખ્સોને દબોચી લીધા હતા. ઝડપાયેલા આરોપીઓ અને મુદ્દામાલની વિગત સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ઝડપાયેલા આરોપીઓમાં ઈનાયતશા દિવાન, જુબેર મેમણ, સાગર સોની, કલ્પેશ રાવળ, સંતોષ કહાર અને વિષ્ણુ વસાવાનો સમાવેશ થાય છે. પોલીસે ઘટનાસ્થળેથી અંગજડતીના રૂ. ૩૬૦૦ અને દાવ પરના રૂ. ૭૦૦ મળી કુલ રૂ. ૪૩૦૦ રોકડા કબજે કર્યા હતા. આ ઉપરાંત, રૂ. ૨૮ હજારની કિંમતના ૫ નંગ મોબાઈલ ફોન અને રૂ. ૫૫ હજારની કિંમતના બે મોપેડ મળી કુલ રૂ. ૮૭,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. તમારા મિત્રો સાથે તમે વિતાવેલા સારા સમયને યાદ કરી મિત્રતાને નવપલ્લવિત કરવાનો સમય.

**મિથુન : ક. છ. ઘ.**

કોઈ હાઈ-પ્રૉફાઈલ વ્યક્તિને મળી ને નર્વસ થઈ તમારો આત્મવિશ્વાસ ખોઈ ન બેસતા.જેમ ધંધા માટે મૂડી જરૂરી છે તેમ સારા સ્વાસ્થ્ય માટે આત્મવિશ્વાસ આવશ્યક છે. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો.

**કર્ક : ડ. હ.**

તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે.

**સિંહ : મ. ટ.**

બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશબોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો.

**તુલા : ર. ત.**

ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થઈ શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારી હતાશાની લાગણીને તમારા પર કાબૂ મેળવવા દેતા નહીં. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે.

**મકર : ખ. જ.**

લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. પારિવારિક મોરચે સ્વસ્થતા જણાય છે અને તમારી યોજનાઓમાં તેમના સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખી શકો છો.

**મીન : દ. ચ. ઝ. થ.**

લાગણીની દૃષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો.

### ફ્લાઈંગ સ્ક્વોડ દરોડો

## વાલ્લા શેઢી નદી રેતી ખનન પર ગાંધીનગરની ત્રાટકતી ટુકડી



નડિયાદ: ખેડા જિલ્લામાં ખનીજ માફિયાઓના મનોબળ એટલા વધ્યા છે કે નદીઓના પટ ચીરીને કુદરતી સંપત્તિની લૂંટ ચલાવવામાં આવી રહી છે. નડિયાદ તાલુકાના વાલ્લા ગામ નજીક શેઢી નદીના પટમાં લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદે રેતી ખનન પર અંતે ગાંધીનગરની રાજ્ય કક્ષાની તપાસ ટુકડીએ ત્રાટકીને મોટી સફળતા મેળવી છે. સ્થાનિક તંત્રના આંખ આડા કાન વચ્ચે ગાંધીનગરની ફ્લાઈંગ સ્ક્વૉડે કરેલી આ કાર્યવાહીથી સમગ્ર પંથકમાં ખનીજ ચોરોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી.ગાંધીનગરની ટુકડી ત્રાટકતા ચાલકો વાહનો મૂકી ફરાર વાલ્લા ગામની સીમમાં શેઢી નદીના પટમાં મોટા પાયે ગેરકાયદે ખનન થઈ રહ્યું હોવાની ચોક્કસ બાતમીના આધારે ગાંધીનગર ફ્લાઈંગ સ્ક્વૉડે અચાનક દરોડો પાડ્યો હતો. સરકારી ગાડીઓનો કાફલો જોઈને રેતી ચોરી કરી રહેલા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. સ્થળ પર રેતીનું ખોદકામ કરી રહેલા જેસીબી મશીન અને બે ડમ્ફરના ચાલકો વાહનો રસ્તામાં જ મૂકીને અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હતા. આ મામલે મીડિયા અહેવાલ મુજબ, એક ડમ્ફર ચાલકે ભાગવાની ઉતાવળમાં રોડની રેલીંગ તોડી નાખી હતી અને વાહન વીજ થાંભલા સાથે અથડાવ્યું હતું, જેના કારણે વીજ પુરવઠાને નુકસાન પહોંચ્યું છે.સ્થાનિક ખાણ ખનીજ વિભાગની ભૂમિકા શંકાના દાયરામાં શેઢી નદીમાં જે રીતે બેરોકટોક મશીનો લગાવીને રેતી ચોરી થતી હતી, તે જોતા સ્થાનિક ખાણ ખનીજ વિભાગની કાર્યશૈલી પર અનેક પ્રશ્નાર્થો ઊભા થયા છે.

### ગુજરાત મહાનગરપાલિકા ક્રિકેટ સ્પર્ધા ૨૦૨૬ રમતગમત ઉત્સવ

# ભાવનગર આંતર કોર્પોરેશન ક્રિકેટ ટૂર્નામેન્ટ માટે ખેલાશે જંગ

(એજન્સી) ભાવનગર | તા.05

ગોહિલવાડની ધરતી પર આવતીકાલથી ક્રિકેટના રણશિંગા ફૂંકાવા જઈ રહ્યા છે. ભાવનગર મહાનગરપાલિકાના યજમાન પદે આયોજિત ઓલ ગુજરાત આંતર કોર્પોરેશન ક્રિકેટ ટૂર્નામેન્ટનો મંગળવારથી ભવ્ય પ્રારંભ થઈ રહ્યો છે. આ રમત ઉત્સવમાં રાજ્યની આઠ મોટી મહાનગરપાલિકાઓના કમિશનર અને મેયરની ટીમો જીતના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. શહેરમાં ક્રિકેટનો જબરદસ્ત માહોલ જોવા મળી રહ્યો છે અને તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.સીત્તેર લાખના ખર્ચે ભવ્ય આયોજન આ વર્ષે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા યજમાન તરીકે આ સ્પર્ધા પાછળ અંદાજે 70 લાખ રૂપિયાથી વધુનો માતબર ખર્ચ કરવામાં આવ્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આ જંગી ખર્ચને પહોંચી વળવા માટે વિવિધ ખાનગી કંપનીઓ પાસેથી ફંડ એકત્રિત કરવામાં આવ્યું છે. જો હજુ પણ વધુ ભંડોળની જરૂરિયાત ઊભી થશે, તો મહાપાલિકા પોતાના સ્વભંડોળમાંથી બાકીની રકમ ચૂકવશે. આ રકમનો ઉપયોગ ખેલાડીઓની સુવિધાઓ, ભોજન, રહેઠાણ અને મેદાનની સજાવટ



માટે કરવામાં આવ્યો છે.ઐતિહાસિક મેદાનો પર જામશે મુકાબલો સમાચાર અનુસાર, આ મહાકુંભ માટે શહેરના ત્રણ અગ્રણી મેદાનોની પસંદગી કરવામાં આવી છે. જેમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ગ્રાઉન્ડ, ઐતિહાસિક સર ભાવસિંહજી ક્રિકેટ ગ્રાઉન્ડ અને રેલવે ગ્રાઉન્ડનો સમાવેશ થાય છે. આ ત્રણેય મેદાનો પર પિચ અને આઉટફિલ્ડને આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ તૈયાર કરવામાં આવ્યા છે. બહારથી આવતી 14 જેટલી ટીમો માટે શહેરની નામાંકિત ખાનગી હોટલોમાં રોકાણની વ્યવસ્થા કરવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા દસ સમિતિઓની રચના ટૂર્નામેન્ટના સુચારુ સંચાલન માટે મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ દસ અલગ-અલગ સમિતિઓની રચના કરવામાં આવી છે. જેમાં રહેઠાણ સમિતિ, ભોજન સમિતિ, ટ્રાન્સપોર્ટ સમિતિ અને ગ્રાઉન્ડ મેનેજમેન્ટ સમિતિ જેવી મહત્વની જવાબદારીઓ અધિકારીઓને સોંપવામાં આવી છે. મોટાભાગની ટીમો સોમવાર સાંજ સુધીમાં ભાવનગર પહોંચી જશે, જ્યારે બાકીની ટીમો મંગળવારની સવારે મેદાન પર હાજરી આપશે.

રાજકોટ મેયરની ગેરહાજરી અને ભાવનગરને લાભ એક મહત્વના અહેવાલ મુજબ, રાજકોટમાં વાયબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમોમાં વ્યસ્તતા હોવાને કારણે રાજકોટ મેયરની ટીમ આ સ્પર્ધામાં ભાગ લેવા માટે નહીં આવી શકે તેવી પ્રબળ શક્યતાઓ છે. આ સંજોગોમાં ભાવનગર મેયરની ટીમને સીધો ફાયદો થઈ શકે છે. ભાવનગરની પ્રથમ મેચ રાજકોટ સામે હોવાથી, ભાવનગરને રમ્યા વગર જ 'વોકઓવર' મળી શકે છે, જેનાથી સેમીફાઈનલની સફર વધુ આસાન બનશે.મહેમાનો માટે હેરિટેજ પ્રવાસનું આયોજન ક્રિકેટની રમતની સાથે સાથે બહારથી આવતા અધિકારીઓ અને પદાધિકારીઓને ભાવનગરની સંસ્કૃતિથી પરિચિત કરાવવા માટે પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

## વડિયા ગામના ભક્તો 51 વર્ષથી ફાગવેલ પગપાળા સંઘ લઈને જતા આખું ગામ ઉમટ્યું

ભરત શાહ | નર્મદા | તા.05

નર્મદા જીલ્લાના નાંદોદ તાલુકાના વડિયા ગામ થી ભાથીજી દાદાના ભક્ત મહેશભાઈ વસાવા જેઓ મઢાભાઈ નામે ઓળખાતા હતા. તેઓએ 50 વર્ષ પહેલા ભાથીજીદાદા ના ધામ ફાગવેલ પગપાળા સંઘ લઈને ગયા હતા તેઓ જીવ્યા ત્યાં સુધી અખંડિત સંઘ લઈને વડિયા થી ફાગવેલ જતા મોટી સંખ્યામાં ભક્તો ગામના યુવાનો સાથે જોડાતા હતા. તેમના પછી આ પરંપરા તેમના



પુત્ર અશ્વિન વસાવા એ જાળવી રાખી અને વિનોદભાઈ વસાવા સહીત ભાથીજી દાદાના ભક્તો ભેગા મળી ને સંઘ લઈ ને જતા અને લોકો પોતાની યથા શક્તિ દાન પણ આપતા, હાલ આ સંઘ 51 માં વર્ષે ફાગવેલ જવા રવાના થયો જેમાં વડિયા ગામના સરપંચ બિંદિયાબેન, પૂર્વ સરપંચ મહેશ રજવાડી સહીત બિપિન વસાવા અને આખું ગામ સંઘ સાથે પગપાળા ગાંધી ચોક સુધી જોડાયું અને આગળ સંઘ ને રવાના કર્યો હતો.

### જમીન હડપવાનો કારસો બેનકાબ થયો

## વસઈ જમીન પચાવી પાડવાનું કૌભાંડમાં વકીલ સહિત ચાર ફસાયા

જામનગર: જામનગરના ગ્રામ્ય વિસ્તારમાં ભૂમાફિયાઓ અને કાયદાના રક્ષક ગણાતા વકીલોની મિલીભગતથી કરોડોની જમીન પચાવી પાડવાનું એક શરમજનક કૌભાંડ સામે આવ્યું છે. જામનગર નજીક સિક્કામાં રહેતા અને એકલવાયું જીવન જીવતા એક વૃદ્ધ મહિલાની અબજોની જમીન હડપ કરવા માટે બનાવટી દસ્તાવેજોનો ખેલ ખેલાયો હતો. આશરે ૧૦ કરોડની બજાર કિંમત ધરાવતી જમીન પચાવી પાડવાના આ કારસામાં રાજકોટ, ખંભાળિયાના શખ્સો અને એક વકીલ વિરુદ્ધ સિક્કા પોલીસ મથકે ગુનો નોંધાતા ખળભળાટ મચી ગયો છે. એકલવાયા જીવનનો લાભ લઈ ૧૦ કરોડની જમીન પર નજર સિક્કા વિસ્તારમાં રહેતા રંજનબેન નરશીભાઈ સુમરીયા નામના મહાજન વૃદ્ધા વસઈ ગામમાં વડીલોપાર્જિત ખેતીની જમીન ધરાવે છે. આ જમીનની વર્તમાન બજાર કિંમત આશરે ૧૦ કરોડ રૂપિયા જેટલી આંકવામાં આવે છે. વૃદ્ધા એકલવાયા હોવાનો ગેરલાભ ઉઠાવીને ખનીજ અને જમીન માફિયાઓએ આ કિંમતી જમીન પડાવવા માટે પદ્ધતિસરનું ષડયંત્ર રચ્યું હતું.

### મહુધામાં ખેતરમાંથી જુગાર રમતા 6 શખ્સો ઝડપાયા

નડિયાદ : મહુધા ઈરાની પાન પાર્લર પાછળ ખેતરમાંથી પત્તા પાનાનો જુગાર રમતા છ શખ્સો રોકડ રકમ રૂ. ૧૫,૨૯૦ સાથે ઝડપાયા હતા. બાતમી મળેલ કે, મહુધા ઈરાની પાન પાર્લર પાછળ ખુલ્લા ખેતરમાં કેટલાક શખ્સો પત્તા પાનાનો હાર જીતનો જુગાર રમી રહ્યાં છે. જેથી પોલીસે રેડ પાડતા પત્તા પાનાનો જુગાર રમતા શખ્સો સમીરહુસેન સાબીરમીયા મલેક, સાદહુસેન સાબીરહુસૈન મલેક, આશીકહુસેન જહીરહુસેન મલેક, મોહંમદઅનીશ ફરીદમીયા શેખ, મોહંમદતાહીર મોહંમદતોફીક શેખ અને મોહંમદજુનેદ અબ્બાસમીયા શેખ જુગારનું સાહિત્ય, રોકડ રૂ.૧૫,૨૯૦ સાથે ઝડપાયા હતા.

### ઉત્તરાયણ દરમ્યાન ઘાયલ થતાં

## પક્ષીઓને રેસ્કયુ કરીને સારવાર કરવા અંગે માર્ગદર્શન અપાયું...

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

કરુણા અભિયાન-26 અંતર્ગત પાંચમી જાન્યુઆરીના રોજ શ્રી નિષ્કલંકી નારાયણ સત્સંગ હોલ, અમદાવાદ ખાતે સામાજિક વનીકરણ વિભાગ, અમદાવાદ, સ્વંય સેવી સંસ્થાઓ તથા પશુપાલન વિભાગના ડૉક્ટરો દ્વારા એક દિવસીય વર્ક શોપ યોજાયો હતો. ગુજરાત રાજ્યના ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન ડૉ. જયપાલ સિંહ તથા મુખ્ય વન સંરક્ષકશ્રી, અમદાવાદ ડૉ. કે.રમેશના માર્ગદર્શન હેઠળ એક દિવસીય વર્ક શોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યશાળામાં ઉત્તરાયણ દરમ્યાન દોરીમાં ફસાયેલાં પક્ષીઓને કેવી રીતે સુરક્ષિત રાખવા અને પક્ષીઓને ઈજા થયેલ હોય ત્યારે કેવી રીતે સાવચેતી સાથે રેસ્કયુ કરવા, એ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું. જોખમવાળી જગ્યાઓ જેવી કે વીજળીના તાર, ઊંચાઈવાળી જગ્યાઓએ જાતે રેસ્કયુ ન કરતા હેલ્પલાઈન નંબર (૬૦૦૦૦૯૮૪૫/૪૬ ) ઉપર ફોન કરવા તાકીદ કરવામાં આવી.

### જખૌ બંદરમાં જેટી તથા હાર્બર બનશે

## કચ્છનો દરિયાકાંઠો 'બ્લૂ ઈકોનોમી'નું પાવરહાઉસ બનશે

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

આવનારા સમયમાં દેશના આર્થિક ગ્રોથમાં બ્લૂ ઈકોનોમી મહત્વપૂર્ણ ભાગ ભજવશે. ગુજરાતને મળેલા વિશાળ દરિયા કિનારામાં કચ્છ સૌથી વધુ દરિયાનો વિસ્તાર ધરાવે છે. ત્યારે આવનારા સમયમાં દેશમાં બ્લૂ ઈકોનોમીના વિકાસમાં કચ્છ મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. PM મોદી બ્લૂ ઈકોનોમી વિકસિત કરવા પર ભાર મુકતા તાજેતરમાં જ કહ્યું હતું કે, 'આપણે એક એવા ભવિષ્ય તરફ આગળ વધી રહ્યા છીએ, જ્યાં ગ્રીન પ્લેનેટના નિર્માણ માટે બ્લૂ ઈકોનોમી એક માધ્યમ બનશે.' ગુજરાતમાં દેશનો સૌથી લાંબો

દરિયાકિનારો છે, જે દેશમાં બ્લૂ ઈકોનોમીના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. રાજ્યમાં મત્સ્ય ઉત્પાદનમાં વધારો કરવા અને માછીમારોને આર્થિક રીતે વધુ સમૃદ્ધ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે પણ વિવિધ પ્રોત્સાહક પગલાંઓ અને નીતિઓ અમલમાં મૂક્યા છે. તેના પરિણામ સ્વરૂપે ગુજરાત આજે દરિયાઈ માછલીના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં બીજા સ્થાન પર છે.

### બ્લૂ ઈકોનોમી એટલે શું ?

બ્લૂ ઈકોનોમીનો અર્થ માત્ર માછીમારી કે જહાજવાડાથી જ નથી, પરંતુ સમુદ્ર આધારિત



સમગ્ર આર્થિક માળખાનો સમાવેશ થાય છે. જેમાં મરીન બાયોટેક્નોલોજી, ગ્રીન એનર્જી, ગહન સમુદ્ર સંશોધન, ઈકો-ટુરિઝમ, પોર્ટ- લોજિસ્ટિક્સ અને સ્માર્ટ ફિશિંગ વગેરેનો સમાવેશ થાય છે. સાયન્સ અને ટેક્નોલોજી મંત્રીશ્રી ડો.જીતેન્દ્ર સિંહના કહેવા મુજબ, બ્લૂ ઈકોનોમી ભારતની હરિત વિકાસ યાત્રાનું નવો પાયો બની શકે છે. બંદરોને આધુનિક બનાવવાની સાથે વેપારમાં ઝડપ લાવવા સરકારે સાગરમાલા પ્રોજેક્ટ અમલી કર્યો છે પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના માછીમારી ક્ષેત્રમાં બ્લૂ રિવોલ્યુશન લાવી રહી છે. હરિત સાગર ગાઈડલાઈનસ ઝીરો કાર્બન ઉત્સર્જન તરફ મહત્વપૂર્ણ પગલું છે.

મત્સ્યઉદ્યોગનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધે તેમજ માછીમારોની આજીવિકામાં વધારો થાય તેવા હેતુથી PM મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) સમગ્ર દેશમાં લાગુ કરી છે, જેમાં મત્સ્યોદ્યોગ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે.

### ભારતીય સંસ્કૃતિ, વિચારધારા અને જ્ઞાન પરંપરાની સમૃદ્ધ વિરાસતને આધુનિક શિક્ષણ સાથે જોડવાના ઉદ્દેશ્ય

# ડો. સુભાષ મહિલા આર્ટ્સ, કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજના ઉપક્રમે રાષ્ટ્રીય પરિસંવાદનું ભવ્ય આયોજન

નરેન્દ્ર દવે | જૂનાગઢ | તા.05

જૂનાગઢ સ્થિત ડો.સુભાષ મહિલા આર્ટ્સ, કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજના ઉપક્રમે તથા ઉચ્ચ શિક્ષણને વરેલી રૂસા (RUSA) યોજનાના સહયોગથી ભારતીય જ્ઞાન પરંપરાને કેન્દ્રમાં રાખી એક દિવસીય નેશનલ કોન્ફરન્સનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પરિસંવાદ ગિરનારની પાવન ગોદમાં આવેલ હોટલ આસોપાલવ ખાતે શનિવાર, તા. 10 જાન્યુઆરી 2026ના રોજ યોજાશે.

ભારતીય સંસ્કૃતિ, વિચારધારા અને જ્ઞાન પરંપરાની સમૃદ્ધ વિરાસતને આધુનિક શિક્ષણ સાથે જોડવાના ઉદ્દેશ્યથી આયોજિત આ પરિસંવાદની ઉદ્ઘાટન બેઠક વિશેષ ગૌરવસભર બનવાની છે. ઉદ્ઘાટન સમારોહમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રતાપસિંહજી ચૌહાણ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. તેમના સાથે સંસ્થાના વડા શ્રી જવાહરભાઈ ચાવડા, ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી દિલીપ રાણા તેમજ રૂસાના નોડલ ઓફિસરશ્રી યોગેશ યાદવના સાનિધ્યમાં સમગ્ર ઉપક્રમ યોજાશે. આ પરિસંવાદ દરમિયાન ભારતીય જ્ઞાન પરંપરાના ક્ષેત્રે વિશેષ પ્રાવિણ્ય ધરાવતા રાષ્ટ્રીય કક્ષાના વિદ્વાનો અને તજજ્ઞો, ડો. સંતોષકુમાર શુક્લ,( પ્રોફેસર, સ્કૂલ ઓફ સંસ્કૃત એન્ડ ઈન્ડીક સ્ટડીઝ જેએનયુ ન્યુ દિલ્હી) ડો.સુકાંતકુમાર સેનાપતિ ( વાઈસ ચાન્સેલરશ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ) ડો.રાજેશ વ્યાસ ( હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી ગોધરા) તથા ડો.અંબાદાન રોહડિયા ( ભૂતપૂર્વ અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ ગુજરાતી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ) ના અધ્યક્ષસ્થાને રહી વિવિધ શૈક્ષણિક બેઠકોમાં માર્ગદર્શન આપશે.

સંસ્થાના આચાર્યશ્રી બલરામભાઈ ચાવડાએ ભારતીય જ્ઞાન પરંપરા પર પ્રકાશ પાડતા ભારતીય જ્ઞાન પરંપરાના વિવિધ પાસાઓ જેમ કે ભારતીય જ્ઞાનપરંપરાનો અર્થ અને જીવન વ્યવસ્થામાં એના સ્થાન માન તેમજ તેમાં રહેલી 'સર્વે ભવન્તુ સુખિન' ની ભાવના કઈ રીતે પ્રગટે છે એની વાત કરી.

### જામનગર નજીક મોરકંડા ગામમાંથી ઘોડીપાસાની મિની ક્લબ ઝડપાઈ રૂપિયા 1.90 લાખની માલમતા સાથે 7 આરોપી પકડાયા

(એજન્સી) જામનગર | તા.05

જામનગર શહેર અને મોરકંડા ગામમાં પોલીસે જુગાર અંગે બે સ્થળે દરોડા પાડી 13 આરોપીઓની અટકાયત કરી લીધી છે, અને રૂપિયા બે લાખથી વધુની માલમતા કબજે કરી છે. જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને જુગારનો પ્રથમ દરોડો મોરકંડા ગામના પાટીયા પાસે પાડ્યો હતો. ત્યાંથી જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમી રહેલા 7 આરોપીઓની અટકાયત કરી લઈ રૂપિયા 1,90,500 ની માલમતા કબજે કરી છે. જ્યારે ધરાર નગર વિસ્તારમાંથી ગંજીપાના વડે જુગાર રમી રહેલા છ જુગારીઓની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી છે. જુગારનો પ્રથમ દરોડો જામનગર નજીક મોરકંડા ગામના પાટીયા પાસે પાડવામાં આવ્યો હતો. તેઓ પાસેથી રૂપિયા 14,490 ની રોકડ રકમ અને જુગારનો સામાન કબજે કર્યો છે.

## રાજપીપળા કસ્બાવાડ વિસ્તાર મા ડાયેરિયા ના કેસ નિકળતા પાલીકા દ્વારા પાણીનું ચેકીંગ હાથ ધરાયું

ભરત શાહ | નર્મદા | તા.05

રાજપીપળા શહેર ના કસ્બાવાડ વિસ્તાર માં ડાયરીયા ના કેસ જોવા મળતા નગરપાલિકા ની ટીમે શહેર માં પાણી ની ચકાસણી શરૂ કરી છે. મળતી માહિતિ મુજબ રાજપીપળા માં આવેલા કસ્બાવાડ વિસ્તાર માં તાજેતર માં ડાયરીયા ના 13 જેવા વ્યક્તિઓ નિકળતા આ ફરિયાદ પાલિકા માં આવતા પાલિકા ટીમે તાત્કાલિક આખા શહેર માં પાણી ની ચકાસણી હાથ ધરી છે, પાણીમાં ક્લોરિન ની માત્રા કેટલી છે તેની તપાસ હાલ હાથ ધરવામાં આવી છે રહી છે, જોકે પાણી ના ટેસ્ટિંગ માં ગયેલ પાલિકા ની ટીમ ના જણાવ્યા મુજબ પાલિકા ના પાણી માં ક્લોરિન યોગ્ય માત્ર માં જ છે અને આ પાણી થી કોઈ રોગચાળો થાય તેમ નથી તેવું જોવા મળ્યું છે. હજુ આખા શહેર માં પાણી ના ચેકીંગ ની કામગીરી ચાલી રહી છે કસ્બાવાડ વિસ્તાર માં



પાણીના કારણે ત્યાંના લોકો ને ડાયેરિયા થયો તેમ લાગતું નથી. અન્ય કોઈક કારણસર આમ બન્યું હોય શકે.

# પતંગની સાથે ઉતરાયણનો ત્યોહાર આપી રહ્યો છે, 'પતંગ બનાવટ તાલીમ' થકી મહિલાઓને રોજગારીની નવી ઉડાન

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

આકાશમાં ઉડતા રંગબેરંગી પતંગોથી જેમ આકાશ રંગીન બની જાય છે, તેમ પતંગ ઉદ્યોગમાં મહિલાઓની કુશળતાને વધુ મજબૂત બનાવતા ગુજરાત સરકાર સંચાલિત, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થા, ગાંધીનગર દ્વારા 'પતંગ બનાવટ તાલીમ' થકી મહિલાઓના જીવનમાં પણ, સધ્ધરતા, રોજગારી, સ્વાભિમાન, આત્મવિશ્વાસ, આત્મસન્માન અને આંખોમાં આત્મનિર્ભર હોવાની ચમક જેવા નવા રંગો ઉમેરાઈ રહ્યા છે. અને પોતાના જીવનમાં આ રંગો ઉમેરવા બદલ મહિલાઓ સરકારશ્રીનો આભાર વ્યક્ત કરી રહી છે.

સરકાર મહિલા ઉત્કર્ષ અને મહિલાઓને સ્વાવલંબી તથા પગભર બનાવી 'આત્મનિર્ભર ભારતની'નીવ મજબૂત બનાવી રહી છે. ત્યારે સાક્ષર મહિલાઓનેતો રોજગારીની તકો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે જ, પરંતુ નિરક્ષર અથવા સાવ ઓછું ભણેલી મહિલાઓની પણ સરકાર દરકાર કરી, તેમને પગભર થવા વિવિધ તાલીમ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યા છે.



જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા માટીકામ, સેક્ટર-12 ખાતે પાછલા એક વર્ષ દરમિયાન પતંગ બનાવટની ત્રણ તાલીમ થકી 90 બહેનો એ રોજગારની નવી દિશા મેળવી છે.

આ પતંગ બનાવટ કાર્યક્રમ તાલીમ અંતર્ગત ઈન્સ્ટ્રક્ટરશ્રી મનીષાબેન પટેલ જણાવે છે કે, સમગ્ર ગુજરાતમાં આ તાલીમ મહિલાઓને સ્વરોજગાર આપવા માટે યોજવામાં આવે છે. જેમાં બહેનોને દિવસનું 150 રૂપિયા સ્ટાઈપેન્ડ અને તાલીમને અંતે પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે. પતંગ બનાવટ તાલીમ એક મહિનાની હોય છે, જેમાં દરેક મહિલા તાલીમાર્થીને સરકાર તરફથી 4500 રૂપિયા સ્ટાઈપેન્ડ પેટે પણ મળે છે. આ સાથે જ તાલીમ આપી બહેનોને ઘરેથી ગૃહ ઉદ્યોગ ચલાવવા અથવા, પોતાનો ધંધો રોજગાર ચાલુ કરવા આર્ટીજન કાર્ડ સહિત નાના મોટા ગૃહ ઉદ્યોગો સ્થાપવા, પૈસાની જરૂરત માટે બાજપાઈ બેન્કેબલ યોજનાની પણ સહાય આપવામાં આવે છે. એટલે કે માત્ર તાલીમ નહીં પરંતુ તાલીમ સાથે રોજગારીની નવી તકો અને આર્થિક સહાય પણ સંસ્થા દ્વારા આપી મહિલાઓને સ્વનિર્ભર બનાવવામાં આ સંસ્થા માધ્યમ થકી સરકર સહાયક બની રહી છે.

અહીં પતંગ બનાવટ કાર્યક્રમના તાલીમાર્થી તરીકે એક નવી આશાની ખોજમાં જોડાયેલા બહેનોની વાત, તેમના અનુભવો તેમના જ શબ્દોમાં કહેવામાં આવ્યા હતા. જેમાં વાઘેલા શર્મિષ્ઠાબેન જણાવે છે કે, તેઓ ભણેલા હોવા છતાં અન્ય કોઈ જગ્યાએ નોકરી કરવા જઈ શકે તેમ નથી. કારણ કે તેમના બે નાના બાળકોની સંપૂર્ણ જવાબદારી તેમના પર છે. અને તેઓ પોતે પણ બાળકોને છોડી ઘર બહાર જવા ઈચ્છતા નથી. આવી સ્થિતિમાં તેમને ઘરેથી જ કંઈક નવીન રોજગાર કરવાની ઈચ્છા હતી. ત્યારે તેમને તેમની મિત્ર પાસેથી પતંગ બનાવટ તાલીમ કાર્યક્રમની જાણ થઈ. અને તેમણે તેમાં જોડાવાનું નક્કી કર્યું. આજે તેઓ સારી રીતે પતંગ બનાવવાની કળામાં નીપૂર્ણ થઈ ચુક્યા છે.

### ઘાસચારો જપ્તીકરણ હંગામો

## દેડીયાપાડા : સુરક્ષા સેતુ સોસાયટી અને શિવમ ગ્રુપ આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ સંપન્ન

ભરત શાહ | નર્મદા | તા.05

સુરક્ષા સેતુ સોસાયટી, દેડીયાપાડા તેમજ શિવમ ગ્રુપના સંયુક્ત આયોજને યોજાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટનો રવિવારે અંતિમ દિવસ ઉત્સાહભર્યા માહોલમાં સંપન્ન થયો હતો. ફાઈનલ મેચમાં શિવશક્તિ ઈલેવન ગાજરગોટા અને જય અંબે લાયન્સ વચ્ચે જોરદાર મુકાબલો જોવા મળ્યો, જેમાં જય અંબે લાયન્સે ભવ્ય વિજય મેળવી ચેમ્પિયન બનવાની સિદ્ધિ હાંસલ કરી.વિજયી ટીમ જય અંબે લાયન્સને પ્રથમ ઈનામ તરીકે ટ્રોફી સાથે રૂ. 51,000/- રોકડ ઈનામ આપવામાં આવ્યું, જ્યારે ઉપવિજયી ટીમ શિવશક્તિ ઈલેવન ગાજરગોટાને રૂ. 25,000/- સાથે ટ્રોફી આપવામાં આવી.આ ટુર્નામેન્ટ માટેની



ટ્રોફીનું પ્રાયોજકત્વ ચામુંડા સ્ટીલના ભગીરથ દવે દ્વારા કરવામાં આવ્યું હતું. વિશેષ વાત એ રહી કે ટ્રોફી ખુદ સ્ટીલમાંથી તૈયાર કરાવવામાં આવી હતી, જે સૌના માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પી.આઈ. શ્રી શેરસાથ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હાથે વિજયી ટીમને પ્રથમ ઈનામ આપવામાં આવ્યું. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન મોટી સંખ્યામાં ક્રિકેટપ્રેમી પ્રેક્ષકો હાજર રહ્યા હતા. ટુર્નામેન્ટ ખૂબ જ શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત માહોલમાં સંપન્ન થયું હતું.

ભારત ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન વૃદ્ધિ ૨૦૨૫ મિશન | અશ્વિની વૈષ્ણવ મેક ઈન ઈન્ડિયા સીમાચિહ્ન હાસલ કર્યું

# એપલ આઈફોન નિકાસ પચાસ અબજ ડોલરના આંકને આંબી ગઈ

નવી દિલ્હી: વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ‘મેક ઈન ઈન્ડિયા’ અભિયાનને વૈશ્વિક સ્તરે એક મોટી અને ઐતિહાસિક સફળતા મળી છે. વર્ષ ૨૦૨૫માં વિશ્વની દિગ્ગજ ટેક કંપની એપલ ઈન્ક. દ્વારા ભારતમાંથી આશરે ૫૦ અબજ અમેરિકી ડોલરની કિંમતના આઈફોનની નિકાસ કરવામાં આવી છે. દેશના મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે આ એક અત્યંત મહત્વનું સીમાચિહ્ન માનવામાં આવે છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ સિદ્ધિને ભારતની ‘ઉત્પાદક અર્થતંત્ર’ તરફની મક્કમ ગતિ ગણાવી છે.

મેક ઈન ઈન્ડિયા અભિયાનની ભવ્ય સફળતા કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘X’ પર આ ખુશખબર

**નિકાસના મુખ્ય આંકડા**

એપલ આઈફોન નિકાસ (૨૦૨૫): ૫૦ અબજ ડોલર
ઈલેક્ટ્રોનિક્સ સેક્ટરમાં કુલ નોકરીઓ: ૨૫ લાખ
ઉત્પાદનમાં વૃદ્ધિ: ૧૧ વર્ષમાં ૬ ગણી
સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સ: ૪ પ્લાન્ટ્સ આ વર્ષે થશે શરૂ



શેર કરી છે. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ભારત હવે માત્ર ઉપભોક્તા જ નહીં પરંતુ વિશ્વનો મુખ્ય ઉત્પાદક દેશ બની રહ્યો છે. વર્ષ ૨૦૨૫માં એપલ દ્વારા ૫૦ અબજ ડોલરના મોબાઈલ ફોન શિપ કરવામાં આવ્યા છે, જે દર્શાવે છે કે ભારત હવે વૈશ્વિક સપ્લાય ચેઈનનું કેન્દ્ર બની ગયું છે.સેમસંગ કરતા અનેકગણી વધુ નિકાસ તુલનાત્મક દ્રષ્ટિએ જોઈએ તો, દક્ષિણ કોરિયન કંપની સેમસંગે તેની પાંચ વર્ષની પી.એલ.આઈ. (PLI) યોજનાના સમયગાળા દરમિયાન આશરે ૧૭ અબજ ડોલરના ઉપકરણોની નિકાસ કરી હતી. તેની સામે એપલે માત્ર ૨૦૨૫માં જ ૫૦ અબજ ડોલરનો આંકડો પાર કરીને ભારતીય ઉત્પાદન ક્ષમતાનો પરચો આપ્યો છે. આ પ્રગતિને કારણે ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો હવે ભારતની ટોચની ૩ નિકાસ વસ્તુઓમાં સામેલ થઈ ગયા છે. રોજગારીના સર્જનમાં નવો વિક્રમ મીડિયા અહેવાલ મુજબ, ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ સેક્ટર હવે દેશમાં ૨૫ લાખથી વધુ નોકરીઓને ટેકો આપી રહ્યું છે. અનેક ફેક્ટરીઓ એવી છે જ્યાં એક જ સ્થળ પર ૫,૦૦૦ થી વધુ લોકો કામ કરે છે, જ્યારે કેટલાક વિશાળ પ્લાન્ટ્સમાં તો ૪૦,૦૦૦ જેટલા કર્મચારીઓ કાર્યરત છે. આ સેક્ટર ગ્રામીણ અને શહેરી યુવાનો માટે આજીવિકાનું મુખ્ય સાધન બની રહ્યું છે. ઉત્પાદનમાં ૬ ગણો અને નિકાસમાં ૮ ગણો ઉછાળો (H2) છેલ્લા ૧૧ વર્ષના શાસનકાળ દરમિયાન ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં ૬ ગણો વધારો થયો છે, જ્યારે નિકાસમાં ૮ ગણી વૃદ્ધિ નોંધાઈ છે. મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, હાલમાં ૪૬ જેટલા કોમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પ્રોજેક્ટ્સ કાર્યરત છે. લેપટોપ, સર્વર અને હિયરેબલ્સ (ઈયરફોન વગેરે) ના ઉત્પાદકો પણ હવે ભારતમાં સ્થાયી થયા છે. આ વર્ષે ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સ પણ વ્યાવસાયિક ઉત્પાદન શરૂ કરશે, જે ભારતને ચિપ મેન્યુફેક્ચરિંગમાં પણ અગ્રેસર બનાવશે.

સમગ્ર ઈલેક્ટ્રોનિક્સ સ્ટેકમાં ભારત બનશે લીડર (H3) અશ્વિની વૈષ્ણવે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ તો માત્ર શરૂઆત છે. ભારતનો ધ્યેય માત્ર એસેમ્બલી કે મેન્યુફેક્ચરિંગ પૂરતો મર્યાદિત નથી, પરંતુ ડિઝાઈન, ઓપરેટિંગ સિસ્ટમ, એપ્લિકેશન, મટીરીયલ્સ અને સાધનો સહિતના સમગ્ર ઈલેક્ટ્રોનિક્સ સ્ટેકમાં વૈશ્વિક સ્તરે મુખ્ય ખેલાડી બનવાનો છે.

# અંબુજા સિમેન્ટ્સે રાજસ્થાનમાં જળ સુરક્ષા મજબૂત કરવા પરંપરાગત તળાવોને પુનર્જીવિત કર્યાં

રાજસ્થાન : અદાણી પોર્ટફોલિયોનો હિસ્સો અને વિશ્વની નવામાં ક્રમની સૌથી મોટી બિલ્ડિંગ મટિરિયલ સોલ્યુશન્સ પ્રોવાઈડર અંબુજા સિમેન્ટ્સ તેની સીએસઆર પહેલો અંતર્ગત રાજસ્થાનના રાબડિયાવાસ ક્ષેત્રમાં પરંપરાગત ગ્રામ તળાવોના મોટાપાયે પુનર્જીવન દ્વારા ગ્રામીણ જળસુરક્ષાને મજબૂત બનાવી રહ્યું છે. વર્ષ 2006-07માં લોંચ કરાયેલા આ કાર્યક્રમ ઉપેક્ષિત અને કાંપથી ભરાયેલા જળસ્ત્રોતોને પુનઃસ્થાપિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ એક લોક-કેન્દ્રિત મોડેલ છે, જે મજબૂત સમુદાય ભાગીદારી સાથે તકનીકી કુશળતાને જોડે છે, પાણીની અછત ધરાવતા ગ્રામીણ વિસ્તારોમાં સસ્ટેનેબલ વોટર મેનેજમેન્ટ અને લાંબાગાળાની આબોહવા સ્થિતિસ્થાપકતાને સુનિશ્ચિત કરે છે.આ કાર્યક્રમ હેઠળ બાલદા ગામમાં ગવાઈ તળાવના પુનઃસ્થાપનની કામગીરી કરવામાં આવી છે. અંબુજા સિમેન્ટ્સે અદ્યતન મશીનરી અને તકનીકી કુશળતા પૂરી પાડી હતી, જ્યારે કે સમુદાયે માનવશક્તિ અને ટ્રાન્સપોર્ટ સપોર્ટ પૂરો પાડ્યો હતો. શરૂઆતમાં કાદવ દૂર કરવાથી 20,000 ઘન મીટર વધારાની સંગ્રહ ક્ષમતા ઊભી થઈ હતી. છેલ્લા બે દાયકામાં તળાવને 17 વખત પુનર્જીવિત કરવામાં આવ્યું છે, જેનાથી તેની કુલ સંગ્રહ ક્ષમતા 215,000 ઘન મીટર થઈ છે. આજે તળાવ પીવાના પાણી, પશુધન અને સિંચાઈનો એક મહત્વપૂર્ણ સ્ત્રોત બની ગયું છે.બાલદાના ગવાઈ તળાવમાં પાણીના સંગ્રહમાં વધારો થવાથી 185 હેક્ટરથી વધુ જમીન પર ખેતી શક્ય બની છે. તેનાથી ઉનાળાની ઋતુમાં પણ ભૂગર્ભજળનું સતત રિચાર્જ સુનિશ્ચિત થયું છે અને પોષક તત્વોથી ભરપૂર કાંપ દ્વારા જમીનની ફળદ્રુપતામાં સુધારો થયો છે. આના પરિણામે પાકની ઉપજમાં સુધારો થયો છે, ખરીફ અને રવિ પાક હેઠળ વાવેતર વિસ્તાર વધ્યો છે અને અનિયમિત વરસાદ પર નિર્ભરતા ઓછી થઈ છે.અત્યાર સુધીમાં અંબુજા સિમેન્ટ્સે રાબડિયાવાસની આસપાસના 33 ગામોમાં 200થી વધુ તળાવોને પુનર્જીવિત કર્યા છે, જેનાથી 23,16,935 ઘન મીટર વરસાદી પાણી સંગ્રહ કરવાની ક્ષમતા ઊભી થઈ છે.

## News Brief

### ક્યુપિડ લિમિટેડની નાણાકીય વર્ષ 26ના ત્રીજા ત્રિમાસિકની બિઝનેસ અપડેટ

મુંબઈ | ક્યુપિડ લિમિટેડ,2026માં પ્રવેશ કરતી વખતે સ્થિર કાર્યકારી ગતિ દર્શાવવાનું જાળવી રાખે છે,જે મજબૂત માંગ દૃશ્યતા,સતત અમલીકરણ અને તેની ક્ષમતા વિસ્તરણ યોજનાઓ પર ચાલુ પ્રગતિ થકી સમર્થન મળી રહ્યું છે.કંપનીને અપેક્ષા છે કે નાણાકીય વર્ષ 26નું ત્રીજું ત્રિમાસિક તેના અત્યાર સુધીના શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ત્રિમાસિક રહેશે,જે સતત માંગ મજબૂતાઈ અને સરળ કાર્યકારી અમલીકરણને કારણે છે.ક્યુપિડની ઓર્ડર બુક અત્યાર સુધીના તેના ઉચ્ચતમ સ્તરે છે,જે આગામી ત્રિમાસિકના પ્રદર્શનને લઈને સ્પષ્ટ દૃશ્યતા પુરી પાડે છે.મેનેજમેન્ટને વિશ્વાસ છે કે કાર્યકારી કાર્યક્ષમતા,સ્થિર માંગ અને અમલીકરણ પ્રગતિના સમર્થન સાથે, નાણાકીય વર્ષ 26નીઆવકમાં335કરોડ અને કર બાદના નફામાં100કરોડના તેના અગાઉના ગાઈડંસને વટાવી જશે. કંપનીના વ્યાપક ક્ષમતા વિસ્તરણ રોડમેપ અનુસાર,મહારાષ્ટ્રની પલાવા મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીમાં કામ નિર્ધારિત સમય મુજબ ચાલી રહ્યું છે.ક્યુપિડના સમગ્ર ભારતમાં માંગ સતત વધી રહી છે,જેને પર્સનલ કેર અને વેલનેસ કેટેગરીમાં રિટેલ ઉપસ્થિતિના વિસ્તરણ થકી મદદ મળી રહી છે. તાજેતરમાં લોન્ચ થયેલાપેટ્રોલિયમ જેલી,ફેસ વોશ અને ટેલ્કમ પાવડરજેવી પ્રોડક્ટ્સને ગ્રાહકોનો જબરજસ્ત પ્રતિસાદ સાંપડી રહ્યો છે.તેની લાંબા ગાળાની વ્યૂહરચનાના ભાગ રૂપે,ક્યુપિડ ધીમે ધીમે જીસીસીક્ષેત્રમાં તેની ઉપસ્થિતિને મજબૂત કરી રહી છે,જેનું ધ્યાન સપ્લાય પ્રતિભાવશીલતા અને બજાર નિકટતા સુધારવા પર રહેલુ છે.

એમયુએફજી બેંક આર્થિક અનુમાન ૨૦૨૬ વિશ્લેષણ

# વૈશ્વિક નાણાકીય નીતિ ૨૦૨૬ અહેવાલ મુજબ નરમાઈ ચાલુ રહેશે

નવી દિલ્હી: વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ દરમિયાન વિશ્વભરની કેન્દ્રીય બેંકો દ્વારા વ્યાજ દરોમાં મોટાપાયે કાપ મૂક્યા બાદ, હવે ૨૦૨૬માં પણ વૈશ્વિક નાણાકીય નીતિ મહદઅંશે નરમ અને પ્રોત્સાહક રહેવાની ધારણા છે. એમયુએફજી બેંક (મિત્સુબિશી યુએફજે ફાઈનાન્શિયલ ગ્રુપ) ના તાજેતરના અહેવાલ મુજબ, મોટાભાગની કેન્દ્રીય બેંકો આર્થિક વૃદ્ધિને વેગ આપવા માટે કાં તો વ્યાજ દરોમાં વધુ ઘટાડો કરશે અથવા તો વર્તમાન નીચા સ્તરો જાળવી રાખશે. ભારત સહિત વિશ્વના મુખ્ય અર્થતંત્રો માટે આ સંકેતો અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.કેન્દ્રીય બેંકોનું વલણ: નરમાઈ કે સ્થિરતા? એમયુએફજી બેંકના અહેવાલ અનુસાર, યુએસ ફેડરલ રિઝર્વ, બેંક ઓફ ઈંગ્લેન્ડ અને પીપલ્સ બેંક ઓફ ચાઈના જેવી મોટી સંસ્થાઓ ૨૦૨૬માં પોતાની નાણાકીય નીતિને વધુ હળવી કરી શકે છે. બીજી તરફ, યુરોપિયન સેન્ટ્રલ બેંક અને બેંક ઓફ કેનેડા જેવી સંસ્થાઓ વ્યાજ દરોને યથાવત રાખીને બજારને સ્થિરતા પ્રદાન કરશે. અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૨૪-૨૫માં વ્યાજ દરો ઘટાડવાની પ્રક્રિયાનો મોટો હિસ્સો પૂર્ણ થઈ ગયો હોવા છતાં, ૨૦૨૬નું વર્ષ પણ રોકાણકારો અને ઉદ્યોગો માટે સાનુકૂળ રહેશે.જાપાન અને ઓસ્ટ્રેલિયામાં વિપરીત પ્રવાહ જ્યારે વિશ્વની મોટાભાગની બેંકો નરમાઈ તરફ છે, ત્યારે બેંક ઓફ જાપાન અને રિઝર્વ બેંક ઓફ ઓસ્ટ્રેલિયા જેવા ગણ્યાગાંઠ્યા સંસ્થાનો આગામી વર્ષમાં નાણાકીય નીતિને કડક બનાવી શકે છે. આ બેંકો ફુગાવાને નિયંત્રિત કરવા માટે વ્યાજ દરોમાં વધારો કરી શકે છે, જે વૈશ્વિક પ્રવાહથી વિરુદ્ધની દિશા હશે. “મીડિયા અહેવાલ” સૂચવે છે કે આ અસમાનતાને કારણે આંતરરાષ્ટ્રીય ચલણ બજારમાં અસ્થિરતા જોવા મળી શકે છે.કોર્પોરેટ બોન્ડ માર્કેટમાં અસમાનતા વધી અહેવાલમાં વર્ષ ૨૦૨૫ દરમિયાન કોર્પોરેટ બોન્ડ માર્કેટમાં જોવા મળેલી અસમાનતા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. ભલે વૈશ્વિક સ્તરે દરો ઘટ્યા હોય, પરંતુ અલગ-અલગ ઉદ્યોગો વચ્ચેના વ્યાજ તફાવત (Spread) માં મોટો વધારો થયો છે. વ્યાપાર યુદ્ધ અને ટેરિફ સંબંધિત નીતિઓને કારણે વિવિધ ક્ષેત્રો પર તેની અલગ-અલગ અસરો પડી છે. વર્ષ ૨૦૨૧ની સરખામણીએ ૨૦૨૫માં બોન્ડ માર્કેટમાં વધુ વોલેટિલિટી નોંધાઈ છે, જે ૨૦૨૬માં પણ બજારના વર્તનને પ્રભાવિત કરશે. ભારતીય રિઝર્વ બેંકની આક્રમક રણનીતિ (H2) ભારતની વાત કરીએ તો, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ વર્ષ ૨૦૨૫માં અત્યંત આક્રમક વલણ અપનાવ્યું હતું. ડિસેમ્બર ૨૦ masterપની પોલિસીમાં આરબીઆઈએ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને તેને ૫.૨૫ ટકા પર લાવી દીધો હતો. સમગ્ર ૨૦૨૫ના વર્ષ દરમિયાન આરબીઆઈએ કુલ ૧૨૫ બેસિસ પોઈન્ટનો તોતિંગ ઘટાડો જાહેર કર્યો છે. ગવર્નરના જણાવ્યા મુજબ, મેક્રો-ઈકોનોમિક સ્થિતિ અને ભાવિ આઉટલુકના વિગતવાર મૂલ્યાંકન બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે, જે ૨૦ Master ૨૬માં ભારતીય અર્થતંત્રને નવી ઊંચાઈએ લઈ જશે.

### નિસાન મોટર ઈન્ડિયાએ મજબૂત નિકાસોના પગલે ડિસેમ્બર 2025માં 15,372 કન્સોલિડેટેડ વેચાણો નોંધાવ્યા

નવી દિલ્હી: નિસાન મોટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (એનએમઆઈપીએલ) ડિસેમ્બર 2025માં નિકાસમાં અદ્વિતીય કામગીરી સાથે કેલેન્ડર વર્ષનું મજબૂત રીતે સમાપન કર્યું છે. કંપનીએ 13,470 યુનિટ્સની નિકાસ કરી છે જે છેલ્લા 10 વર્ષોમાં કંપની માટે સર્વોચ્ચ માસિક નિકાસ વોલ્યુમ છે. આ મહિના માટેનું સ્થાનિક હોલસેલ વોલ્યુમ 1,902 યુનિટ્સ હતું અને આ સાથે ડિસેમ્બર 2025 માટેનું કુલ કન્સોલિડેટેડ વેચાણ 15,372 યુનિટ્સ થયું છે. આ આંકડા નિસાનની મેડ ઈન ઈન્ડિયા અને નિકાસની આગેવાની હેઠળની વૃદ્ધિની વ્યૂહરચનાની ટકાઈ મજબૂતાઈ દર્શાવે છે. વર્ષના અંતના આંકડા રજૂ કરતા નિસાન મોટર ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર સૌરભ વત્સે જણાવ્યું હતું કે “કેલેન્ડર વર્ષ 2025 એ ન્યૂ નિસાન મેગ્નાઈટની આગેવાની હેઠળ ડિસેમ્બર, 2025માં સ્થાનિક સ્તરે સ્થિર અને વિક્રમી નિકાસ કામગીરી દ્વારા સમર્થિત નિસાન મોટર ઈન્ડિયા માટે કન્સોલિડેશનનું વર્ષ રહ્યું હતું.

### હિન્દુસ્તાન લેબોરેટરીઝ લિમિટેડે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યું

નવી દિલ્હી: હિન્દુસ્તાન લેબોરેટરીઝ લિમિટેડે તેના પ્રસ્તાવિત આઈપીઓ માટે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યું છે. કંપની બિઝનેસ-ટુ-ગવર્નમેન્ટ (બી2જી) ફ્રેમવર્ક હેઠળ સરકારી સંસ્થાઓ માટે મોટાપાયે જિનેરિક દવાઓનું ઉત્પાદન અને સપ્લાયની કામગીરી સાથે જોડાયેલી ભારતીય ફાર્માસ્યુટિકલ કંપની છે. કંપનીના પ્રમોટર રાજેશ વસંતરાય દોશી, કુંજલ સી. દેઢિયા અને ક્રિશિવ રાજેશ દોશી છે.પ્રતિ શેર રૂ. 10ની મૂળ કિંમતના 14,100,000 ઈક્વિટી શેર્સના કુલ ઈશ્યૂ સાઈઝમાં 5,000,000 ઈક્વિટી શેર્સનો ફ્રેશ ઈશ્યૂ અને 9,100,000 ઈક્વિટી શેર્સનો ઓફર ફોર સેલ સામેલ છે.કંપની એકત્રિત કરાયેલા ભંડોળનો ઉપયોગ કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને કોર્પોરેટના સામાન્ય હેતુઓ માટે કરવાની દરખાસ્ત ધરાવે છે.

નુવામા ઈકોનોમિક રિપોર્ટ ૨૦૨૬ વિશ્લેષણ

### ભારત આર્થિક વૃદ્ધિ ૨૦૨૬ માં વપરાશ મુખ્ય ચાલક બળ રહેશે



નવી દિલ્હી: વર્ષ ૨૦૨૬ માં ભારતનો આર્થિક વિકાસ દર મુખ્યત્વે ઘરેલું વપરાશ (Consumption) પર આધારિત રહેવાની ધારણા છે. નુવામાના તાજેતરના અહેવાલ મુજબ, મૂડીખર્ચ (Capex) ની સરખામણીમાં વપરાશનો વૃદ્ધિ દર વધુ રહેશે. સરકારની નાણાકીય નીતિઓમાં વપરાશ તરફનો ઝુકાવ અને ધિરાણ ક્ષેત્રે આવેલી તેજી આ ટ્રેન્ડને ટેકો આપશે. જોકે, કોર્પોરેટ સેક્ટરમાં નવા રોકાણો અંગે હજુ પણ સાવચેતીભર્યું વલણ જોવા મળી રહ્યું છે, જે મૂડીખર્ચની ગતિને મર્યાદિત કરી શકે છે. વપરાશ મૂડીખર્ચ કરતા આગળ રહેવાના ત્રણ મુખ્ય કારણો નુવામાના અહેવાલમાં વપરાશના વર્ચસ્વ પાછળ ત્રણ મહત્વના કારણો દર્શાવવામાં આવ્યા છે. પ્રથમ, જ્યારે આર્થિક વિકાસની ગતિ થોડી ધીમી હોય છે, ત્યારે સામાન્ય રીતે વપરાશ મૂડીખર્ચ કરતા વધુ સારું પ્રદર્શન કરે છે. બીજું, સરકારની ફિસ્કલ પોલિસી હવે વપરાશને ટેકો આપવા તરફ વળી છે. ત્રીજું, આવક વૃદ્ધિ મર્યાદિત હોવા છતાં, નિમ્ન અને મધ્યમ આવક ધરાવતા વર્ગો તરફથી માંગ મજબૂત રહેવાની ધારણા છે, જે ઉચ્ચ આવક ધરાવતા વર્ગની સરખામણીમાં વધુ સ્થિર રહેશે.

આવક વૃદ્ધિના પડકારો અને ધિરાણનો આધાર અહેવાલ મુજબ, લોકોની વાસ્તવિક આવકમાં અપેક્ષિત વધારો ન થવાને કારણે વપરાશમાં ખૂબ મોટો ઉછાળો કદાચ નહીં આવે. ૨૦૨૬ માં વપરાશ મુખ્યત્વે લેવરેજ (ધિરાણ) અને સરકાર તરફથી મળતા ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા સંચાલિત થશે. ઘરગથ્થુ આવકમાં વ્યાપક સુધારો ન હોવા છતાં, સરકારની વિવિધ યોજનાઓ વપરાશને પકડી રાખવામાં મદદ કરશે.

### રાજેશ પાવરે બેટરી એનર્જી સ્ટોરેજમાં પ્રવેશ કર્યો, ગુજરાતમાં 65 MW / 130 MWh BESS પ્રોજેક્ટ મેળવ્યો

અમદાવાદ | રાજેશ પાવર સર્વિસિસ લિમિટેડ (આરપીએસએલ)એ આજે જાહેર કર્યું છે કે તેણે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (જીયુવીએનએલ) પાસેથી લેટર ઓફ ઈન્ટેન્ટ (એલઓઆઈ) મેળવ્યાં બાદ ગુજરાતમાં 65 MW / 130 MWh સ્ટેન્ડઅલોન બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (બીઈએસએસ) પ્રોજેક્ટ મેળવ્યો છે. આ પ્રોજેક્ટ સાથે કંપનીએ યુટિલિટી-સ્કેલ બેટરી સ્ટોરેજ પ્રોજેક્ટ્સમાં પ્રવેશ કર્યો છે.

આ પ્રોજેક્ટમાં ગુજરાતના વીરપોર ખાતે એક સ્વતંત્ર BESS સ્થાપવાનો સમાવેશ થાય છે અને તેને પાવર સિસ્ટમ ડેવલપમેન્ટ ફંડ (PSDF) દ્વારા વાયબિલિટી ગેપ ફંડિંગ સપોર્ટ સાથે ટેરિફ-આધારિત સ્પર્ધાત્મક બિડીંગ હેઠળ આપવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ બેટરી એનર્જી સ્ટોરેજ પરચેઝ એગ્રીમેન્ટ (BESPA) પર હસ્તાક્ષર થયાની તારીખથી 18 મહિનાની અંદર અમલમાં મુકાય તેવી અપેક્ષા છે.

65 MW / 130 MWh બેટરી સ્ટોરેજ સિસ્ટમ બે કલાક સુધી 65 મેગાવોટ વીજળી પૂરી પાડી શકે છે, જે યુટિલિટીઝને ઉચ્ચ સ્તરની માંગ મેનેજ કરવામાં, ગ્રીડ સ્થિરતા સુધારવામાં અને પુનઃવપરાશી ઊર્જાના એકીકરણને ટેકો આપવામાં મદદ કરે છે.

### દીઝ નવનિર્માણ લિમિટેડે મુંબઈમાં રૂ. 250 કરોડનો હાઉસિંગ સોસાયટી રિડેવલપમેન્ટ મેન્ડેટ મેળવ્યો

મુંબઈ | રિડેવલપમેન્ટ સેગમેન્ટમાં મુંબઈના સૌથી ઝડપથી વિકસતા રિયલ એસ્ટેટ ડેવલપર્સ પૈકીના એક મોદીઝ નવનિર્માણ લિમિટેડે રામનગર, એસ.વી. રોડ, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ - 400 092 સ્થિત બીઓઆઈ સ્ટાફ શીતલ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડના રિડેવલપમેન્ટ માટેના ડેવલપર તરીકે તેની નિયુક્તિની જાહેરાત કરી છે.આ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ પ્લોટ એરિયાના અંદાજે 3924.91 ચોરસ મીટર જમીનમાં ફેલાયેલો છે તથા અંદાજિત ગ્રોસ ડેવલપમેન્ટ વેલ્યુ (જીડીવી) આશરે રૂ. 250 કરોડ છે. આ પ્રોજેક્ટ મોર્ડન, હાઈ-ક્વોલિટી રેસિડેન્શિયલ ડેવલપમેન્ટ ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે કે જે રહેવાસીઓ માટે સુરક્ષાના ધોરણો, સસ્ટેનેબિલિટી અને લાઈફસ્ટાઈલ સંબંધિત સુવિધાઓમાં નોંધપાત્ર વધારો કરશે.આ સોસાયટીએ તમામ લાગુ કાયદાકીય જરૂરિયાતોનું સંપૂર્ણ પાલન કરીને 79એ પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી છે, જે રિડેવલપમેન્ટ માટેની કામગીરીમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. ત્યારબાદ સોસાયટીના 100 ટકા સદસ્યોએ મોદીઝ નવનિર્માણ લિમિટેડને ડેવલપર તરીકે નિયુક્ત કરવા માટે સર્વસંમતિ આપી છે.

બજારને પ્રભાવિત કરશે

## વૈશ્વિક કૃષિ ક્ષેત્ર ૨૦૨૬ મુજબ સ્થિરતા તરફ આગળ વધશે

નવી દિલ્હી: વર્ષ ૨૦૨૬ માં વૈશ્વિક કૃષિ ક્ષેત્રમાં સ્થિરતા આવવાની સંભાવના છે, પરંતુ વિવિધ પાકોની સ્થિતિ અસમાન રહેશે. આઈએનજી (ING) ના ‘કોમોડિટીઝ આઉટલુક ૨૦૨૬’ મુજબ, ખાસ કરીને સોયાબીન અને મકાઈના વૈશ્વિક બજારમાં મોટા ફેરફારો જોવા મળી શકે છે. યુએસ અને ચીન વચ્ચેના વ્યાપાર તણાવ અને બદલાતા હવામાનને કારણે કૃષિ પેદાશોના ભાવ અને પુરવઠા શ્રૃંખલામાં નવી ગતિશીલતા જોવા મળશે. સોયાબીન બજાર: પુરવઠામાં ખેંચ અને વધતી માંગ સોયાબીનના વૈશ્વિક બજારમાં ૨૦૨૫-૨૬ ની સીઝન દરમિયાન પુરવઠો મર્યાદિત રહેવાની ધારણા છે. માંગ રેકોર્ડ સ્તરે પહોંચી શકે છે, જ્યારે વૈશ્વિક ઉત્પાદનમાં ઘટાડો થવાની સંભાવના છે. અમેરિકામાં સોયાબીનના વાવેતર વિસ્તારમાં ૭.૧ ટકાનો ઘટાડો થયો છે, જેના કારણે ઉત્પાદન ૧૧૬ મિલિયન ટનથી નીચે જવાની શક્યતા છે. તેની સામે બ્રાઝિલ ૧૭૫ મિલિયન ટનના રેકોર્ડ ઉત્પાદન સાથે વિશ્વના મુખ્ય સોયાબીન સપ્લાયર તરીકે પોતાની પકડ વધુ મજબૂત બનાવશે. મકાઈ અને ઘઉંની સ્થિતિ મકાઈના બજારમાં હાલમાં રેકોર્ડ ઉત્પાદનને કારણે ભાવ પર દબાણ છે, પરંતુ ૨૦૨૬-૨૭ ના વર્ષમાં ૩૯ મિલિયન ટનની વૈશ્વિક ખાધ સર્જાઈ શકે છે. બીજી તરફ, ઘઉંના બજારમાં રાહતના સમાચાર છે. ૨૦૨૬ માં ઘઉંનું વૈશ્વિક ઉત્પાદન વધીને ૮૨૯ મિલિયન ટન થવાની ધારણા છે, જે અગાઉના વર્ષ કરતા ૩.૫ ટકા વધુ છે. આ વધારાને કારણે ઘઉંના વૈશ્વિક સ્ટોકમાં ૧૦ મિલિયન ટનનો વધારો થશે, જે ખાદ્ય સુરક્ષા માટે સકારાત્મક સંકેત છે.

## સેન્સેક્સ 322 પોઈન્ટ ઘટીને 85,439 પર બંધ: નિફ્ટી પણ 78 પોઈન્ટ ઘટ્યો

મુંબઈ | આજે, 5 જાન્યુઆરીએ શેરબજારમાં ઘટાડો થયો હતો. સેન્સેક્સ 322 પોઈન્ટ ઘટીને 85,439 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 78 પોઈન્ટ ઘટીને 26,250 પર બંધ થયો હતો.

જોકે, આજે ટ્રેડિંગ દરમિયાન નિફ્ટીએ 26,373ની સપાટીએ પહોંચીને એક નવો રેકોર્ડ હાઈ બનાવ્યો હતો. આજે સૌથી વધુ ઘટાડામાં આઈટી અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેર હતા.

એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 2.81% ઉપર 4,430 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 2.82% ઉપર 51,759 પર કારોબાર કરી રહ્યા છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.07% ઉપર 26,357 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 1.02% વધીને 4,009 પર કારોબાર કરી રહ્યા છે.

2 જાન્યુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.66% વધીને 48,382 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 0.02%નો ઘટાડો અને S&P 500માં 0.19%ની તેજી રહી હતી.

1 જાન્યુઆરીએ FIIએ 3,268 કરોડના શેર વેચ્યા

2 જાન્યુઆરીના રોજ FIIs એ 544 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. જ્યારે DIIs એ 534 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા.

બેંગલુરુ નજીક દેવનહલ્લી ખાતે

## ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ અદ્યતન નાનો ખાતર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



ખાતર ક્ષેત્રની ભારતની અગ્રણી સહકારી સંસ્થા ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ લિમિટેડ (ઈફકો) દ્વારા કર્ણાટકના બેંગલુરુ નજીક દેવનહલ્લીમાં સ્થાપિત અદ્યતન નાનો ખાતર પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્લાન્ટનું ઉદ્ઘાટન IFFCO અને NCUIના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીના હસ્તે કરવામાં આવ્યું. ઉદ્ઘાટન પ્રસંગે શ્રી સંઘાણીએ પ્લાન્ટનું વિગતવાર નિરીક્ષણ કર્યું અને નાનો ખાતરના ઉત્પાદન, ગુણવત્તા ધોરણો તથા તકનિકી ક્ષમતાઓ અંગે માહિતી મેળવી.

આ પ્રસંગે શ્રી સંઘાણીએ જણાવ્યું હતું કે, “આ પ્લાન્ટ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તથા માનનીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના ‘સહકારથી સમૃદ્ધિ’ સંકલ્પ ને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.”

12 એકર વિસ્તારમાં ફેલાયેલો આ અદ્યતન નાનો પ્લાન્ટ પ્રતિદિન 2 લાખ બોટલ નેનો યુરિયા પ્લસના ઉત્પાદન માટે સક્ષમ છે. દીર્ઘકાલીન દ્રષ્ટિએ આ પ્લાન્ટ દક્ષિણ ભારતમાં પરંપરાગત યુરિયા પરની નિર્ભરતા નોંધપાત્ર રીતે ઘટાડશે, આયાત ખર્ચમાં ઘટાડો કરશે અને ખેડૂતો માટે ખુબ જ ઉપયોગી સાબિત થશે.

દેવનહલ્લીમાં સ્થાપિત આ અદ્યતન પ્લાન્ટ અડીનુક વિજ્ઞાન નું પ્રતીક છે, જ્યાં નવીનતમ ટેક્નોલોજી અને પ્રગતિશીલ સુવિધાઓનો ઉપયોગ કરીને ખાતરનું ઉત્પાદન કરવામાં આવે છે.

ઉદ્ઘાટન અને પ્લાન્ટ નિરીક્ષણ બાદ શ્રી સંઘાણીએ પ્લાન્ટના અધિકારીઓ અને વૈજ્ઞાનિકો સાથે સંવાદ કર્યો. આ દરમિયાન તેમણે નેનો ખાતરના મહત્વ, તેની ભૂમિકા અને ભારતમાં કૃષિના ભવિષ્ય અંગે પોતાના વિચારો રજૂ કર્યા તેમજ નવીનતા આધારિત સહકારી વ્યૂહરચનાઓને વધુ મજબૂત બનાવવા માર્ગદર્શન આપ્યું.

રિફાઈનરી | ભારત ઉર્જા સુરક્ષા આત્મનિર્ભર અભિયાન હેઠળ મોટી સિદ્ધિ

# વિશાખ રિફાઈનરી એલસી-મેક્સ યુનિટ કાર્યરત થતા નવો ઈતિહાસ રચાયો

(એજન્સી) વિશાખપટ્ટનમ | તા 05

: ભારતના ઉર્જા ક્ષેત્રમાં રવિવારનો દિવસ એક સુવર્ણ અક્ષરે લખાય તેવો સાબિત થયો છે. એચપીસીએલ (HPCL) ની વિશાખ રિફાઈનરી ખાતે ‘રેસીડ્યુ અપગ્રેડેશન ફેસિલિટી’ (RUF) સફળતાપૂર્વક કાર્યરત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં વિશ્વનું સૌપ્રથમ અને સૌથી મોટું ‘LC-Max’ યુનિટ સ્થાપવામાં આવ્યું છે. આ સિદ્ધિ સાથે ભારત હવે રિફાઈનિંગ ટેકનોલોજીના ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે અગ્રેસર બન્યું છે, જે વડાપ્રધાનના આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરે છે.

એન્જિનિયર્સ ઈન્ડિયા લિમિટેડની છ દાયકાની શ્રેષ્ઠતા આ સીમાચિહ્નરૂપ સુવિધાના અમલીકરણમાં એન્જિનિયર્સ ઈન્ડિયા લિમિટેડ (EIL) એ પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે મુખ્ય ભૂમિકા ભજવી છે.



કંપનીના છ દાયકાના ઈતિહાસમાં આ સૌથી જટિલ અને મિશન-ક્રિટિકલ ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ પૈકીનો એક છે. ૩.૫૫ MMTPA ની ક્ષમતા ધરાવતી આ સુવિધા વિશાખ રિફાઈનરી આધુનિકીકરણ પ્રોજેક્ટ (VRMP) નો મુખ્ય હિસ્સો છે. આ પ્રોજેક્ટમાં લાર્સન એન્ડ ટુબ્રો (L&T) એ મુખ્ય કોન્ટ્રાક્ટર તરીકે ઈન્સ્ટોલેશનની કામગીરી સંભાળી હતી. 93 ટકા કન્વર્ઝન રેટ સાથે વૈશ્વિક રેકોર્ડ આ સુવિધામાં વપરાયેલી LC-Max ટેકનોલોજી અત્યંત અદ્યતન છે. તે કાચા તેલના શુદ્ધિકરણ બાદ બચતા નકામા કચરા (Bottom-of-the-barrel residues) માંથી અસાધારણ 93 ટકા જેટલું ઉચ્ચ મૂલ્ય ધરાવતા ડિસ્ટિલેટ્સ (પેટ્રોલિયમ ઉત્પાદનો) માં રૂપાંતર કરવાની ક્ષમતા ધરાવે છે. આનાથી રિફાઈનરીના માર્જિનમાં મોટો વધારો થશે અને ક્રૂડ તેલના દરેક બેરલમાંથી મહત્તમ મૂલ્ય મેળવી શકાશે, જે ભારતની વધતી જતી ઉર્જા માંગને પહોંચી વળવા માટે અનિવાર્ય છે. આત્મનિર્ભર ભારતની દિશામાં મક્કમ ડગલું “મીડિયા અહેવાલ” મુજબ, આ પ્રોજેક્ટની સફળતા એચપીસીએલ, ઈઆઈએલ અને એલએન્ડટી વચ્ચેના અજોડ સહયોગનું પરિણામ છે. આ ટીમે ટેકનોલોજીકલ અને લોજિસ્ટિકલ પડકારોનો સામનો કરીને સ્વદેશી એન્જિનિયરિંગ ક્ષમતાનું પ્રદર્શન કર્યું છે. આ પ્રોજેક્ટ હવે વૈશ્વિક સ્તરે એક ‘શોકેસ’ તરીકે કામ કરશે, જે દુનિયાને બતાવશે કે ભારત અત્યંત જટિલ રિફાઈનિંગ ટેકનોલોજીને સફળતાપૂર્વક ડિઝાઈન અને એક્ઝિક્યુટ કરી શકે છે. રાષ્ટ્રીય ઉર્જા સુરક્ષા અને જટિલતા (H2) વિશાખ રિફાઈનરી ખાતે સ્થાપિત આ સુવિધા વિશ્વની સૌથી જટિલ પ્રોસેસિંગ સુવિધાઓમાંની એક ગણાય છે. ઉર્જા મંત્રાલયના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ટેકનોલોજીથી પર્યાવરણને નુકસાન ઘટાડવામાં અને ઉત્પાદન કાર્યક્ષમતા વધારવામાં મોટી મદદ મળશે. આ આધુનિકીકરણથી ભારતની તેલ આયાત પરની નિર્ભરતામાં પણ પરોક્ષ રીતે ઘટાડો થવાની સંભાવના છે કારણ કે હવે નકામા કચરામાંથી પણ કિંમતી ઈંધણ મેળવી શકાશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, પોષ વદ-03

# અમેરિકાની માનસિકતા હંમેશા અમેરિકા ફર્સ્ટના અભિગમની રહી છે

વિશ્વસ્તરે રાજકીય માહોલમાં વેનેઝુએલામાં યુ.અસ ના હુમલામાં થેયેલા ચાલીશથી વધુના મોત અને અનેક લોકોના જખ્મી થવાના સમાચારે પ્રજાજીવન માં અવનવા કથનો જગાવ્યાંછે . અમેરિકા એક એવો દેશ છે જેનો દ્રષ્ટિકોણ વિશ્વસ્તરે અલગ સમીકરણો ઉભા કરી આપે છે.ભૂતકાળમાં ઈરાક પર બહુરાષ્ટ્રીય દેશોના સંકલન સાથે લશ્કરી હુમલા કરાવ્યા હતા. એમાં મુખત્વે અમેરિકાની દ્રષ્ટિ તો કેવળ ખનીજતત્વો પર હતી,ક્રૂડ પર તેની નજર હતી .અનર તેમાં કુવેત તો એક બહાનું હતું. અમે કહીએ તો એમાં અતિશયોક્તિ નથી.

અમેરિકાએ કાળીરાતનો આશારો લૈયેને વેનેઝુએલામાં હુમલા ચાલુ કરીને ત્યાંના જાણ જીવનને અસ્તવ્યસ્ત કરી નાખ્યું હતું . અમેરિકાએ એરસ્ટ્રઈક કરીને. વેનેઝુએલાના લશ્કરી મથકનો સફાયો કરી નાખ્યો હતો, રાજનીતિક અભ્યાશુઓ અમેરિકાની આ આક્રમક પહેલ થી ડઘાઈ ગયા છે. આ દરમિયાન અમેરિકાના સૈનિકોએ પ્રભાવિત દેશ ના રાષ્ટ્રપતિ માદુર તેમજ તેમના પત્ની ની ધરપકડ કરી હતી . આ ઘટના થી નાગરિકોમાં આઘાત ની લાગણી પ્રશરી ગઈ હતી પ્રમુખ ટ્રમ્પએ તરતજ માદુરના સ્થાને ઉપરાષ્ટ્રંપતિ ડેલસી રોડ્રિકક્સને સત્તા સોંપી તેમના આક્રમકઃ વલણનું દર્શન કરાવી દીધુ હતું.તજજ્ઞો એમ માને છે કે નાના રાષ્ટ્રોની ઉપર અમેરિકા હંમેશા દબાણ ની સ્થિતિ બનાવી રાખે છે. રાજકીય માહોલ માં પોતાના સમીકરણો સર્જીને અમેરિકા હેમેશા તાણી કૂટનીતિ નું ધિત્ર ઉભું કરે છે તાણી આ પરમ્પરા કાયમ બની રહે છે. વેનેઝુએલા પાર આક્રમણ કરીને તેની સ્વતાંત્રતા પાર તરાપ મારી છે. ચીને આ ઘટના ને બળજબરી અને ગુંડાગીરીમાં ખપાવી છે .

> **ખનીજતત્વો અને તેલ પર અમેરિકાની કરડી નજર જોવા મળે છે અને તેના પગલે યુદ્ધ જેવા ગંભીર પ્રશ્નો અને સમસ્યાઓ સર્જાય છે**

ચીને વધુ માં કહયુકે અમે આ પગલાંને આતતાયી પગલાં તરીકે વખોડી નાખીયે છીએ. તમને મદુરા અને તેમના પત્ની ને મુક્ત કરવાની વાત ઉપર ભાર મૂક્યો હતો. ચીનીની આ વાત બેહરા કાને પડીહોય તેમ સ્પષ્ટ જણાય છે આ લખાય છે ત્યાં સુધીમાં યુ એન સી દ્વારા એક કટોકટી ની બેઠેકપણ સંભવિત સમયમાં સારું થઈ હોય તેવું જાણવા મળે છે . આ બેઠક માં ધરપકડો ના સંદર્ભમાં અવનવા પ્રત્યાઘાતો સામે આવવાની શક્યતાઓ જણાય છે. આ દરમિયાન અમેરિકાએ વિશ્વ જમાદારની માફક કરડી કરીને જણાવ્યું છે કે જ્યાં સુધી સંપૂર્ણ સત્તાનો દોર હાથમાં નહીં આવે ત્યાં સુધી અમેરિકા આ દેશનું સુકાન સંભાળશે.

લોક ચર્ચામાં સ્પષ્ટ થયું છે કે વેનેઝુએલા એવો દેશ છે જે શાંતિ ઝંખે છે અને યુધ્ધ જરા પણ પસંદ નથી. એમ કેવામાં આવ્યું હતું કે અમેરિકાના મિત્ર દેશો પૈકીનો આ એક દેશ છે. અમને મહાપરાણે યુધ્ધ તરફ ખેંચી જવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ દેશે કહ્યું કે આ સંપૂર્ણ વનસ્વી કુટ નીતિ છે. જોકે ન્યૂયોર્ક સિટી મેયર જોહરાન મામદાએ માદુરોની ધરપકડ માટે નારાજગી વ્યક્ત કરી છે. આ સમય દરમિયાન કોલંબિયાએ પણ આ જોહુકમી હુમલા સામે પોતાની નારાજગી પ્રગટ કરી છે. એમ કહેવાય છે કે આ હુમલો લેટિન અમેરિકાના સાર્વ ભૌમત્ત્વ પરનો પ્રહારાત્મક હુમલો ગણાવ્યો છે. જોકે નોર્થ કોરિયા એ પણ આ હુમલો સ્વતંત્રતા પરનો ગણાવ્યો હતો. આ સમયે દુનિયા બે ભાગમાં વહેંચાઈ ગઈ હોવાનો અનુભવ પણ બૌધિકોને થઈ રહ્યો છે. સૌ કોઈ જાણે છે કે અમેરિકાની નજર નાના દેશોના ખનીજો અને તેલ તરફ રહી છે. તેને જોઈએ છે તેલ અને ખનીજ સંપતિ. કોલંબિયા પણ દક્ષિણ અમેરિકામાં તેલના મોટા ઉત્પાદકો તરીકેનો એક દેશ છે. અમેરિકાની વિદેશ નીતિમાં અમેરિકા ફર્સ્ટનો અભિગમ નજરે પડે છે. તે સમગ્ર રીતે નાના દેશોને દબાણમાં રાખીને પોતાના સમીકરણો રચે છે. તેની આ નીતિ સામે ગણા દેશોની નારાજગી અને ચિંતા સ્પષ્ટ બને છે.

---

### રોંગ સાઈડમાં આવતી મોતના સોદાગર જેવી કારે નિર્દોષોને હોસ્પિટલ ભેગા કર્યા

# ડેડિયાપાડાના ગંગાપુર પાસે નેક્સન કારે 108 એમ્બ્યુલન્સને ટક્કર મારતાં 4ને ઈજા

ભરત શાહ | નર્મદા તા.05

નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના ગંગાપુર પાસે માનવતા અને બેદરકારી વચ્ચેની એક એવી ટક્કર થઈ કે જેનાથી સમગ્ર પંથક ધ્રૂજી ઉઠ્યો છે. જે એમ્બ્યુલન્સ લોકોના જીવ બચાવવા માટે રસ્તા પર દોડતી હોય છે, તે જ એમ્બ્યુલન્સ આજે લોહીલુહાણ હાલતમાં રસ્તા પર પડી હતી. ગંગાપુર પાસે એક બેફામ બનેલી નેક્સન ફોર વ્હીલ ગાડીએ ૧૦૮ એમ્બ્યુલન્સને સામેથી એવી જોરદાર ટક્કર મારી કે અંદર બેઠેલા પાંચેય લોકો ચીસાચીસ કરી ઉઠ્યા હતા. આ અકસ્માત એટલો ભયાનક હતો કે એમ્બ્યુલન્સનો આગળનો ભાગ કચડાઈ ગયો હતો.



સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજનાથસિંહ હિંમ્મતસિંહ ડામોર, જેઓ સાગબારાના રહેવાસી છે, તેમણે આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ, એક ટાટા કંપનીની નેક્સન કાર જેનો નંબર GJ-16-FA-5442 છે, તેના ચાલક કુલદીપભાઈએ કાલબી ટેકરા અને ગંગાપુર વચ્ચેના માર્ગ પર તમામ ટ્રાફિક નિયમોને નેવે મૂક્યા હતા. આ કાર ચાલક પોતાની ગાડી પુરઝડપે અને તદ્દન રોંગ સાઈડમાં ચલાવી રહ્યો હતો. સામેથી આવી રહેલી ૧૦૮ એમ્બ્યુલન્સ (નંબર GJ-18-GC-0831) ને બચવાનો મોકો પણ ન મળ્યો અને કાર સીધી એમ્બ્યુલન્સમાં ઘૂસી ગઈ.

આ માર્ગ અકસ્માતમાં રાજનાથસિંહ ડામોરને શરીરે ગંભીર ગેબી ઈજાઓ પહોંચી છે. જ્યારે જયેશભાઈ સંગાડાને માથાના અને કપાળના ભાગે ગંભીર ઈજાઓ થઈ છે. અકસ્માત એટલો જોરદાર હતો કે સુમીતભાઈના ડાબા પગે ઈજા થઈ છે અને શિવાકુમાર નામના વ્યક્તિને ડાબા પગે ફેકચર થયું છે. રસ્તા પર લોહીના ડાઘ અને ચારે બાજુ વેરાયેલા કાચ જોઈને પસાર થતા લોકોના હૃદય પણ દ્રવી ઉઠ્યા હતા. સ્થાનિક લોકોએ તાત્કાલિક મદદ માટે દોડી જઈ ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડ્યા હતા.

ડેડિયાપાડા પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને તપાસ તેજ કરી છે. નર્મદા જિલ્લામાં વધતા જતા અકસ્માતો વચ્ચે આ ઘટનાએ વાહન ચાલકોની સુરક્ષા પર મોટા સવાલો ઊભા કર્યા છે. જ્યારે રક્ષક જ ભક્ષક બને અને રસ્તા પરના નિયમોનું ઉલ્લંઘન થાય, ત્યારે આવી દુર્ઘટનાઓ સર્જાય છે. હાલમાં પોલીસ દ્વારા આરોપી કાર ચાલક વિરુદ્ધ કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જાણકારોનું કહેવું છે કે જો ડ્રાઈવિંગમાં થોડી પણ સતર્કતા રાખવામાં આવી હોત, તો આ ભયાનક નર્મદા માર્ગ અકસ્માત ટાળી શકાયો હોત.

---

### અધિક નિવાસી કલેકટર સુશ્રી બી.એસ.બારડના અધ્યક્ષ સ્થાને

# જૂનાગઢ કલેક્ટર કચેરી ખાતે વાસ્મો સમિતિની 64મી બેઠક યોજાઇ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.05



તાજેતરમાં રાજ્ય સરકારશ્રીના થયેલા ઠરાવ મુજબ ગ્રામ્ય કક્ષાએ પાણી વિતરણ વ્યવસ્થાપનમાં સુધારો થાય અને તે વ્યવસ્થા વધુ સુદ્રઢ બને તે હેતુસર ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા અમલવારી થતા રીજુવેશન કાર્યક્રમ હેઠળના કામો, અન્ય સરકારી ગ્રાન્ટના તમામ પ્રકારના ગ્રામ્ય આંતરિક પાણી પુરવઠા યોજનાના કામો, તેને મંજુરી આપવી, અંદાજો તૈયાર કરવા સહિતની કામગીરીની ચર્ચા હાથ ધરવામાં આવી હતી. જેમાં કેશોદ તાલુકામાં પીપળી ગામે પાઈપલાઇન, ઉંચી ટાંકી, ઘર જોડાણ આ તમામ કામ ૧૦૦% પૂર્ણ કરવામાં આવી છે અને તેવી જ રીતે વંથલી તાલુકામાં સેંદરડા ગામે પાઈપલાઈન, સંપ, ઘર જોડાણ, પંપ હાઉસ, પમ્પીંગ મશીનરી સહિતના કામો પણ ત્વરિત રીતે પૂર્ણ કરવામાં આવ્યા છે. હર ઘર જલ સર્ટીફીકેશનની કામગીરીમાં ૫૦૬ ગામડામાંથી ૪૯૭ ગામડામાં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. પાણીવેરા પ્રોત્સાહન ગ્રાન્ટ સ્વરૂપે જૂનાગઢ જિલ્લાને રૂ.૧૦,૩૨,૮૬૪ ફાળવવામાં આવ્યા છે.

આ ઉપરાંત ગતિશક્તિ પોર્ટલ પર જૂનાગઢ જિલ્લાના ૨૮૪ જેટલા ગામોની એન્ટ્રી કરવામાં આવી છે. પાણી ગુણવતા ચકાસણી અને એફ.ટી.કે. ટેસ્ટીંગ પ્રોગ્રેસ અહેવાલમાં ૪૯૭ જેટલા ગામોમાં કામગીરી કરવામાં આવી છે. પાણી પુરવઠા ફરિયાદ નિવારણ ૧૯૧૬ ઉપર મળેલ માહિતી મુજબ ચાલુ વર્ષમાં ૫૫ ફરિયાદો આવી હતી. તેમાંથી ૫૫ ફરિયાદનો સુખદ નિકાલ કરવામાં આવી છે.

ગ્રામ્ય કક્ષાની આંતરિક પાણી પુરવઠા યોજનાઓમાં કલોરીનેશન કરવાની કામગીરીમાં કુલ ૧૮ પાણીના નમુના અનફીટ જણાયેલ હતા. તેમાં લગત કામગીરી ધરવામાં આવી હતી.

---

### બેંકના કામકાજ માટે 22 કિ.મી જવું પડે છે

# દેશલપર (ગું) ગામે બેંક સુવિધાના અભાવે લોકો મુશ્કેલીમાં મુકાયા

મહેશ એલ.સોની | નખત્રાણા તા. 05

નખત્રાણા તાલુકા ના દેશલપર (ગુંતલી) ગામે બેંક સુવિધાઓ ઉપલબ્ધ થાય એવી લોકમાંગ ઉઠી છે ઉલ્લેખનિય છે કે સરકાર શ્રી ના નિર્ધાર મુજબ કોઈ ગામ બેંક સુવિધાઓ થી વંચીત ન રહે ત્યારે દેશલપર (ગું) ગામ સહિત આ વિસ્તાર ના આજુ બાજુના અંદાજિત 15 ગામોનુ દેશલપર (ગું) ગામ સેન્ટરનું ગામ છે સૌ લોકોની માંગ છે કે દેશલપર (ગું) ગામે સરકાર શ્રી દ્વારા બેંક સુવિધાઓ ઉપલબ્ધ કરાય તો ખેડુત ને પાક ધિરાણ સહીત અન્ય લોકો માટે બેંકના કામકાજ રાહત થશે તેમજ હાલના ગુજરાત રાજ્ય ડીજીટલ સાથે કદમ ભરીર્યુ છે ત્યારે આવા અંતરીયાડ વિસ્તારમાં વિસ્તાર માં બેંક સુવિધાઓ ઉપલબ્ધ કરાય એ જરૂરી છે બેંક માંગ બાબતે પૂર્વ ઉપ સરપંચ પ્રવીણસિંહ સોઢા પ્રતિક્રિયા આપતા જણાવેલ કે બેંકીગ સુવિધાઓના અભાવે ખેડુતને પાક ધિરાણ સહીતના કામકાજ માટે નખત્રાણા જવુ પડે છે ત્યારે નેટવર્ક કારણે તેમજ તાલુકા મથક પર વધારે કામકાજ રહે છે ત્યારે ખેડુતોને ખોટા ધક્કા ખાવા પડે છે તેમજ સરકાર શ્રી સહાય સહીત પશુપાલકોના દુધનુ પેમેન્ટ તેમજ બોનસ સહીત બેંકમાં જ જમા થાય ત્યારે દેશલપર(ગું) ગામ મધ્યે બેંક સુવિધાઓ ઉપલબ્ધ થશે તો આ વિસ્તાર ના લોકો ને મોટી રાહત થશે.

---

### 50 મીટર રાયફલની સ્પર્ધામાં નર્મદા જીલ્લાની પ્રથમ રિનોંગ શુટર બની

# રાજપીપળાની ડૉ. આફરીન કુરેશીનો રાયફલ શુટિંગમાં ડંકો

ભરત શાહ | નર્મદા તા. 05

નર્મદા જીલ્લા જેવા આદિવાસી પછાત વિસ્તારમાં રહેતી યુવતીઓ રમત ગમત ક્ષેત્રે વિશિષ્ટ પ્રવૃત્તિઓ કરી રાજ્ય અને નેશનલ કક્ષા એ નામના મેળવી રહી છે, તેમાંય તબીબી વ્યવસાય સાથે જોડાયેલી યુવતીઓ પણ હવે બાકાત નથી રહી એ રાજપીપળા નગર અને નર્મદા જીલ્લા માટે ખુબજ ગૌરવ ની વાત છે. રાજપીપળા ખાતે છેલ્લા 42 વર્ષથી દાંત ના ડોક્ટર તરીકે ની સેવા બજાવતા ડૉ. કુરેશી ની દીકરી રાયફલ શુટિંગ સ્પર્ધા માં ગત વર્ષ 2025 મા ત્રણ ત્રણ ગોલ્ડ મેડલ, એક સિલ્વર મેડલ પ્રાપ્ત કરી તેમજ 68 મી નેશનલ રાયફલ શુટિંગ સ્પર્ધા માં રિનોંગ થઈ ને પોતાના માટે ઈન્ટરનેશનલ સ્પર્ધાઓ સહિત પોતાની લગન અને મહેનત થી એશિયાડ જેવી ચેમ્પિયનશિપ ના પણ દ્વાર ખોલતા નર્મદા જીલ્લા મા આનંદ ની લાગણી જોવા મળી રહી છે. 68 મી નેશનલ રાયફલ શુટિંગ ચેમ્પિયનશિપ તા 11 થી 31 મી ડિસેમ્બર દરમ્યાન મધ્યપ્રદેશ ના ભોપાલ ખાતે યોજાઈ હતી. આ ચેમ્પિયનશીપ મા 50 મીટર રાયફલ શુટિંગ પ્રોન વુમન ઈન્ડિવિજ્યુઅલ મા ભાગ લઈ નર્મદા જીલ્લા ના રાજપીપળા ની ડૉ આફરીન કુરેશી એ રિનોંગ શુટર તરીકે ની માન્યતા મેળવી હતી, હવે ડૉ આફરીન કુરેશી માટે ઓલ ઈન્ડિયા રાયફલ શુટિંગ ની ટીમ મા પ્રવેશ મેળવવા ના દ્વાર ખુલ્યા છે, ઈન્ડિયન ટીમ મા સિલેક્ટ થઈ ને રાયફલ શુટિંગ ની એશિયાઈ ચેમ્પિયનશિપ મા પણ તે ભાગ લઈ શકે છે ની શક્યતાઓ પ્રબળ બની છે.



---

### દેશલપર (ગું) મચ્છરનું સામ્રાજ્ય વધ્યુ લોકોમાં બિમારીનો ભય


મહેશ એલ.સોની | નખત્રાણા » નખત્રાણા તાલુકાના દેશલપર (ગું) માં આવેલ તળાવમાં વધતી બાવળ ની ઝાડીના સામ્રાજ્ય સહીત તળાવમાં ગંદગીના લીધે ઉપરોક્ત તસવીર માં દેખાતી મચ્છર ની જાત નું પ્રમાણ ખૂબ વધ્યુ છે ખાસ કરીને બસ સ્ટેશન વિસ્તાર સહીત આજુ બાજુ ના લોકો મચ્છરથી પરેશાન થઈ ગયા છે કોઈ ભયંકર રોગ કે બિમારી આવે એ પહેલા સર્તકતા ના ભાગ રૂપે પગલા ભરવા લોક માંગ ઉઠી છે તેમજ તળાવમાં થતી ગંદગી દૂર કરવા તેમજ વધતી બાવળની ઝાડીની સાફ સફાઈ કરાય એવુ ગામલોકો ઈચ્છી રહ્યા છે ઉલ્લેખનિય છે કે તસવીર માં દેખાતી મચ્છર ની જાત થી ડેન્ગ્યુ કે ઝેરી મેલેરીયા થઈ શકે છે એવુ જાણકારો નો મત છે.

---

# સ્ટેમ ક્વિઝ 4.0: ગુજરાતના 1 લાખ વિદ્યાર્થીઓ રચશે નવો વિશ્વ રેકોર્ડ

નરેન્દ્ર દવે | જૂનાગઢ 05

ગુજકોસ્ટ-ગાંધીનગર પ્રાયોજિત 'નેશનલ સ્ટેમ ક્વિઝ 4.0'અંતર્ગત આગામી 7 જાન્યુઆરી, 2026 ને બુધવારના રોજ સવારે 11:00 થી 12:30 દરમિયાન 'ગોલ્ડન અવર' મેગા પ્રિલિમ ટેસ્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રાજ્યભરના દોઢ લાખથી વધુ વિદ્યાર્થીઓ એકસાથે ઓનલાઈન મોડમાં કનેક્ટ થશે અને ઈતિહાસ સર્જશે.




ગુજકોસ્ટ-ગાંધીનગર પ્રાયોજિત 'નેશનલ સ્ટેમ ક્વિઝ 4.0' માં રાજકોટ જિલ્લાના ધોરણ 9 થી 12 ના કુલ 72,293 વિદ્યાર્થીઓ એ પોતાના નામ નોંધાયા છે. આ તમામ વિદ્યાર્થીઓ આ ઐતિહાસિક ઘટનામાં સહભાગી થાય તે માટે જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ, સ્વનિર્ભર, KV અને JNV શાળાઓને પૂર્વ તૈયારીઓ કરવા માટે આદેશ અપાયા છે. 'ગોલ્ડન અવર' શાળાઓ માટે મહત્વની માર્ગદર્શિકા: ટેકનિકલ વ્યવસ્થા: વિદ્યાર્થીઓ માટે ઈન્ટરનેટ સુવિધા ધરાવતા કમ્પ્યુટર, ટેબ્લેટ કે લેપટોપની સુવિધા રાખવી. જરૂર જણાયે વિદ્યાર્થીઓને સ્માર્ટફોન લાવવા સૂચના આપવી અથવા નજીકની સંસ્થાની કમ્પ્યુટર લેબનો સહયોગ લેવો.

---

# નખત્રાણામાં ગુરુ ગરવા સમાજ દ્વારા વાર્ષિક ઉત્સવ યોજાયું



મહેશ એલ.સોની | નખત્રાણા 05

નખત્રાણા મુકામે પરમ પૂજ્ય સંતશ્રી ત્રિકમ સાહેબ મંદિર ખાતે પશ્ચિમ કચ્છ ગુર્જર ગુરુ ગરવા સમાજ દ્વારા વાર્ષિક ઉત્સવ પ્રસંગે (સ્નેહ મિલન)નું આયોજન કરવામાં આવ્યુ હતુ જેની અંદર કચ્છના સાંસદ સભ્ય શ્રી વિનોદભાઈ ચાવડા ,અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા સહિત રાજકીય આગેવાન હાજર રહ્યા હતા જેવોનું સમિતી દ્વારા પ્રતિક રૂપે ત્રિકમ સાહેબની ફોટોગ્રાફ સહીત સાલથી સન્માન કરાયુ હતુ આ સ્નેહ મિલન સમારોહ મા પશ્ચિમ કચ્છ ગુર્જર ગુરુ ગરવા સમાજ શેખા,પુરાણીયા,દવે પરીવાર ના વડીલો ભાઈઓ બહેનો હાજર રહી પાટકોરી ,સંતવાણી સહીત મહા પ્રસાદનો લાભ લીધો હતો તેમજ સમાજ માં શિક્ષણ સહીત અન્ય બાબતો પર ભાર મુકાયો હતો તેમજ વ્યસન મુક્ત રહેવા યુવાનો ને સમાજના વડીલ અને રિટાયર્ડ ફોરેસ્ટ વિભાગના લાલજી ભાઈ શેખા દ્વારા અપીલ કરાઈ હતી સમ્રગ આયોજન નું સંચાલન જયંતિભાઈ દવે દ્વારા કરાયું હતું તેવુ વાલજીભાઈ દવેની યાદીમાં જણાવ્યુ હતું.

---

### સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે

# દેડિયાપાડા સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ ખાતે વાલી મિટીંગ યોજવામાં આવી

ભરત શાહ | નર્મદા તા. 05

હાલમાં ગુજરાત સરકાર દ્વારા પોલીસ વિભાગમાં ભરતી પ્રક્રિયા માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેમાં યુવક-યુવતીઓ મોટી સંખ્યામાં તૈયારી કરી રહ્યા છે. દેડિયાપાડા-ચીકદા તાલુકા કર્મચારી આદિવાસી લોકકલ્યાણ ગ્રુપ દ્વારા PSI, પોલીસ કોન્સ્ટેબલ સહિત વિવિધ ૮ કેડરની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે દેડિયાપાડા સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ ખાતે વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ વાલી મિટીંગમાં વિદ્યાર્થીઓની પરીક્ષા તૈયારીની સ્થિતિ, અભ્યાસક્રમ, શિસ્ત, નિયમિત અભ્યાસ તેમજ સમય વ્યવસ્થાપન અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ વિદ્યાર્થીઓની સફળતા માટે વાલીઓનો સહકાર અત્યંત મહત્વનો હોવાનું ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું. આ કર્મચારી ગ્રુપ દ્વારા હાલ આદિવાસી સમાજના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓને અનુભવી ફેકલ્ટી દ્વારા કોચિંગ આપવામાં આવી રહ્યું છે. આવનારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પણ સઘન તૈયારી કરાવવામાં આવશે. આ પ્રસંગે દેડિયાપાડા-ચીકદા તાલુકાના વિવિધ વિભાગોના કર્મચારીઓ સામાજિક જવાબદારીના ભાવ સાથે એક મંચ પર આવી આદિવાસી સમાજના બાળકોને આગળ વધારવા માટે ભગીરથ પ્રયાસ હાથ ધર્યો હોવાનું જણાવ્યું હતું. સમાજના બાળકોને યોગ્ય માર્ગદર્શન અને સકારાત્મક દિશા આપવાના ઉદ્દેશ્ય સાથે આ પહેલ શરૂ કરવામાં આવી છે. મિટીંગમાં કર્મચારીઓ, વાલીઓ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

# વાવ-થરાદ જિલ્લામાં કુદરતી આપત્તિ વ્યવસ્થાપન માટે તાલુકા કક્ષાએ લાયઝન અધિકારીશ્રીઓની નિમણૂક કરાઈ

મહેશ સોલંકી | પાલનપુર તા.05

વાવ- થરાદ જિલ્લામાં પુર, વાવાઝોડું, ભારે વરસાદ તેમજ અન્ય કુદરતી આપત્તિ સમયે અસરકારક રીતે સામનો કરી શકાય અને શક્ય તેટલું નુકશાન ઘટાડવાના આયોજનના ભાગરૂપે તેમજ તાલુકા કક્ષાએ વિવિધ કામગીરીનું સુયોગ્ય સંકલન થાય તે હેતુસર તાલુકા કક્ષાએ લાયઝન અધિકારીશ્રીઓની નિમણૂક કરવામાં આવી છે. જે અનુસંધાને નીચે દર્શાવેલ અધિકારીશ્રીઓને તેમની સામે દર્શાવેલ તાલુકાઓમાં લાયઝન અધિકારી તરીકેની કામગીરી અન્ય હુકમ ન થાય ત્યાં સુધી સુપ્રત કરવામાં આવે છે. ૧. પ્રાંત અધિકારીશ્રી, થરાદ - થરાદ તાલુકા તથા રાહ (થરાદ નપાવિસ્તાર સહિત), ૨. પ્રાંત અધિકારી, દિયોદર - દિયોદર તથા લાખણી તાલુકા, ૩. પ્રાંત અધિકારી, સુઈગામ - ભાભર તથા સુઈગામ તાલુકા (ભાભર નપાવિસ્તાર સહિત), ૪. નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત), જી.પં. વાવ-થરાદ - વાવ તથા ધરણીધર તાલુકા. લાયઝન અધિકારીઓએ કુદરતી આપત્તિની પરિસ્થિતિમાં તેઓને સોંપેલ તાલુકામાં ગામોની મુલાકાત લઈ ભૌગોલિક પરિસ્થિતિનો કયાસ મેળવવો, નીચાણવાળા તથા અસરગ્રસ્ત થવાની સંભાવના ધરાવતા ગામો તેમજ સંભવિત સ્થળાંતર તથા ડેમ સાઈટ વિસ્તારમાં આવેલા ગામોની યાદી તૈયાર કરવી રહેશે.


---

### AAPએ સમગ્ર ગુજરાતમાં આજથી ડોર ટુ ડોર કેમ્પેઇન શરૂ કર્યું

# વર્ષોથી કોંગ્રેસમાં કાર્યરત સંજયસિંહ રાજ AAPમાં જોડાયા: ઈસુદાન ગઢવી

(એજન્સી) અમદાવાદ/આણંદ તા.05

આજે કોંગ્રેસ અને કરણી સેનામાં પોતાની સેવા આપી ચૂકેલા સંજયસિંહ રાજ AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની હાજરીમાં આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. આ મુદ્દે વાત કરતા પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, અરવિંદ કેજરીવાલની કામની રાજનીતિથી પ્રેરાઈને ગુજરાતમાં આમ આદમી પાર્ટીની એટલી લોકપ્રિયતા વધી છે કે દરરોજ મજબૂત લોકો જોડાઈ રહ્યા છે. આજે મને કહેતા આનંદ થાય છે કે આણંદના આંકલાવ વિધાનસભા મતવિસ્તારમાં રહેતા અને સામાજિક આગેવાન અને કોંગ્રેસ સાથે વર્ષોથી જોડાયેલા સંજયસિંહ રાજ આજે આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. સંજયસિંહ રાજ કરણી સેના ગુજરાત પ્રદેશ મુખ્ય પ્રવક્તા રહી ચુક્યા છે. સંજયસિંહ રાજ આજે ભાજપ અને કોંગ્રેસના લગભગ 60 જેટલા પદાધિકારીઓ અને સામાજિક



આગેવાનો સાથે આજે આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. આગામી સમયમાં તેઓ ત્રણથી ચાર હજાર લોકો સાથે સભાઓ કરીને વધુ લોકોને જોડશે. આજે તેઓ પ્રદેશ કાર્યાલય ખાતે આમ આદમી પાર્ટીની વિચારધારા સાથે જોડાઈ રહ્યા છે. આમ આદમી પાર્ટીના આણંદ જિલ્લા પ્રમુખ વિજયભાઈની આગેવાનીમાં સંજયસિંહ રાજ પોતાની મજબૂત ટીમ સાથે આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે ત્યારે હું તેમનું ભાવભર્યું સ્વાગત કરું છું. ત્યારબાદ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પોતાના હસ્તે સંજયસિંહ રાજને ખેસ પહેરાવીને વિધિવત રીતે આમ આદમી પાર્ટીમાં જોડ્યા હતા.

---

### NFHSનો ચોંકાવનારો રિપોર્ટ | કુપોષિત બાળકો કુપોષણમાંથી બહાર આવે, એવી કોઈ વ્યવસ્થા સરકાર કરી શકી નથી

# કુપોષણ મુદ્દે ગુજરાત છેલ્લેથી બીજા ક્રમે: ઈસુદાન ગઢવી

(એજન્સી) અમદાવાદ તા.05

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે NFHSનો ચોંકાવનારો રિપોર્ટ આવ્યો છે, જેમાં કુપોષણ મુદ્દે ગુજરાત દેશમાં છેલ્લેથી બીજા ક્રમે આવ્યું છે. હું વારંવાર કહેતો હતો કે ગુજરાતમાં હાલ જે સરકાર છે, તેમાં ભાજપના મુખ્યમંત્રીઓ, મંત્રીઓ, પદાધિકારીઓને સરકાર ચલાવતા આવડતી નથી. ગુજરાત ખૂબ પાછળ ધકેલાઈ રહ્યું છે. કુપોષણ મામલે ઉત્તર પ્રદેશની હાલત ખૂબ ખરાબ હતી. ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર કરતાં પણ આપણી હાલત અત્યારે ખરાબ છે. કુપોષણમાં 32 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગુજરાતનો અત્યારે 31મો નંબર છે.



ગુજરાતમાં કુપોષિત બાળકો દિવસે અને દિવસે વધી રહ્યા છે, એટલા માટે વધી રહ્યા છે કે કારણ કે ગરીબો માટે કોઈ વ્યવસ્થા ઊભી કરી શક્યા નથી. બાળકો કુપોષણમાંથી બહાર આવે તેના માટેની કોઈ વ્યવસ્થા કરી શક્યા નથી. માત્ર હવામાં વિકસિત ગુજરાતની વાતો કરવામાં આવે છે. ગુજરાતમાં ભાજપના 20,000 પદાધિકારીઓ સિવાય કોઈનો વિકાસ થયો નથી, બધા લોકો પાછળ જઈ રહ્યા છે. માત્ર જનતા ટેક્સ જ ભરે છે. AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ગાંધીનગરમાં ફેલાયેલા રોગચાળા વિશે વાત કરતા જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં પણ ઈન્દોર જેવી જ ઘટના બની છે. હમણાં નવી પાઈપલાઈન નાખી તેમાં ગટરનું પાણી મિક્સ થઈ જતા અનેક લોકો બીમારીનો ભોગ બન્યા છે. તેનો મતલબ કે કેટલી મજબૂત પાઈપલાઈન નાખી હશે? શું અંગ્રેજો મૂર્ખા હતા કે સો સો વર્ષ સુધી પાઈપલાઈન ચાલતી હતી? આ ભાજપવાળા પાસેથી શીખવાની જરૂર છે, માત્ર બે વર્ષમાં પાઈપલાઈન તૂટી જાય છે અને તેમાંથી ગટરનું પાણી મિક્સ થઈ જાય છે. અમિત શાહની લોકસભા વિસ્તારમાં શુદ્ધ પાણી મળી રહ્યું નથી, લોકોને ગંદુ પાણી પીવાથી ટાઈફોઈડ થયા છે અને મોતની સામે ઝઝૂમી રહ્યા છે અને અમિત શાહ મોટા મોટા બણગાં ફૂંકી રહ્યા છે. દુઃખ સાથે કહેવું પડે છે કે ગુજરાતીઓ આત્મા જગાડો, હવે તમારા બાળકોના જીવ પર ભાજપ રમત રમી રહ્યું છે. એક બાજુ કુપોષિત બાળકની વાત અને આ જ કુપોષિત બાળકના માતા પિતા જ્યારે ભાજપને મત આપે છે ત્યારે ખૂબ ચિંતા થાય છે, હજુ પણ આપણે આપણી આત્માને જગાડી શક્યા નથી. ગાંધીનગર જેવા વિસ્તારમાં કે જ્યાં મહાનગરપાલિકા, તાલુકા, જિલ્લા પંચાયત, સાંસદ,મંત્રી, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પણ ભાજપની છે, છતાં પણ શુદ્ધ પીવાનું પાણી મળી રહ્યું નથી અને લોકો અત્યારે મોતની સાથે ઝઝૂમી રહ્યા છે, આ ભાજપને મત આપવાનું પરિણામ છે.

---

### અરજદારો આગામી 23 જાન્યુઆરી 2026 સુધી અરજી કરી શકશે

# પી.એમ. પોષણ યોજના અંતર્ગત કેન્દ્ર સંચાલકની ભરતી અંગે જાહેરાત

મહેશ સોલંકી | પાલનપુર તા.05

પીએમ પોષણ યોજના અંતર્ગત પ્રાથમિક શાળામાં કેન્દ્ર સંચાલકની જગ્યા તદ્દન હંગામી ધોરણે અને ઉચ્ચક માનદ વેતનના ધોરણે ભરવાની થાય છે. આ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. જેમાં કુંભાસણ પગાર કેન્દ્ર શાળા(કુંભાસણ), રામપુરા (સામઢી મોટા વાસ) પગાર કેન્દ્ર શાળા (રામપુરા (સામઢી)) ખાતે જગ્યાઓ ભરવાની થાય છે. અરજદારોએ મામલતદાર કચેરી પાલનપુર(ગ્રામ્ય) માંથી અરજી ફોર્મ મેળવીને તા.૨૩/૦૧/૨૦૨૬ સુધીમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા અરજી મોકલવાની રહેશે. ત્યારબાદ મળેલી અરજીઓ માન્ય રહેશે નહીં. આ માટે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ પાસ (જો એસ.એસ.સી. પાસ ઉમેદવાર ઉપલબ્ધ ન હોય તો ધોરણ-૭ પાસને અવકાશ અપાશે) તથા ઉંમર મર્યાદા ૨૦ થી ૬૦ વર્ષની રહેશે. સ્થાનિક, વિધવા અને ત્યકતા મહિલાઓને અગ્રતા આપવામાં આવશે. અરજદારોએ અરજી સાથે શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની ખરી નકલ, ઉંમરનો પુરાવો, ઓળખપત્ર, જાતિ પ્રમાણપત્ર, તબીબી નિરોગી હોવાનું પ્રમાણપત્ર, પોલીસ સ્ટેશનનું પ્રમાણપત્ર, આવકનો દાખલો, ત્યકતા/વિધવા હોવાનો દાખલો મુજબના ડોક્યુમેન્ટ જરૂરી આધાર પુરાવા સાથે જોડવાના રહેશે. આ અંગેની વધુ વિગતો અને શરતો માટે અરજદારો મામલતદાર કચેરી પાલનપુરનો સંપર્ક કરી શકે છે.

### રામપરા-2ના અગ્રણી ભરતભાઈ વાઘ દ્વારા આયોજિત પાવનકારી કાર્યક્રમ

# રાજુલાના ભેરાઈ ગામે નવા બની રહેલા સાકરીયા હનુમાનજીના લાભાર્થે ભવ્ય ડાયરો

અમરેલી: રાજુલા તાલુકાના ભેરાઈ ગામની સીમમાં જ્યાં પવનપુત્રનો વાસ છે, તેવા સુપ્રસિદ્ધ અને ચમત્કારિક સાકરીયા હનુમાનજી મહારાજના સાનિધ્યમાં આસ્થાનું ઘોડાપૂર ઉમટવાનું છે. પીપાવાવ પોર્ટ ફોરવે રોડ પર નિર્માણ પામી રહેલા ભવ્ય મંદિરના લાભાર્થે આગામી મંગળવારે એક એવો લોક ડાયરો યોજાવા જઈ રહ્યો છે, જેની રાહ આખું સૌરાષ્ટ્ર જોઈ રહ્યું છે. શ્રીજી ગ્રુપના યુવા અગ્રણી ભરતભાઈ માણસુરભાઈ વાઘ અને સ્વ. બાઘાભાઈ ભગવાનભાઈ વાઘ પરિવારના નેજા હેઠળ યોજાનારા આ મહોત્સવમાં ભક્તિ, શક્તિ અને સેવાનો ત્રિવેણી સંગમ રચાશે.




અત્યાર સુધીની તાજી સ્થિતિ અને સેવાનો ઈતિહાસ સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, ભરતભાઈ વાઘ આ વિસ્તારમાં માત્ર એક ઉદ્યોગપતિ તરીકે નહીં પણ ગૌસેવા અને ધર્મના રખેવાળ તરીકે જાણીતા છે. દર વર્ષે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજી તેનું ફંડ ગૌશાળામાં અર્પણ કરનાર આ નવયુવાને હવે હનુમાનજીના મંદિર નિર્માણ માટે કમર કસી છે. રામપરા-૨ ગામના સુપ્રસિદ્ધ સંત પૂજ્ય રામદાસ બાપુની તપોભૂમિ અને લાલજી ભગવાનના આશીર્વાદ સાથે, પૂજ્ય રાજેન્દ્રદાસ બાપુના માર્ગદર્શનમાં આ ધર્મકાર્ય સંપન્ન થઈ રહ્યું છે.

તારીખ ૬ જાન્યુઆરી ૨૦૨૬, મંગળવારના રોજ રાત્રે ૯:૦૦ કલાકે શ્રીજી વે-બ્રિજ પાસે સૂર અને સાહિત્યનો દરિયો ઉમટશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ લોક ડાયરામાં પ્રખ્યાત ગાયિકા કાજલ મહેરિયા પોતાની સુરાવલીઓ રેલાવશે, જ્યારે લોક સાહિત્યના આરાધક વિશાલદાન ગઢવી શૌર્ય અને ભક્તિની વાતો પીરસશે. સાથોસાથ મોટિવેશનલ સ્પીકર પારસ પાંધી યુવાપેઢીને જ્ઞાનના ભાથા સાથે જોશે.



## નખત્રાણા શહેરમાં શ્રી શનિદેવ મંદિરમાં કરાયુ સમુહ આરતીનું આયોજન

મહેશ એલ. સોની | નખત્રાણા તા.05

નખત્રાણા કોટડા જડોદર વચ્ચે આવેલા ચતુરભુજ ગોલાઈ તરીકે ઓળખાતા એરિયા પાસે આવેલા શ્રી શનિદેવ મંદિર મધ્યે શનિવાર નાં આયોજન સમિતિ દ્વારા સમુહ આરતીનું આયોજન કરાયું હતું જેની અંદર પ્રસાદનાં દાતા રબારી ભાવેશ ભોજાભાઈ (ઉગેડી) તેમજ રબારી મંગલ રાજાભાઈ (નાની વિરાણી) રહ્યા હતા આ સમુહ આરતી દર્શન માટે નખત્રાણા નગરના તેમજ ભીમપુરા, કોટડા(જ) સહીત મંદિર ના આજુ બાજુના ગામોના ભાવી ભક્તો જોડાઈ આરતી, પ્રસાદનો લાભ લીધો હતો ભક્તિમય વાતાવરણથી ભક્તો પ્રફુલ્લિત થયા હતા જેનો સૌ ભક્તોએ આનંદ વ્યક્ત કરેલ હતો આરતીના પુજારી તરીકે શ્રી ટીનુભાઈ રામાવત રહ્યા હતા.

### મહાનાયક અમિતાભ બચ્ચને પણ કર્યા નમન: હૃદયસ્પર્શી ક્ષણો

# કૌન બનેગા કરોડપતિમાં ગુજરાતનો ડંકો: મિતકુમારની ધીરજને મળ્યું ફળ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.05

કહેવાય છે કે જો તમારા સપનામાં જીવ હોય અને મહેનતમાં સચ્ચાઈ હોય, તો આખી કાયનાત તમને તમારી મંઝિલ સુધી પહોંચાડવા માટે કામે લાગી જાય છે. આવો જ એક કિસ્સો અમદાવાદની સરકારી પોલિટેકનિક કોલેજના પ્રોફેસર મિતકુમાર ઠકરારના રૂપમાં સામે આવ્યો છે. સોની ચેનલના લોકપ્રિય શો 'કૌન બનેગા કરોડપતિ' માં જ્યારે મહાનાયક અમિતાભ બચ્ચને મિતકુમારના નામની જાહેરાત કરી, ત્યારે માત્ર એક વ્યક્તિ નહીં, પણ ૨૫ વર્ષનો સંઘર્ષ હોટ સીટ પર બેઠો હતો.




સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રોફેસર મિતકુમાર ઠકરાર માટે આ માત્ર એક રમત નહોતી, પરંતુ એક સાધના હતી. વર્ષ ૨૦૦૧ માં જ્યારે કેબીસીની બીજી સીઝન શરૂ થઈ, ત્યારથી તેઓ આ મંચ પર પહોંચવા માટે તલપાપડ હતા. એ જમાનો મોબાઈલ કે ઈન્ટરનેટનો નહોતો. મિતકુમાર અડધી રાત્રે એસટીડી પીસીઓ પર જઈને રજીસ્ટ્રેશન કરાવતા હતા. ખાંભા જેવા નાનકડા ગામમાં જન્મેલા એક શિક્ષકના પુત્રએ ક્યારેય હાર ન માની. ૨૦૦૧ થી ૨૦૨૫ સુધીના અવિરત પ્રયત્નો બાદ આખરે કુદરતે પણ તેમની મહેનત સામે નમવું પડ્યું.

જ્યારે 'ફાસ્ટેસ્ટ ફિંગર ફર્સ્ટ' માં જીતીને મિતકુમારનું નામ બોલાયું, ત્યારે તેમની આંખોમાં ૨૫ વર્ષના આંસુ અને હોઠ પર વિજયનું સ્મિત હતું. દોડીને જઈને તેમણે સદીના મહાનાયક અમિતાભ બચ્ચનના ચરણસ્પર્શ કર્યા, ત્યારે બચ્ચન સાહેબે પણ અત્યંત સાદગીથી તેમને નમન કર્યા હતા. આ દ્રશ્ય જોઈને સેટ પર હાજર દરેક વ્યક્તિની આંખ ભીની થઈ ગઈ હતી. પ્રોફેસર મિતકુમાર મૂળ ખાંભાની જે.એન. મહેતા હાઈસ્કૂલના નિવૃત્ત શિક્ષક શ્રી કે.એલ. ઠકરારના પુત્ર છે. તેમણે સાબિત કર્યું કે જ્ઞાન અને ધીરજનું મિશ્રણ ગમે તેવા અશક્ય કામને શક્ય બનાવી શકે છે.

જાણકારો કહે છે કે મિતકુમારની આ સફર આજની યુવા પેઢી માટે એક દીવાદાંડી સમાન છે. જે યુવાનો એક કે બે નિષ્ફળતામાં હિંમત હારી જાય છે, તેમના માટે મિતકુમાર એક જીવંત ઉદાહરણ છે. તેમણે જનરલ નોલેજની પુસ્તકો સાથે વર્ષો સુધી મૈત્રી કરી અને અંતે વિજેતા બન્યા. હાલ અમદાવાદમાં તેમના પરિવાર અને વિદ્યાર્થીઓમાં દિવાળી જેવો માહોલ છે. ચાની કીટલીથી લઈને કોલેજના કેમ્પસ સુધી માત્ર એક જ વાત ચર્ચામાં છે - 'લહેરો સે ડર કર નૌકા પાર નહીં હોતી, કોશિશ કરને વાલો કી હાર નહીં હોતી'.

### હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સોર્સના માધ્યમથી ડાંગ LCBએ રચ્યું ચક્રવ્યૂહ

# ડાંગ લોકલ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા : દોઢ વર્ષથી નાસતો-ફરતો આરોપી સુરતથી ઝડપાયો

સુશિલ પવાર ડાંગ તા.05

ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ દ્વારા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા તેમજ લાંબા સમયથી પોલીસને થાપ આપી રહેલા નાસતા-ફરતા અને વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા માટે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ સૂચનાના કડક અમલીકરણના ભાગરૂપે, ડાંગ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ને દોઢ વર્ષથી વોન્ટેડ એવા આરોપીને સુરતથી દબોચી લેવામાં મોટી સફળતા મળી છે.ડાંગ-આહવા એલ.સી.બી.ના પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.જી. અનડકટ અને તેમની ટીમ જિલ્લામાં પેટ્રોલિંગ અને વોચમાં હતી. આ દરમિયાન ટીમને હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સોર્સના માધ્યમથી એક



અત્યંત ચોક્કસ અને વિશ્વસનીય બાતમી મળી હતી. બાતમી મુજબ, આહવા પોલીસ સ્ટેશનના એક ગુનામાં સંડોવાયેલ અને છેલ્લા દોઢ વર્ષથી પોલીસની પકડથી દૂર રહેતો આરોપી ભગવાનભાઈ માવજીભાઈ કથીરીયા હાલમાં સુરત ખાતે છે.ઝડપાયેલ આરોપી ભગવાનભાઈ અગાઉ આફ્રિકામાં રહેતો હતો અને લાંબા સમયથી વોન્ટેડ હતો. તે સુરતના ઉતરાણ વિસ્તારમાં આવેલી મંગલમ રેસિડન્સીમાં કોઈ સામાજિક પ્રસંગમાં હાજરી આપવા આવ્યો હોવાની જાણ થતા જ એલ.સી.બી.ની ટીમ સતર્ક થઈ હતી. પોલીસની ટીમે સુરત પહોંચી ઉતરાણ વિસ્તારમાં વિવિધ સ્થળોએ રેકી કરી હતી.દરમિયાન, આરોપી મંગલમ રેસિડન્સીના ગેટ પાસે ઊભો હોવાની ખાતરી થતા જ પોલીસે કોઈ તક ગુમાવ્યા વગર તેને ચારે બાજુથી ઘેરી લીધો હતો અને ધરપકડ કરી હતી.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી ભગવાનભાઈ માવજીભાઈ કથીરીયા (રહે.E-304, મંગલમ રેસિડન્સી, ગુજરાતી વિદ્યાલય સામે, ઉતરાણ, સુરત.) વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી, એલ.સી.બી. દ્વારા તેને વધુ તપાસ અને કાયદાકીય પ્રક્રિયા માટે આહવા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

### આરોપીને મહારાષ્ટ્રનાં સટાણા પોલીસને સોંપી દેવાયો

# ડાંગ પોલીસે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી આરોપીની અટકાયત કરી

સુશિલ પવાર ડાંગ તા.05

ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ તથા નાયબ પોલીસ અધિક્ષક કે.આર.ડીમરીનાં માર્ગદર્શન હેઠળ આહવા પોલીસ મથકનાં પી.આઈ. આર.એસ.પટેલની ટીમ દ્વારા મહારાષ્ટ્રના સટાણા પોલીસ મથકનો ઘર ફોડ ચોરીનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી પાડયો છે.તેમજ 70 હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે.

આહવા પોલીસ મથકનાં પી.આઈ.આર.એસ.પટેલનાં સ્ટાફને ખાનગી રાહે બાતમી મળી હતી. જે બાતમીના આધારે મહારાષ્ટ્રના સટાણા પોલીસ મથકના ઘર ફોડ ચોરીના ગુનામા રીઢો આરોપી સામેલભાઈ રામદાસભાઈ પવાર (રહે-ચિંચધરા તા-આહવા જિ-ડાંગ) નાઓ સંડોવાયેલ હોય જેને હ્યુમન



રિસોર્સ આધારે પકડી પાડી ગુનો ડીટેક્ટ કરેલ હતો.તેમજ. મોબાઈલ નંગ 4 જેની કિંમત રૂપિયા 70 હજાર નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે અને આ આરોપીને મહારાષ્ટ્રનાં સટાણા પોલીસને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

### ખેડૂતોના સપના વહી ગયા: કેનાલના સળિયા દેખાયા અને પેરાફીટ ધરાશાયી થઈ

# ભ્રષ્ટાચારનું પાણી ફરી વળ્યું: ભાટપુર-ટીંબા વચ્ચે 15 ફૂટનું મોટું ભંગાણ

કમલેશ પટેલ | સંખેડા તા.05

ભાટપુર-ટીંબા વચ્ચે ત્રણ દિવસ પહેલા જ કેનાલ રીપેરીંગ કરવામાં આવી હતી પરંતુ પાણી આવ્યું અને કેનાલ ફરી તૂટી માટી સહિત ધોવાન થતા કેનાલના સળિયા દેખાવા લાગ્યા બે બાજુ થોડા અંતરે જ ભંગાણ થયું હતું. બંને બાજુએથી મોટી માત્રામાં પાણી કોતરમાં વહી ગયું હતું એક બાજુથી તો આશરે 15 ફૂટ જેટલું મોટું ભંગાણ થઈ ગયું હતું. પેરાફીટ પણ તૂટીને નીચે ધરાસાઈ થઈ ગઈ હતી. કેનાલના સમારકામમાં વપરાયેલા સળિયા પણ બહાર નીકળી ગયા હતા. ખેડૂતોનો આક્ષેપ છે કે કેનાલનું સમારકામ નબળી ગુણવત્તાવાળું થયું છે. હલકી કક્ષાનું કામ થાય છે

માઈનોર કેનાલનું જે કામ થયું છે એ ખૂબ જ તકલાદી થયું છે.



એનાથી સિંચાઈનો લાભ મળવો જોઈએ તેમ મળતો નથી. ઘણો ખર્ચો થાય છે. છતાં હલકી કક્ષાનું કામ થાય છે. જો તપાસ થાય તો મોટા પાયે ભ્રષ્ટાચાર નો આક્ષેપક કરતા ભાટપુરના સ્થાનિક ખેડૂત પ્રશાંત પરમાર દ્વારા જણાવ્યું હતું.

પહેલાં જ પાણીએતૂટીને ખલાસ થઈ ગઈ ખુનવાડ માઈનોર જે ભાટપુરથીપસાર થઈને અહીં આવે છે એ વર્ષોથી તૂટેલી હતી. આજ વર્ષે રીપેર કરી, પણ તે તકલાદી કામને કારણે પહેલાં જ ત્રણ દિવસમાં પાણી આવતા તૂટીને ખલાસ થઈ ગઈ છે. તેમ ટીંબા ગામના સ્થાનિક ખેડૂત હરિવદન પટેલ, દ્વારા જણાવ્યું હતું અને

હવે કોન્ટ્રાક્ટરને પાસે ફરી કામ કરાવવાના છીએ કેનાલ રીપેર કરવા પથરા બધા કાઢી નાખ્યા અને ખેડૂતોએ જે અંદરની બાજુમાં પાણી લઈ જવા માટે કોન્ક્રીટનું લાઈનિંગ કામ પૂરું કર્યું. તે દિવસે રાત્રે ખેડૂતોએ પાણી લઈ જવા માટે પથરા પાછા ગોઠવી દીધા અને પાણી આમાં ચાલુ કરી દીધું. તાજુ જ કોન્ક્રીટ કરેલું હોય એટલું બધું નુકસાન થયું છે કે હવે કોન્ટ્રાક્ટરને પાસે ફરી કામ કરાવવાના છીએ. તેમ ખુનવાડ નર્મદા કેનાલના ડી.ઈ આઈ.ડી.સોલંકી દ્વારા જણાવ્યું હતું.

### બાળ કેળવણી મંદીર દ્વારા છેલ્લા 94વર્ષથી

# બગસરામાં વિવિધ શૈક્ષણિક વિભાગ દ્વારા 200 બાળકોએ માણ્યો સર્જનાત્મકતાનો મહોત્સવ

અશોક મણવર અમરેલી તા.05

અમરેલી જિલ્લાના બગસરા શહેરમાં આવેલ 'બાળ કેળવણી મંદિર' ખાતે ગતરોજ એક અદભૂત નજારો જોવા મળ્યો હતો. જે બાળકો આજે ટેકનોલોજીના ગુલામ બની રહ્યા છે, તેવા ૨૦૦ થી વધુ ભૂલકાઓને સાચા અને નિર્દોષ બાળપણની અનુભૂતિ કરાવવા માટે એક ભવ્ય સર્જનાત્મક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળકોના ખડખડાટ હાસ્ય અને ઉત્સાહથી આખું કેમ્પસ ગુંજી ઉઠ્યું હતું, જે જોઈને હાજર રહેલા વાલીઓની



આંખોમાં પણ હર્ષના આંસુ આવી ગયા હતા. સર્વોદય સરસ્વતી મંદિર અધ્યાપન મંદિર, બાબાપુરથી પધારેલી ૧૫ બહેનોએ આ શિબિરમાં જાન ફૂંકી દીધી હતી. બાળકોને માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં, પણ જીવન જીવવાની કળા અને સર્જનાત્મકતા શીખવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી.

### ગીરના ઈતિહાસમાં પ્રથમવાર બની ઘટના

# નોઘણવદર શાળાના 150મા સ્થાપના દિવસની ભાવપુર્ણ ઉજવણી કરાઇ

તખુભાઈ સાંડસુર | વેળાવદર તા.05

ભાવનગરના પાલીતાણા તાલુકાના નોઘણવદરની પ્રા. શાળાના ૧૫૦ વર્ષ પૂર્ણ થતા કલેકટર શ્રી મનિષ બંસલના અધ્યક્ષસ્થાને સુંદર કાર્યક્રમનુ તા. 3/1/26 શનિવારે આયોજન કરવામાં આવ્યું.જેમાં શાળાના ભૂતપૂર્વ શિક્ષકોનુ સન્માન ગામના ઉધોગપતિઓ અને ગામના દાતાશ્રીઓનુ મોમેન્ટ અને શાલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યું. શાળાના બાળકો દ્વારા વિવિધ વેશભૂષાઓ સાથે સાંસ્કુતિક કાર્યક્રમ



યોજવામા આવ્યો.

આ કાર્યક્રમમાં કલેકટરશ્રી ઉપરાંત પાલીતાણા પ્રાંત અધિકારી શ્રી અંકીત પટેલ, ડી વાય એસ પી શ્રી મહિર બારીઆ, મામલતદાર શ્રી અર્જુનસિંહ ડોડીયા સહિતના અધિકારીઓએ ખાસ હાજરી આપી હતી.

### ગીરના ઈતિહાસમાં પ્રથમવાર બની ઘટના

# માનવભક્ષી સિંહણને પકડવા છોડેલું ગન-ઈન્જેક્શન ટ્રેકરને વાગી ગયું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.05

વિસાવદરના નાની મોણપરી ગામમાં એક અત્યંત કરુણ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. રવિવારે સવારે વન વિભાગની ટીમ એક માસૂમ બાળકને ફાડી ખાનાર સિંહણને પકડવા માટે ગઈ હતી.

આ દરમિયાન સિંહણને બેભાન કરવાની ટ્રાંક્વીલાઈઝર ગનમાં ભરેલું ઈન્જેક્શન ભૂલથી વન વિભાગની ટીમ પૈકીના એક કર્મચારી અશરફ ચૌહાણને વાગી જતાં તેઓ બેભાન થઈ ગયા હતા. જોકે, આ ઘટનામાં સારવાર દરમિયાન અશરફ ચૌહાણ નામના ટ્રેકરનું મોત નીપજ્યું છે.

આ સમાચાર બાદ પરિવારના માથે દુઃખનો પહાડ ઉમટી પડ્યો છે. સામાન્ય શબ્દોમાં ટ્રાંક્વીલાઈઝર ગન અથવા ડાર્ટ ગન એ એક વિશિષ્ટ ગન છે. જેનો ઉપયોગ વાઈલ્ડલાઈફ મેન્જમેન્ટ માં વનના પ્રાણીઓને સંભાળ અને પ્રાણી નિયંત્રણ માટે, મોટા અથવા ખતરનાક પ્રાણીઓને સુરક્ષિત રીતે પકડવા માટે કરવામાં આવે છે.

### ગરીબ અને જરૂરિયાતમંદોને મળશે વિશેષ રાહત

# રાજુલામાં મફત નેત્ર નિદાન અને મોતિયાબિંદુ ઓપરેશન કેમ્પ યોજાશે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.05

રાજુલા શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકો માટે એક મહત્વપૂર્ણ અને લોકહિતકારી આરોગ્ય સેવા રૂપે મફત નેત્ર નિદાન અને મોતિયાબિંદુ ઓપરેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ભારત સરકાર દ્વારા સંચાલિત રાષ્ટ્રીય અંધત્વ નિયંત્રણ અને દ્રષ્ટિ હ્રાસ નિવારણ કાર્યક્રમ અંતર્ગત આ કેમ્પ યોજાવાનો છે.

આ સેવા ખાસ કરીને એવા ગરીબ, અશક્ત અને આર્થિક રીતે નબળા વર્ગના દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે, જેઓ આંખની ગંભીર તકલીફ હોવા છતાં સારવાર કરાવી શકતા નથી. આ કેમ્પનું આયોજન ઓ.પી. એચ.એ.ગાંધીનગર, ગાયત્રી પરિવાર ટ્રસ્ટ - ગાયત્રી શક્તિપીઠ રાજુલા, તેમજ સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. કેમ્પમાં આંખોની સંપૂર્ણ તપાસ સાથે સાથે મોતિયાબિંદુના દર્દીઓ માટે મફત ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ રહેશે.

# માણસના જીવનનું મોટું સ્વપ્નું હોય છે ઘર, પરંતુ રૂપિયા વગર સ્વપ્ના પૂરા થતા નથી

**યે તેરા ઘર યે મેરા ઘર યે ઘર બહોત હસીન હૈ, યે ઘર બહોત હસીન હૈ..**

ઘર નું ઘર એ માણસ ના જીવન નું મોટા માં મોટું સ્વપ્નું હોય છે પરંતુ રૂપિયા વગર સ્વપ્ના પૂરા થતા નથી હોતા. માણસ "માલિકી ના ઘર" ના સ્વપ્ના તો જુવે છે પણ બધાંના સ્વપ્ના "લોન" માં અટવાઈ જતા જોવા મળે છે. હાલ ના સમય માં ભારત માં ઘર નું ઘર લેવું એ ખૂબ અઘરું સાબિત થઈ રહ્યું છે.લોન ના ચક્કર માં અટવાઈ ને ઘણીવાર માણસ થાકી ને ખંત થી વસાવેલા ઘરમાં આત્મહત્યા કરવા મજબૂર બની જતો હોય છે. "ઘર નું ઘર" એ પ્રત્યેક ભારતીય ના લાગણી સાથે જોડાયેલ મુદ્દો છે એટલે તો ચૂંટણી પ્રચાર માં પ્રધાન મંત્રી આવાસ યોજના નો ઉલ્લેખ વધારે થાય છે. વિશ્વ ના બધા દેશો કરતા ભારત માં હાઉસિંગ લોન સસ્તી પણ ઈએમઆઇ ખૂબ મોંઘી છે. દરેક દેશ માં હાઉસિંગ લોન માટે "પબ્લિક ફર્સ્ટ" ના વિચારો જોવા મળે છે.ઘર ના ઘર અંતર્ગત વિશ્વ ના અન્ય દેશો એ ભારત કરતા અલગ ખાસ વ્યવસ્થા નક્કી કરી છે. ઓસ્ટ્રેલિયા માં "શેરસ્ટાર્ટ" નીતિ અંતર્ગત સરકાર મિલ્કત ખરીદનાર નો અમુક હિસ્સો ખરીદી લે છે આ કારણોસર નવું ઘર ખરીદનાર પર બોજ પડતો ન હોવાથી ઘર ખરીદનાર ગ્રાહક ને ફાયદો થાય છે. ગ્રીસ અને ઈટાલી માં સસ્તા ઘર,આર્થિક મદદ અને રહેવાની સુવિધા પરિવાર ના કૌશલ્ય પર આધારિત છે. ઈસ્લામિક દેશો માં "ઈસ્લામિક ગીરો" અનુસાર બેંક મિલકત ખરીદે છે ને એમાં વ્યાજ મુક્ત લોન ની વ્યવસ્થા છે.શું આ બધા દેશો માં વિકાસ ના કામો અને ગરીબો માટે ના કાર્ય થતા નહી હોય? આ બધા દેશો ભારત કરતા વિકાસ અને સમૃદ્ધિ ના મામલે દસ ગણા આગળ છે. જ્યાં રાજકીય ઈચ્છાશક્તિ મજબૂત હોય છે ત્યાં દેશ ને પ્રગતિશીલ બનાવવા નો બોજ જનતા પર નાખવો પડતો નથી હોતો.

૨૦૨૩ ના ચોંકાવનારા રિપોર્ટ માં ભારત ના સાત શહેરો માં વધતી જતી ઘર ની કિંમત.મુંબઈ,એનસીઆર,બેંગલોર, હૈદરાબાદ વગેરે સામેલ છે. આનો અર્થ એ થયો કે ભારત ના મેટ્રો સિટી માં સરેરાશ સાઈઝ નું ઘર ખરીદવા ગ્રાહક એ ૧૦૯ વર્ષ બચત કરવી પડશે.

ભારત માં હાઉસિંગ લોનનો દર ૭.૧૫ થી લઈને ૧૦.૨૫ ચાલે છે.વ્યાજ ના દરો વધારે હોવાથી માસિક ઈએમઆઈ પણ વધારે આવે છે ઉદા: હજારે સાડા સાતસો સમજો. લાંબા ગાળે ઘર તો માલિકી નું થાય છે પરંતુ મિલકત ની મૂળ પ્રાઈઝ કરતા બેંક માં ભરેલ ઈએમઆઇ ની ગણતરી કરતા ૭૦ લાખ નું મકાન ગ્રાહક ને કરોડ ઉપર ની કિંમતે પડતું હોય છે.હાલ ના બજેટ માં બિલ્ડિંગ મટીરીયલ પર ટેક્સ વધ્યો છે એના લીધે ભાવ વધતા બોજ પણ ગ્રાહકો પર આવ્યો છે.



ઘરનું ઘર

- રુપાલી દવે

પહેલા ૧૦૦ વાર નું મકાન ૪૦ થી ૪૫ લાખમાં મળતું હતું એ હવે ૫૦ થી ૫૫ લાખ માં મળશે.

ખરેખર ન સમજાય એવી ઘર ની કિંમત અને વ્યાજ દર ની ઈએમઆઇ જોતા લાગે છે કે પચીસ વર્ષ પહેલાં અને પચીસ વર્ષ બાદ એવું તો શું બદલાયું જેના લીધે ઘર ની કિંમત અધધધ વધી છે.

ગરીબ આવાસ યોજના કે પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ અમુક જ સામાન્ય નજીવી રકમ ની પુષ્કળ સ્કીમ બનતી હોય છે પરંતુ આ સ્કીમ ના લાભાર્થીઓ મળે છે ખરી?જો ગરીબ આવાસ યોજના અને પ્રધાનમંત્રી આવાસ યોજના નો લાભ ગરીબો લેતા હોત તો જાહેર સડકો અને ખાંચા ગલી માં ઝૂંપડાઓ ના દબાણો જોવા મળતા ન હોત. લેનારનું જ ચોપડે નામ હોય છે પણ સરકારી કર્મચારીઓ અને ગરીબો વચ્ચે અમુક રકમ ની લેણદેણ બાદ લેનાર નું નામ મહિના માં બદલાઈ જતું હોય છે.સરકારી હાઉસિંગ યોજનાઓ ના કૌભાંડ એટલા હદે વધ્યા છે ને કે નજર સામે દેખાતું હોવા છતાંય સરકારને "હાઉસિંગ" સેકટર તરફ લાલ આંખ કરવી હોતી નથી.

આજ થી ૪૦ વર્ષ પહેલા હાઉસિંગ લોન ના દર ૧૨% થી ૨૦% હતી છતાંય મકાન સસ્તા હતા. ૪૦ વર્ષ પહેલા મકાન સસ્તા હતા આની પાછળ ઘણા કારણો જવાબદાર છે:

૧ જમીન ના ભાવ સસ્તા હતા,મકાન માં વપરાતા રો મટીરીયલ ના ભાવ ઓછા હતા.

૨ મકાન બનાવવા માં વપરાતું સ્ટીલ કે લોખંડ વ્યાજબી ભાવે મળતા હતા.


૩ માન્યું કે બેંક ના વ્યાજ દરો ખૂબ ઊંચા હતા પરંતુ મિલકત ની કિંમત ઓછી હતી એટલે ઊંચા વ્યાજ દર હોવા છતાંય ઈએમઆઇ ઓછી આવતી હતી.

૪ લોકોની આવક મર્યાદિત હતી એટલે બિલ્ડર મકાનો લોકો ના ખિસ્સા ને પોસાય એ પ્રકાર ના બાંધતા હતા.

૫ ૪૦ વર્ષ પહેલા મકાનો ની કિંમત મધ્યમ વર્ગ ના ખિસ્સા ને પોસાય એવી હતી એની પાછળ સરકાર નીતિ હાઉસિંગ બજાર સંતુલિત રહે એવી હતી.

૬ વર્તમાન સમય ની માફક મોટા પાયે ગરીબ ના નામે આવાસ યોજના બનતી નહતી એટલે વિના કારણ સબસિડી પાછળ સરકારી ભંડોળ ઓછું ખર્ચાતું હતું.

૪૦ પહેલા અને ૪૦ વર્ષ બાદ એવું તો શું બદલ્યું છે કે જેના લીધે વર્તમાન સમય માં મકાન મિલકત ના ભાવ આસમાન ની ઊંચાઈ વધ્યા છે.



માન્યું કે વર્તમાન માં બેંક ના વ્યાજ દર ઓછા છે પરંતુ મિલ્કત ની કિંમત વધારે હોવાથી ઈએમઆઈ વધી જતા એનો બોજ ગ્રાહક પર પડે છે.

મજૂરી,સિમેન્ટ,સ્ટીલ અને જમીન ની કિંમત માં હદ થી વધારે વધારો થયો છે જેનો માર ગ્રાહકો ને ભોગવવો પડતો હોય છે.


ભારત માં ફુગાવા નું પ્રમાણ વધવા થી ખરીદશક્તિ ઘટી છે ને નાણાકીય નીતિઓ ને લીધે મિલ્કત ના ઊંચા ભાવ ને લીધે બેંક લોન ના દર ઓછા હોવા છતાંય બેંક લોન ગ્રાહક ના ખિસ્સા ને પરવડતી નથી.

અમદાવાદ જેવા શહેરોનું ઈન્ફ્રાટ્રક્ચર અદ્યતન થતા જમીન,મકાન અને ફ્લેટ્સ ના ભાવો માં રાતો રાત વધારો નોંધાયો છે એની પાછળ ઘણાખરા અંશે સરકારી નીતિ જવાબદાર છે.હાલ માં અમદાવા શહેરી વિકાસ ઔડા એ ૪૦ વર્ષ બાદ જમીન અને બાંધકામ માટે લેવાતા ડેવલપમેન્ટ ચાર્જ મા દસ ટકા ભાવવધારો કરવાનો નિર્ણય કર્યો છે.વિચારો જયારે ઔડા ની દરખાસ્ત ને સરકારી મંજૂરી મળશે ત્યારે મિલકત ના ભાવ માં અધધધ વધારો થશેજ. ગુજરાત માં જમીન,મકાન અને ફ્લેટ્સના ભાવ મા વધારો એ ૨૫વર્ષ થી એકાએક ઝડપભેર નોંધાયો છે.આજ થી વીસ પચ્ચીસ વર્ષ પહેલા અમદાવાદ ના સેટેલાઈટ, વસ્ત્રાપુર, જજીસ બંગલો વગેરે એરિયા માં ફ્લેટ ની કિંમત આઠ થી દસ લાખ હતી જે અત્યારે વધી ને કરોડ ઉપર પહોંચી ચૂકી છે..

ભારત ની કુલ વસ્તી માં ગરીબ વસ્તી ૫૫%, મધ્યમ વર્ગીય ૩૫% ને ૧૦% લોકો માલેતુજાર છે. આ સ્થિતિ માં સરકાર રાજનીતિ ની રમત માટે ગરીબ કલ્યાણ યોજનાઓ,ગરીબ આવાસ યોજનાઓ અને ખેડૂતો ની સબસિડી પાછળ અધધધ રકમ ખર્ચતી હોય છે. ભારત માં દુનિયા ના અન્ય દેશ કરતા ૩૫% મધ્યમ વર્ગીય અને ૫૫% ગરીબો ની વસ્તી છે. ૩૫% મધ્યમ વર્ગના લોકોના ટેક્સ અને ડાયરેક્ટ ટેક્સ ને આધારે ભારત એ વિકાસ ની ગતિ દોડતો હોય છે.

ભારત માં ૧૦% માલેતુજાર લોકો અને ૫૫% ગરીબો સરકારી ટેક્સ ભરતા નથી. આ કારણોસર દર વર્ષે વર્તમાન ની સરકાર પ્રજા હિત માં બજેટ તો સંસદ માં રજૂ કરે છે પરંતુ એ પ્રજાહિત કરતા ૫૫% અને ૧૦% ભારતીય પ્રજા ના હિતો નું રક્ષણ માટેનું સાબિત થાય છે. સામાન્ય જનજીવન માં વાપરતી ચીજ વસ્તુઓ પર ટેક્સ લાગવાથી અંતે મધ્યમ વર્ગ પર બોજ વધવાથી એની જ કમર તોડવા નો પ્રયાસ છે. બજેટ રજૂ કરનારા રાજકારણીઓ ને ખબર હોય છે કે ૫૫% રાજી થશે તો વોટ ની ચિંતા થી રાહત,૧૦% રાજી થશે તો ચૂંટણી પ્રચાર ના ખર્ચ માં શાંતિ,૩૫% ને રાજી કરવાની જરૂર નથી ચૂંટણી સમયે એની આંખ માં અફીણ આંજી દેશું તો "મોંઘવારી અને ઘર નું ઘર" શબ્દ ને ભૂલી ને સમર્થન માં દોડવા લાગશે.

# હજારોના ગિફ્ટ હેમ્પર્સ, ફ્લાઇટ ટિકિટ ડ્રીમ ડેસ્ટિનેશનની ટૂર...!



**દીપિકાએ ફેન્સ પાછળ કરોડો ખર્ચ્યાં, જુઓ 'મસ્તાની'ના બર્થ-ડેનું મેગા સેલિબ્રેશન!**

બોલિવૂડની 'મસ્તાની' અને એક્ટ્રેસ દીપિકા પાદુકોણ આજે 40 વર્ષની થઈ છે. હાલમાં તે ન્યૂયોર્કમાં વેકેશન માણી રહી છે, જ્યાં તેણે પોતાના પરિવાર સાથે નવા વર્ષની ઉજવણી કરી અને જન્મદિવસ પણ મનાવ્યો. જોકે, થોડા દિવસો પહેલાં, તેણે મુંબઈમાં આયોજિત એક ફૅન મીટમાં તેના ચાહકો સાથે જન્મદિવસની ઉજવણી કરી હતી. આ ફૅન મીટના ફોટા હવે સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે.

બર્થ-ડે પર 'મસ્તાની'નું મેગા સેલિબ્રેશન! ફૅન મીટના ફોટા અને વીડિયોમાં જોઈ શકાય છે કે દીપિકા પાદુકોણ જ્યારે જન્મદિવસનો કેક કાપી રહી હતી, ત્યારે ચાહકોએ તેની ફિલ્મ ઓમ શાંતિ ઓમનું ગીત 'આંખો મેં તેરી' ગાયું હતું. ફૅન મીટની સજાવટની ખૂબ પ્રશંસા થઈ રહી છે અને લોકોનું કહેવું છે કે આ કોઈ પણ સ્ટાર દ્વારા અત્યાર સુધીનું સૌથી સુંદર ફૅન મીટ છે. ગુલાબથી સજાવેલા ટેબલ પર નાસ્તો પીરસવામાં આવ્યો હતો. ફૅન મીટનું સંપૂર્ણ સેટઅપ ફિલ્મ સેટ જેવું લાગી રહ્યું હતું.

ફ્લાઈટ ટિકિટ, 15 હજારના ગિફ્ટ હેમ્પર્સ અને ડ્રીમ ડેસ્ટિનેશનની ટૂર! એક ચાહકે ફૅન મીટની અંદરની વિગતો શેર કરી હતી. તેણે જણાવ્યું કે- દીપિકાએ આ ઈવેન્ટમાં ભાગ લેવા આવેલા 50થી વધુ લોકોની ફ્લાઈટ્સની ટિકિટ કરાવી હતી. તેણે હાજર દરેક લોકોને ગિફ્ટ હેમ્પર પણ આપ્યા, જેની કિંમત લગભગ 15,000 રૂપિયા પ્રતિ હેમ્પર હોવાનું કહેવાય છે. ચાહકે એ પણ જણાવ્યું કે જ્યારે એક ફેને દીપિકાને કહ્યું કે- તેનું સપનું પેરિસ જવાનું છે, તો એક્ટ્રેસે તેનું સપનું પૂરું કરવા માટે પણ કહ્યું અને તેની ટીમે ચાહક સાથે નંબર શેર કર્યા.

દીપિકા પાદુકોણના બર્થ-ડેનો વાઈરલ વીડિયો ફૅન મીટ દરમિયાન દીપિકાએ જાંબલી રંગનો વુલન કૉર્ડ સેટ પહેર્યો હતો. આ ફંક્શનના હોસ્ટે દીપિકાનો ઈન્ટરવ્યૂ પણ લીધો, જેમાં તેણે પોતાની ફિલ્મો સાથે જોડાયેલા ઘણા સવાલોના જવાબ આપ્યા. રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર'ની સફળતા પરના તેના રિએક્શનનો એક વીડિયો વાયરલ થયો છે. ફિલ્મની જીત વિશે પૂછવામાં આવતા તે હસી પડી અને પોતાના વાળ લહેરાવતી જોવામાં મળી હતી. યુવા ટેલેન્ટને ટેકો આપશે! જન્મદિવસ પર, દીપિકા પાદુકોણે યુવા ક્રિએટર્સના ટેલેન્ટને પ્રોત્સાહન આપવા માટે એક પહેલ શરૂ કરી. દીપિકાએ 'ધ ઓન્સેટ પ્રોગ્રામ' શરૂ કરવાની જાહેરાત કરી. આ તેના ક્રિએટ વિથ મી પ્લેટફોર્મનું આગળનું પગલું છે. તેનો ઉદ્દેશ્ય ભારતીય ફિલ્મ, ટીવી અને જાહેરાતમાં કારકિર્દી બનાવવા માંગતા નવા સર્જનાત્મક કલાકારોને તકો પૂરી પાડવાનો છે. આ પ્લેટફોર્મ ખરેખર તેમની પ્રતિભા દર્શાવવા માટે બનાવવામાં આવ્યું છે.

પ્રથમ રાઉન્ડમાં લેખન, દિગ્દર્શન, કેમેરા, લાઈટિંગ, એડિટિંગ, સાઉન્ડ, કલા, કપડાં ડિઝાઈન, હેરસ્ટાઈલ, મેકઅપ અને પ્રોડક્શન જેવા કાર્યોનો સમાવેશ થશે. દિપીકાએ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક વીડિયો શેર કરતા કહ્યું- છેલ્લા એક વર્ષથી, હું ભારત અને તેની બહારની શ્રેષ્ઠ સર્જનાત્મક પ્રતિભાઓને ઓળખવા અને તેને જોવા અને સાંભળવા માટે એક પ્લેટફોર્મ આપવા માટે ઉત્સાહી છું. હું 'ધ ઓન્સેટ પ્રોગ્રામ'ના લોન્ચની જાહેરાત કરતા ખુશી થઈ રહી છે અને હું તમને બધાને સર્જનાત્મક પ્રતિભાની આગામી પેઢી સાથે પરિચય કરાવવા માટે ઉત્સુક છું. 'ધ ઓન્સેટ પ્રોગ્રામ' onsetprogram.in પર મળી શકે છે. લોકો અહીં તેમનું કામ સબમિટ કરી શકે છે અને ઈન્ડસ્ટ્રીમાં શ્રેષ્ઠ લોકો સાથે કામ કરવાની તક મેળવી શકે છે.

# 'ધરમજી આજે પણ યાદોમાં જીવંત' : 'થેપલા-ચટણીનો નાસ્તો તેમને ખૂબ જ પસંદ હતો'

દિગ્ગજ એક્ટર ધર્મેન્દ્રનું 24 નવેમ્બરે નિધન થયું છે. હવે હેમા માલિનીએ ધર્મેન્દ્રના નિધન પછી પહેલીવાર આ આઘાતમાંથી બહાર આવવા વિશે વાત કરી છે. તેમનું કહેવું છે કે આ એક એવો આઘાત છે, જેને સંભાળવો અશક્ય હતો. તેમણે એ પણ જણાવ્યું કે હોસ્પિટલમાં ઈશા, અહાના, સની, બોબી બધા સાથે હતા. બધાને આશા હતી કે આ વખતે પણ દર વખતની જેમ સંપૂર્ણ સ્વસ્થ થઈને ઘરે પાછા ફરશે.

હેમા માલિનીએ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં ધર્મેન્દ્રના નિધન વિશે વાત કરતા કહ્યું છે કે, 'આ એક એવો આઘાત હતો જેને સંભાળવો અશક્ય હતો. પરિસ્થિતિ ખૂબ જ ખરાબ હતી, કારણ કે એક મહિના સુધી જ્યારે તેમની તબિયત સારી ન હતી, ત્યારે અમે સતત સંઘર્ષ કરી રહ્યા હતા. હોસ્પિટલમાં જે કંઈ પણ થઈ રહ્યું હતું, તેની સાથે અમે સતત સંઘર્ષ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. અમે ઈશા, અહાના, સની, બોબી, બધા સાથે ત્યાં હતા. પહેલા પણ ઘણી વાર એવું બન્યું હતું કે તેઓ હોસ્પિટલ ગયા અને સ્વસ્થ થઈને ઘરે પાછા ફર્યા. અમને લાગ્યું હતું કે આ વખતે પણ તેઓ સાજા થઈ જશે.'



આગળ એક્ટ્રેસે કહ્યું- 'તેઓ અમારી સાથે ખૂબ પ્રેમથી વાત કરી રહ્યા હતા. મારા જન્મદિવસ (16 ઓક્ટોબર) પર તેમણે મને શુભેચ્છાઓ પણ આપી હતી. 8 ડિસેમ્બરે તેમનો જન્મદિવસ આવવાનો હતો, જ્યારે તેઓ 90 વર્ષના થવાના હતા, અને અમે તેને સારી રીતે ઉજવવાની તૈયારી કરી રહ્યા હતા. તૈયારીઓ ચાલી રહી હતી અને પછી અચાનક તેઓ અમારી વચ્ચે ન રહ્યા. તેમને પોતાની આંખો સામે આ રીતે તૂટતા જોવા ખૂબ મુશ્કેલ હતું. કોઈને પણ આવી પરિસ્થિતિમાંથી પસાર થવું ન જોઈએ.'

હેમા માલિનીએ ઓનલાઈન પરિવાર વિશે ફેલાઈ રહેલી અફવાઓ પર પણ વાત કરી છે. તેમણે કહ્યું, 'હું ઘણી બધી એવી સામગ્રી જોઈ રહી છું, જેમાં મારા રડવાના વીડિયો છે અને મારી આંખો સુજેલી અને લાલ દેખાઈ રહી છે. હું લોકોને વિનંતી કરું છું કે તેઓ આ બધી વાતોમાં ન આવે. આવી વસ્તુઓ જોઈને મારા ચાહકો અને મિત્રો મને સહાનુભૂતિભર્યા મેસેજ મોકલી રહ્યા છે અને મજબૂત રહેવા કહી રહ્યા છે. પરંતુ હું ખૂબ જ મજબૂત વ્યક્તિ છું. હું મારી લાગણીઓ મારી પાસે જ રાખું છું. આગળ એક્ટ્રેસે કહ્યું, 'જ્યારે 20 વર્ષ પહેલાં મારી માતાનું અવસાન થયું હતું.

# 'દેશીગર્લ'નો 'વિદેશી' રોમાન્સ!

**સ્ટેજની વચ્ચોવચ પ્રિયંકાએ 10 વર્ષ નાના પતિ સાથે લિપલોક કર્યું, લાઈવ કૉન્સર્ટનો VIDEO વાઈરલ**

**પ્રિયંકા ચોપરા અને નિક જોનસ વિશ્વભરના ચાહકોના ફેવરિટ કપલ છે. તેની સિઝલિંગ કેમિસ્ટ્રી ચાહકોને દિવાના બનાવી દે છે અને આ પાવર કપલના રોમેન્ટિક ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર છવાયેલા રહે છે.**



સ્ટેજ પર નિક-પ્રિયંકાનો રોમાન્સ! હાલમાં જ કપલનો એક નવો વીડિયો સામે આવ્યો છે, જેને જોઈને ચાહકો પાગલ થઈ ગયા છે. આ વાઈરલ વીડિયોમાં નિક જોનસ એક કોન્સર્ટમાં લાઈવ પરફોર્મ કરી રહ્યા છે. ત્યારે પ્રિયંકા સ્ટેજ પર દોડીને નિક પાસે જાય છે. પ્રિયંકાએ નિકને સ્ટેજ પર જ પ્રેમથી ગળે લગાવ્યો અને બંનેએ સ્ટેજ પર લિપલોક કર્યું. બંનેની આ કેમિસ્ટ્રી ચાહકોને ખૂબ જ પસંદ આવી રહી છે. લાઈવ કોન્સર્ટમાં જ નિકે પ્રિયંકા પર પ્રેમ વરસાવ્યો અને તેણે પ્રિયંકાને 'આઈ લવ યૂ' કહ્યું. પ્રિયંકા અને નિકનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે.

માલતી મેરીનો વીડિયો પ્રિયંકાએ તેની પુત્રી માલતી મેરી સાથેની એક ક્યૂટ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરી. વીડિયોમાં, માલતી કારમાં બેઠી છે, બારીમાંથી લીલાછમ નેચરલ સીનનો વ્યૂ એન્જોય કરી રહી છે, સાથે જ પાછળ પિતા નિક જોનાસનું ગીત વાગી રહ્યું છે. માલતી ખૂબ જ મસ્તી કરી રહી હોય તેવું લાગે છે. પ્રિયંકાએ વીડિયોને 'હેન્ડપ્રિન્ટ્સ' કેપ્શન આપ્યું અને નિકને ટેગ કર્યો. પ્રિયંકાના ચાહકો માલતીના આ સુંદર હાવભાવને ખૂબ પસંદ કરી રહ્યા છે.

ફેમિલી સાથે વેકેશન પર પ્રિયંકા બીજી તરફ, પ્રિયંકા ચોપરા હાલમાં જ પોતાની પુત્રી માલતી અને પતિ સાથે હોલિડે સીઝનનો આનંદ લેતી જોવા મળી હતી. 'બર્ફી' એક્ટ્રેસે પોતાના ઈન્સ્ટાગ્રામ પર માલતીના બરફની ઋતુ માણતા ફોટા અને વીડિયોની ઝલક શેર કરી છે. પ્રિયંકાએ શેર કરેલા એક વીડિયોમાં તે અને માલતી બરફથી ઢંકાયેલા શહેરમાં ફરતા જોવા મળ્યા હતા. મા-દીકરીની જોડી સફેદ કપડાંમાં ટ્વીનિંગ કરતી ખૂબ જ સુંદર લાગી રહી હતી. પ્રિયંકા અને નિકના લગ્ન 2018માં થયા હતા પ્રિયંકા અને નિકે મે 2018માં એકબીજાને ડેટ કરવાનું શરૂ કર્યું અને તે જ વર્ષે ઓગસ્ટમાં સગાઈ કરી. ડિસેમ્બર 2018માં, તેમણે જોધપુરના ઉમેદ ભવન પેલેસમાં લગ્ન કર્યા. બંનેએ પોતપોતાની સંસ્કૃતિનો આદર કરીને લગ્ન કર્યા. પહેલા લગ્ન હિન્દુ વિધિઓ અનુસાર અને બીજી વખત ખ્રિસ્તી વિધિઓ અનુસાર થયા. આ દંપતીએ 2022માં સરોગસી દ્વારા તેમની પહેલી પુત્રી માલતી મેરી જોનાસનું સ્વાગત કર્યું. એક્ટ્રેસનું વર્કફ્રન્ટ વર્કફ્રન્ટની વાત કરીએ તો, પ્રિયંકા તાજેતરમાં જ 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'ની નવી સીઝનના પહેલા એપિસોડમાં જોવા મળી હતી, જ્યાં તેણે કપિલ શર્મા સાથે ખૂબ મસ્તી કરી હતી. ઉપરાંત, પ્રિયંકા ટૂંક સમયમાં જ એસ.એસ. રાજામૌલીની ફિલ્મ 'વારાણસી'માં જોવા મળશે.

આ ફિલ્મમાં તેની સાથે મહેશ બાબુ અને પૃથ્વીરાજ સુકુમારન પણ મુખ્ય ભૂમિકામાં દેખાશે. મોટા પાયા પર બની રહેલી આ ફિલ્મ વર્ષ 2027માં સિનેમાઘરોમાં રિલીઝ થવાની શક્યતા છે.

**સુનીલ ગ્રોવરની મિમિક્રી પર આમિર ખાનનું રિએક્શન**

# લાગ્યું કે હું મારી જાતને જોઈ રહ્યો છું, કોમેડિયને જયા બચ્ચનની પણ મજાક ઉડાવી

ધ ગ્રેટ કપિલ શર્મા'ના તાજેતરના એપિસોડમાં કોમેડિયન સુનીલ ગ્રોવરે આમિર ખાનનો ગેટઅપ લીધો અને તેમની શાનદાર સ્ટાઈલમાં નકલ કરી. ચાહકો ઉપરાંત આમિર ખાનને પણ સુનીલ ગ્રોવરની નકલ ખૂબ પસંદ આવી. તેણે આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે- સુનીલને જોઈને તેને લાગ્યું કે તે પોતાને જ જોઈ રહ્યો છે. તાજેતરમાં બોલિવૂડ હંગામા સાથેની વાતચીતમાં આમિર ખાને સુનીલ ગ્રોવરની નકલ પર કહ્યું- હું આને નકલ પણ નહીં કહું.

આ એટલું વાસ્તવિક હતું કે મને લાગ્યું કે હું પોતાને જ જોઈ રહ્યો છું. મેં તેની એક નાની ક્લિપ જોઈ છે. હવે હું આખો એપિસોડ જોવા જઈ રહ્યો છું. પરંતુ મેં જે જોયું, તે અમૂલ્ય હતું. હું એટલો હસી રહ્યો હતો કે શ્વાસ લેવો પણ મુશ્કેલ થઈ ગયો હતો."

આમિરે એ પણ કહ્યું છે કે સુનીલ ગ્રોવર દ્વારા નકલ ઉતારવામાં આવતા તેમને જરા પણ ખરાબ લાગ્યું નથી. તેણે કહ્યું, 'એમાં બિલકુલ પણ કોઈ ખરાબ ઈરાદો નહોતો. હું તો સૌથી વધુ હસ્યો.'

# રણવીરની પ્રલયમાં સાઉથની હિરોઈન કલ્યાણીની એન્ટ્રી થઇ

રણવીર સિંહની આગામી ફિલ્મ 'પ્રલય'માં તેની હિરોઈન તરીકે સાઉથની કલ્યાણી પ્રિયદર્શનની એન્ટ્રી થઈ હોવાનું કહેવાય છે.

દુલકીર સલમાનની 'લોકાહઃ ચેપ્ટર વન' ફિલ્મથી જાણીતી બનેલી કલ્યાણીની આ પહેલી બોલિવુડ મૂવી હશે. હંસલ મહેતાના પુત્ર રાજ મહેતા આ ફિલ્મ ડિરેક્ટ કરી રહ્યા છે. ભારે ભરખમ વીએફએક્સ ધરાવતી આ ફિલ્મનું બજેટ બહુ મોટું હોવાનુ કહેવાય છે.

અગાઉ આ ફિલ્મમાં હિરોઈન તરીકે આલિયા ભટ્ટ સાથે વાતચીત ચાલી રહી હોવાની અટકળો પ્રસરી હતી. જોકે, 'લોકાહઃ ચેપ્ટર વન' મલયાલમ ફિલ્મની તાજેતરના સમયની સૌથી વધુ કમાણી કરતી ફિલ્મ બન્યા બાદ નિર્માતાઓનું કલ્યાણી તરફ ધ્યાન ગયું હતું. કલ્યાણીએ પણ સમગ્ર ભારતમાં ફેન બેઝ વિસ્તારવા માટે આ ફિલ્મ પસંદ કરી હોવાનું કહેવાય છે.

# વરિન્દર ચાવલા કહ્યું 'સની દેઓલ પણ જયા બચ્ચનની જેમ ગુસ્સાવાળા છે'

દિગ્ગજ એક્ટર ધર્મેન્દ્રના નિધનનાં થોડા દિવસો પહેલાં સની દેઓલ, પેપ્સ પર ભડકી ગયા હતા. ખરેખર, ધર્મેન્દ્ર હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થઈને ઘરે પહોંચ્યા હતા. આ દરમિયાન ઘણા પેપ્સ તેમના ઘરની બહાર હાજર હતા. ઘરમાંથી નીકળતી વખતે એક દિવસ સની દેઓલ પેપ્સ પર ભડકી ગયા અને ગાળાગાળી કરી. હવે પાપારાઝી વરિન્દર ચાવલાએ તે વિવાદ પર સ્પષ્ટતા આપી છે. તેમનું કહેવું છે કે સની દેઓલ પણ જયા બચ્ચનની જેમ ગુસ્સાવાળા છે.

વરિન્દર ચાવલાએ તાજેતરમાં સિદ્ધાર્થ કાનનને આપેલા ઈન્ટરવ્યુમાં સની દેઓલની ગાળાગાળી પર સ્પષ્ટતા આપતા કહ્યું, 'સની પાજી પણ જયા બચ્ચનની જેમ જ ગુસ્સાવાળા વ્યક્તિ છે. ધરમજીના કેટલા હિન્દુસ્તાની ચાહકો છે, કેટલા તેમને પ્રેમ કરે છે. જે ત્યાં પેપ્સ હતા, જે મીડિયાવાળા હતા, પહેલી વાત તો એ કે તેઓ તેમના ઘરથી ઓછામાં ઓછા 20-30 ફૂટ દૂર હતા. તેઓ પોતાનું કામ જ કરી રહ્યા હતા.'

આગળ તેમણે કહ્યું, 'પેપ્સ તેમના જે ફોલોઅર્સ છે, તેમને બતાવવા માંગતા હતા કે હિન્દુસ્તાનના આટલા મોટા સેલિબ્રિટી છે, તેને મળવા બોલિવૂડના કેટલા લોકો આવી રહ્યા છે. તેમના બધાના દિલમાં કેટલો પ્રેમ છે કે સન્માન છે. આ કંઈ પહેલીવાર તો નથી કરી રહ્યા. હંમેશાથી કરતા આવ્યા છે. ધરમજીનો હોસ્પિટલમાંથી જે વીડિયો લીક થયો, તે કોઈ પેપ્સની ભૂલ તો નહોતી. આંતરિક રીતે તમારી શું સમસ્યા છે ભગવાન જાણે, તમે બહાર આવીને તે ગુસ્સો કાઢશો? જેનું જે મન કરે છે અહીં આવીને ગુસ્સો કાઢી નાખે છે. અમારી શું ભૂલ હતી, અમે તો કામ જ કરી રહ્યા હતા.

ઈન્ટરવ્યુ દરમિયાન વરિન્દર ચાવલાએ એમ પણ કહ્યું છે કે જ્યારે ધર્મેન્દ્રની રિકવરીનું સ્ટેટમેન્ટ સનીની પીઆર ટીમ તરફથી આવ્યું ત્યારે તેમણે તેને પણ પોસ્ટ કર્યું હતું. સની દેઓલને જો પ્રાઈવસી જોઈતી હતી, તો તે પીઆર ટીમથી આ સમાચાર મોકલાવી શકતા હતા, તેમને ગાળો આપવાની જરૂર નહોતી.

વરિન્દર ચાવલાએ કહ્યું છે કે સની દેઓલ દ્વારા અપશબ્દો કહેવામાં આવ્યા પછી તેમણે તરત જ પોતાની ટીમના બધા ફોટોગ્રાફર્સને તેમના ઘરની બહારથી હટાવી દીધા હતા.

# 'હોસ્પિટલની અંદર 200 પોલીસકર્મીઓ હતા'

## ભાણી રાગિણી ખન્નાએ ગોવિંદાને ગોળી વાગવાની ઘટના પછીની સ્થિતિ જણાવી



વર્ષ 2024માં ગોવિંદાથી ભૂલથી મિસફાયર થયું હતું અને એક્ટરને પોતાના જ પગમાં ગોળી વાગી હતી. ઘટનાના તરત જ બાદ તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જેના પછી તેની સર્જરી કરવામાં આવી હતી. તાજેતરમાં આ ઘટનાને લઈને ગોવિંદાની ભાણી અને એક્ટ્રેસ રાગિની ખન્નાએ વાત કરી છે.

પત્રકાર વિકી લાલવાણી સાથેની વાતચીતમાં રાગિનીએ જણાવ્યું કે ગોવિંદાને ગોળી વાગ્યાની જાણકારી તેને પોતાની માતા પાસેથી મળી હતી. રાગિનીએ કહ્યું, "મારી માતાએ મને જણાવ્યું કે તેને એક કોલ આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે ચીચી મામાને ગોળી વાગી છે. તે સમયે અમે બધા ખૂબ જ આશ્ચર્યચકિત હતા. આ પછી મારી માતાએ જણાવ્યું કે તેણે (ગોવિંદા) પોતાને ગોળી મારી દીધી હતી."

એક્ટ્રેસે આગળ જણાવ્યું કે- ઘટનાની જાણકારી મળ્યા પછી તેની માતા તરત જ હોસ્પિટલ માટે નીકળી હતી. જોકે, રાગિની તે સમયે આઘાતમાં હતી, તેથી તે થોડી મોડી હોસ્પિટલ પહોંચી. તેણે કહ્યું કે તે લગભગ ત્રણ કલાક પછી હોસ્પિટલ પહોંચી, જ્યારે તેની માતા અને ભાઈ તરત જ ત્યાં પહોંચી ગયા હતા.

જ્યારે ઈન્ટરવ્યુમાં તેમને પૂછવામાં આવ્યું કે- ઘણા લોકોને આ વાત પર વિશ્વાસ કેમ ન થયો કે ગોળી ભૂલથી ચાલી હતી, ત્યારે રાગિનીએ કહ્યું કે હોસ્પિટલની અંદર લગભગ 200 પોલીસકર્મીઓ તૈનાત હતા. આ ઉપરાંત ગોવિંદાના ઘરની બહાર પણ લગભગ 50 પોલીસકર્મીઓ હાજર હતા, જેથી સમગ્ર મામલાની તપાસ કરી શકાય. રાગિનીએ કહ્યું કે તેને પોલીસ પર પૂરો ભરોસો છે. તેણે જણાવ્યું કે જો આ ઘટનામાં કોઈ અન્ય સામેલ હોત, તો સત્ય સામે આવ્યા વિના આવું શક્ય ન હોત. ગોવિંદાને ગોળી વાગવાની ઘટના 1 ઓક્ટોબર 2024ના રોજ સવારે લગભગ 4:45 વાગ્યે તેમના મુંબઈ સ્થિત જુહુના ઘરે બની હતી. એક્ટરે પોતાની લાઈસન્સવાળી 0.32 બોરની રિવોલ્વર સાફ કર્યા પછી તેને કબાટમાં મૂકી રહ્યો હતો. આ દરમિયાન રિવોલ્વર હાથમાંથી પડી ગઈ અને મિસફાયર થયું.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## ગોલ્ડન ગર્લનો જાદુ વડોદરા ટેબલ ટેનિસ વિજય સાથે ધમાકો




(એજન્સી) વડોદરા । તા. 05

સંસ્કારી નગરી વડોદરાના સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે રમાઈ રહેલી ડબલ્યુટીટી (WTT) યુથ કન્ટેન્ડર ૨૦૨૬ સ્પર્ધામાં ભારતીય યુવા ખેલાડીઓએ શાનદાર દેખાવ કરીને મેદાન મારી લીધું છે. રવિવારે રમાયેલી ફાઈનલ મેચોમાં સિંડ્રેલા દાસ અને સાર્થક આર્યની જોડીએ અદભૂત રમત રજૂ કરીને અંડર-૧૯ મિશ્ર ડબલ્સનું ટાઈટલ જીતી લીધું છે. આ વિજય સાથે સિંડ્રેલાએ માત્ર બે જ દિવસમાં પોતાનું બીજું ટાઈટલ જીતીને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે.

સિંડ્રેલા અને સાર્થકનો તરખાટ અને અત્યાર સુધીની પરિસ્થિતિ અંડર-૧૯ મિશ્ર ડબલ્સની ફાઈનલમાં સિંડ્રેલા અને સાર્થકે ટોપ સીડેડ જોડી અભિનંદ પ્રધિવાધી અને અનન્યા મુરલીધરનને ૧૧-૩, ૧૧-૯, ૧૧-૩ થી એકતરફી મુકાબલામાં હરાવ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, સિંડ્રેલાએ આ અગાઉ શનિવારે ગર્લ્સ અંડર-૧૭ સિંગલ્સનું ટાઈટલ પણ જીત્યું હતું. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા પ્રસ્તુત આ સ્પર્ધામાં ભારતની યુવા પ્રતિભાઓનો દબદબો જોવા મળી રહ્યો છે.

## રિંગમાં રણશિંગુ ફૂંકાયું નેશનલ બોક્સિંગ ચેમ્પિયનશિપ ધમાકો શરૂ



ગ્રેટર નોઈડા | ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડા સ્થિત ગૌતમ બુદ્ધ યુનિવર્સિટી ખાતે રવિવારથી પ્રતિષ્ઠિત 'એલિટ મેન એન્ડ વિમેન નેશનલ બોક્સિંગ ચેમ્પિયનશિપ'નો ભવ્ય પ્રારંભ થયો છે. દેશના દિગ્ગજ મુક્કાબાજ અને એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલિસ્ટ અમિત પંઘાલે પોતાની આગવી શૈલીમાં વિજયી શરૂઆત કરીને આગામી રાઉન્ડમાં પ્રવેશ મેળવી લીધો છે. ભારતીય બોક્સિંગના ઈતિહાસમાં પ્રથમવાર પુરુષ અને મહિલા રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ એક જ સ્થળે એકસાથે યોજાઈ રહી છે, જે આ આયોજનની મુખ્ય વિશેષતા છે. અમિત પંઘાલનો દબદબો અને અત્યાર સુધીની પરિસ્થિતિ બેન્ટમવેટ કેટેગરીમાં એસએસસીબી (SSCB) તરફથી રમી રહેલા અમિત પંઘાલે બિહારના ઉસ્માન મોહમ્મદ સુલતાન સામે રિંગમાં ઉતરીને શરૂઆતથી જ પ્રભુત્વ જમાવ્યું હતું.

## ખેલ પર ભારે પડી હિંસા ભારત બાંગ્લાદેશ ક્રિકેટ વિવાદમાં વર્લ્ડ કપનો બહિષ્કાર

ઈસ્લામાબાદ/ઢાકા | ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં ચાલી રહેલી તંગદિલીની અસર હવે રમતગમતના મેદાન પર પણ જોવા મળી રહી છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) એ એક ચોંકાવનારો નિર્ણય લેતા જાહેરાત કરી છે કે તેમની ટીમ આગામી ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૬ રમવા માટે ભારત નહીં જાય. બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા હુમલા અને ભારતમાં બાંગ્લાદેશી ખેલાડીઓના વિરોધ વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે, જેને કારણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો છે. હિંસાની અસર અને અત્યાર સુધીની પરિસ્થિતિ બાંગ્લાદેશના રમત-ગમત સલાહકાર આસિફ નજરૂલે ફેસબુક પોસ્ટ દ્વારા પુષ્ટિ કરી છે કે ૪ જાન્યુઆરીએ મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે BCCI પર 'સાંપ્રદાયિક નીતિઓ' અપનાવવાનો આક્ષેપ કર્યો છે. મીડિયા અહેવાલ મુજબ, બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતીઓ પર થયેલા અત્યાચારો બાદ ભારતમાં પણ બાંગ્લાદેશ સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો, જેની સીધી અસર ક્રિકેટ પર પડી છે. મુસ્તાફિજુર રહમાન અને IPL વિવાદ આ વિવાદનું તાત્કાલિક કારણ IPL-૨૦૨૬માં બાંગ્લાદેશી બોલર મુસ્તાફિજુર રહમાન પરનો પ્રતિબંધ માનવામાં આવે છે. કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) મુસ્તાફિજુરને ૯.૨૦ કરોડમાં ખરીદ્યો હતો.

યુપી પ્રોમિથિયન્સ ટીમ જાહેરાત: નોઈડામાં ઉત્સાહ, પીજીટીઆઈ પ્રોફેશનલ ગોલ્ફ ટુર્નામેન્ટમાં ૧૦ ખેલાડીઓનો જંગ

# ગોલ્ફના મેદાનમાં નવો રોમાંચ ભારતીય ગોલ્ફ લીગ ધમાકો શરૂ થયો

(એજન્સી) નવી દિલ્હી । તા. 05

ભારતમાં ક્રિકેટ અને ફૂટબોલ બાદ હવે ગોલ્ફની રમતમાં પણ પ્રોફેશનલ લીગનો જાદુ જોવા મળશે. પીજીટીઆઈ (PGTI) દ્વારા આયોજિત ભારતની પ્રથમ એક્સક્લુઝિવ નેશનલ પ્રોફેશનલ ગોલ્ફ લીગ '72 ધ લીગ' એ તેની પ્રથમ ફ્રેન્ચાઈઝી તરીકે નોઈડા સ્થિત 'યુપી પ્રોમિથિયન્સ'ના આગમનની જાહેરાત કરી છે. આ લીગ ભારતીય ગોલ્ફના ઈતિહાસમાં એક નવો અધ્યાય લખવા જઈ રહી છે, જેમાં ખેલાડીઓ અને ચાહકોને આંતરરાષ્ટ્રીય સ્તરનો અનુભવ મળશે.




કપિલ દેવનું સ્વાગત અને અત્યાર સુધીની પરિસ્થિતિ પીજીટીઆઈના પ્રમુખ અને ભારતના મહાન ક્રિકેટર કપિલ દેવે આ નવી ટીમનું લીગમાં હાર્દિક સ્વાગત કર્યું છે. તેમણે જણાવ્યું કે, યુપી પ્રોમિથિયન્સના જોડાવાથી ગોલ્ફ પ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળશે. મીડિયા અહેવાલ મુજબ, આ ટીમની માલિકી પ્રોમિથિયસ સ્કૂલ પાસે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ યોજાનારી પારદર્શક હરાજી દ્વારા પ્રત્યેક ટીમમાં ૧૦-૧૦ પ્રોફેશનલ ખેલાડીઓની પસંદગી કરવામાં આવશે.

ટૂર્નામેન્ટનું માળખું અને રોમાંચક ફોર્મેટ આ લીગ ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬થી શરૂ થશે અને તેની ભવ્ય ફાઈનલ ૬ માર્ચના રોજ યોજાશે. દિલ્હી એનસીઆરના પ્રતિષ્ઠિત ગોલ્ફ કોર્સ જેવા કે ક્લાસિક ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ અને જેપી ગ્રીન્સ ખાતે આ મુકાબલા ખેલાશે. ગેમ ઓફ લાઈફ સ્પોર્ટ્સના સહયોગથી તૈયાર કરાયેલું આ લીગ ફોર્મેટ ખાસ કરીને ટેલિવિઝન અને ડિજિટલ પ્લેટફોર્મ માટે અત્યંત ઝડપી અને પ્રભાવશાળી બનાવવામાં આવ્યું છે.

જાણો સમગ્ર ઘટનાક્રમ અને ગોલ્ફનું ભવિષ્ય ભારતીય ગોલ્ફ અત્યારે પરિવર્તનના આરે છે. યુપી પ્રોમિથિયન્સના માલિક મુકેશ શર્માએ જણાવ્યું કે, આ લીગ ઉભરતા ખેલાડીઓ માટે એક ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડશે. આ લીગ દ્વારા દેશમાં ગોલ્ફની રમતને વધુ લોકપ્રિય અને સુલભ બનાવવાનો લક્ષ્યાંક છે.

ચાહકો માટે લાઈવ મનોરંજન, ફેન ઝોન અને એક્સક્લુઝિવ ડિજિટલ કન્ટેન્ટ જેવી વિશેષતાઓ આ ટુર્નામેન્ટને વધુ આકર્ષક બનાવશે.

## કાંગારૂઓની વળતી લડત એશિઝ પાંચમી ટેસ્ટ રોમાંચમાં ટ્રેવિસ છવાયો



સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ અપડેટ: ઓસ્ટ્રેલિયા 166/2ના સ્કોરે મજબૂત

(એજન્સી) સિડની । તા. 05

ક્રિકેટ જગતની સૌથી પ્રતિષ્ઠિત એશિઝ શ્રેણીની પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાએ વળતો પ્રહાર કરીને મેચને રોમાંચક વળાંક પર લાવી દીધી છે. બીજા દિવસના અંતે ઓસ્ટ્રેલિયાએ ૨ વિકેટ ગુમાવી ૧૬૬ રન બનાવી લીધા છે. ઓપનર ટ્રેવિસ હેડે પોતાની આક્રમક શૈલી જાળવી રાખીને ઈંગ્લેન્ડના બોલરોને બરાબરના ફટકાર્યા છે. હાલમાં કાંગારૂ ટીમ ઈંગ્લેન્ડના પ્રથમ ઈનિંગના સ્કોરથી ૨૧૮ રન પાછળ છે, પરંતુ હેડની અણનમ ૯૧ રનની ઈનિંગે યજમાન ટીમનો પક્ષ મજબૂત કર્યો છે.

જો રૂટની સદી અને અત્યાર સુધીની પરિસ્થિતિ પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડની ટીમે ૩૮૪ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, ઈંગ્લેન્ડ તરફથી જો રૂટે શાનદાર ૧૬૦ રન અને હેરી બ્રુકે ૮૪ રનનું યોગદાન આપ્યું હતું. જોકે, ઓસ્ટ્રેલિયન બોલર માઈકલ નેસરે ૪ વિકેટ ઝડપીને ઈંગ્લેન્ડને મોટો સ્કોર કરતા અટકાવ્યું હતું. જવાબમાં બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમે સાવચેતીપૂર્વક શરૂઆત કરી હતી, પરંતુ ત્યારબાદ ટ્રેવિસ હેડે માત્ર ૮૭ બોલમાં ૧૫ ચોગ્ગાની મદદથી સ્કોરબોર્ડ ગતિમાન રાખ્યું હતું.

સ્ટોક્સનો તરખાટ અને મિડલ ઓર્ડરની સ્થિતિ સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ૨ વિકેટ ઝડપીને ઓસ્ટ્રેલિયાને દબાણમાં લાવવાનો પ્રયાસ કર્યો હતો. તેણે જેક વેધરલ્ડ અને માર્નસ લાબુશેનને આઉટ કરીને ૧૦૫ રનની ભાગીદારી તોડી હતી.

નોર્ધન નાઈટ્સ અનોખી રણનીતિ: જીત રાવલ અને ઝેવિયર બેલે જાતે જ વિકેટ છોડી

સુપર સ્મેશ મેચ ટાઈ: નોર્ધન નાઈટ્સની ચોંકાવનારી રણનીતિ

## ક્રિકેટના મેદાનમાં અજાયબી T20 ક્રિકેટ રિટાયર્ડ આઉટ ઈતિહાસમાં નવો અધ્યાય



(એજન્સી) વેલિંગ્ટન । તા. 05

ન્યૂઝીલેન્ડમાં રમાઈ રહેલી પ્રતિષ્ઠિત સુપર સ્મેશ T20 ટુર્નામેન્ટમાં રવિવારે ક્રિકેટના ઈતિહાસની એક અદભૂત અને અવિશ્વસનીય ઘટના બની છે. નોર્ધન નાઈટ્સ અને ઓટાગો વચ્ચે રમાયેલી મેચમાં જીત મેળવવા માટે નોર્ધન નાઈટ્સના બે-બે બેટ્સમેનોએ પોતાની વિકેટોનું બલિદાન આપ્યું એટલે કે તેઓ 'રિટાયર્ડ આઉટ' થઈને પેવેલિયન ભેગા થયા હતા. T20 ક્રિકેટના ઈતિહાસમાં આ પ્રથમ ઘટના છે જ્યારે એક જ ઈનિંગમાં બે ખેલાડીઓ રણનીતિના ભાગરૂપે રિટાયર્ડ આઉટ થયા હોય. જીત મેળવવા માટે માસ્ટરસ્ટ્રોક અને અત્યાર સુધીની પરિસ્થિતિ ૧૬૭ રનના લક્ષ્યાંકનો પીછો કરી રહેલી નોર્ધન નાઈટ્સની ટીમ એક સમયે મુશ્કેલીમાં હતી. ૧૬ ઓવરના અંતે સ્કોર ૩ વિકેટે ૧૦૯ રન હતો અને છેલ્લી ૨૪ બોલમાં ૫૮ રનની જરૂર હતી. મેદાન પર રહેલો જીત રાવલ ૨૭ બોલમાં માત્ર ૨૩ રન બનાવીને સંઘર્ષ કરી રહ્યો હતો. ટીમને ઝડપી રનની જરૂર હોવાથી, રાવલે ૧૭મી ઓવરના પ્રથમ બોલ બાદ સ્વેચ્છાએ મેદાન છોડવાનો નિર્ણય લીધો જેથી હાર્ડ હિટિંગ બેટ્સમેન ક્રીઝ પર આવી શકે. એક જ ઈનિંગમાં બે વાર બલિદાન અને મેચનો રોમાંચ આશ્ચર્યની વાત તો ત્યારે બની જ્યારે જીત રાવલ બાદ ઝેવિયર બેલ પણ તેની રાહ પર ચાલ્યો. ૧૩ બોલમાં માત્ર ૯ રન બનાવી ચૂકેલા બેલે પણ ૧૮મી ઓવરના પ્રથમ બોલ બાદ રિટાયર્ડ આઉટ થવાનું પસંદ કર્યું. મીડિયા અહેવાલ મુજબ, આ નિર્ણયનો તુરંત ફાયદો જોવા મળ્યો. નવા આવેલા બેટ્સમેન સ્કોટ કુગેલેઈજને માત્ર ૧૨ બોલમાં ૩૪ રને મેચમાં પ્રાણ ફૂંક્યા હતા.

રાંચી રોયલ્સ સામે ટક્કર

## મેદાન પર હોકીનો જાદુ હોકી ઈન્ડિયા લીગ રોમાંચમાં કલિંગાનો વિજય

(એજન્સી) ચેન્નાઈ । તા. 05

તમિલનાડુના ચેન્નાઈ સ્થિત મેયર રાધાકૃષ્ણન હોકી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેન્સ હોકી ઈન્ડિયા લીગ (HIL) માં વેદાંત કલિંગા લાન્સર્સે વિજયી શરુઆત કરી છે. રવિવારે રમાયેલા હાઈ-વોલ્ટેજ મુકાબલામાં કલિંગા લાન્સર્સે રાંચી રોયલ્સને ૪-૨ ના અંતરથી હરાવીને ટૂર્નામેન્ટમાં પોતાના અભિયાનનો શાનદાર પ્રારંભ કર્યો છે. આ મેચમાં બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી, પરંતુ અંતિમ મિનિટોમાં કલિંગાના ડિફેન્સે રાંચીના આક્રમણને ખાળવામાં સફળતા મેળવી હતી. ગોલનો ઘટનાક્રમ અને અત્યાર સુધીની પરિસ્થિતિ મેચની શરૂઆત રાંચી રોયલ્સ માટે શાનદાર રહી હતી. પ્રથમ મિનિટે જ ટોમ બૂને પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવી રાંચીને ૧-૦ થી લીડ અપાવી હતી. જોકે, કલિંગા લાન્સર્સે વળતો પ્રહાર કરતા સાતમી મિનિટે બેલ્જિયન ડ્રેગફ્લિક સ્પેશિયાલિસ્ટ એલેક્ઝાન્ડર હેન્ડ્રિક્સે ગોલ કરીને સ્કોર સરભર કર્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, મનદીપ સિંહે નવમી મિનિટે ગોલ કરીને ફરી રાંચીને આગળ કર્યું હતું, પરંતુ ત્યારબાદ કલિંગાના ગુરસાહિબજીત સિંહે ૧૬મી અને ૨૬મી મિનિટે બે શાનદાર ગોલ કરીને પાસુ પલટી નાખ્યું હતું. ડિફેન્સની મજબૂતી અને નિર્ણાયક વળાંક સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, બીજા ક્વાર્ટરના અંત સુધીમાં એલેક્ઝાન્ડરે ૨૮મી મિનિટે વધુ એક પેનલ્ટી કોર્નર ફટકારી કલિંગાને ૪-૨ ની મજબૂત સ્થિતિમાં લાવી દીધું હતું. ત્રીજા અને ચોથા ક્વાર્ટરમાં રાંચી રોયલ્સે વાપસી કરવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું. ૪૨મી મિનિટે રાંચીને સતત ત્રણ પેનલ્ટી કોર્નર મળ્યા હતા, પરંતુ કલિંગાના ગોલકીપર અને ડિફેન્ડર્સે અભેદ દીવાલ બનીને તમામ પ્રયાસો નિષ્ફળ બનાવ્યા હતા.



મુસ્તફિઝુર અને KKR વિવાદ

## બાંગ્લાદેશમાં IPL 2026 પ્રસારણ પર પ્રતિબંધ મૂકવાનો સરકારે લીધો નિર્ણય

ભારત-બાંગ્લાદેશ ક્રિકેટ સંબંધોમાં તણાવ વધ્યો

(એજન્સી) ઢાકા । તા. 05

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના રાજદ્વારી સંબંધોની ખટાશ હવે ક્રિકેટના મેદાન સુધી પહોંચી ગઈ છે. બાંગ્લાદેશ સરકારે સોમવારે એક મોટો નિર્ણય લેતા દેશમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026 ના તમામ મેચોના પ્રસારણ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકી દીધો છે. આ નિર્ણય ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ને બાંગ્લાદેશી ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને ટીમમાંથી મુક્ત કરવાના આદેશ આપ્યા બાદ લેવામાં આવ્યો છે. આગામી ૨૬ માર્ચથી શરૂ થઈ રહેલી આઈપીએલ પહેલા બાંગ્લાદેશના આ પગલાથી ખેલ જગતમાં ભારે ચર્ચા જાગી છે.



### મુસ્તફિઝુર રહેમાનને કેમ બહાર કરાયો?

માહિતી મુજબ, BCCI એ બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચારોના વિરોધમાં KKR ફ્રેન્ચાઈઝીને મુસ્તફિઝુર રહેમાનને ટીમમાંથી દૂર કરવા નિર્દેશ આપ્યો હતો. KKR એ આ નિર્દેશનું પાલન કરતા રહેમાનને ૨૦૨૬ ના રોસ્ટરમાંથી હટાવી દીધો છે. આના જવાબમાં બાંગ્લાદેશના માહિતી અને પ્રસારણ મંત્રાલયે એક સત્તાવાર પત્ર જારી કરીને જણાવ્યું છે કે, જ્યાં સુધી આગામી સૂચના ન મળે ત્યાં સુધી બાંગ્લાદેશમાં તમામ IPL મેચો અને તેનાથી સંબંધિત કાર્યક્રમોના પ્રસારણ પર રોક રહેશે.

### T20 વર્લ્ડ કપ અંગે બાંગ્લાદેશનો નવો દાવ

આ વિવાદ માત્ર IPL પૂરતો સીમિત નથી. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) એ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) ને ઔપચારિક વિનંતી કરી છે કે ૨૦૨૬ ના મેન્સ T20 વર્લ્ડ કપમાં તેમની મેચો ભારતને બદલે અન્ય કોઈ તટસ્થ સ્થળે ખસેડવામાં આવે. બાંગ્લાદેશે સુરક્ષાના કારણો આગળ ધરીને ભારતની મુસાફરી કરવા સામે અનિચ્છા દર્શાવી છે. ભારત અને શ્રીલંકા સંયુક્ત રીતે આ વર્લ્ડ કપની યજમાની કરવાના છે, પરંતુ બાંગ્લાદેશના આ વલણથી આયોજન સામે પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા થયા છે.

પારદર્શિતાના મુદ્દે // ટેનિસ ખેલાડી સંઘમાં વિવાદ ચરમસીમાએ

# જોકોવિચે પીટીપીએમાંથી રાજીનામું આપ્યું



(એજન્સી) નવી દિલ્હી । તા. 05

ટેનિસ જગતના દિગ્ગજ ખેલાડી નોવાક જોકોવિચે રવિવારે એક આઘાતજનક જાહેરાત કરતા પ્રોફેશનલ ટેનિસ પ્લેયર્સ એસોસિએશન (PTPA) માંથી સંપૂર્ણપણે રાજીનામું આપી દીધું છે. ખાસ વાત એ છે કે જોકોવિચ પોતે જ આ પ્લેયર્સ યુનિયનના સહ-સ્થાપક હતા. પારદર્શિતા અને વહીવટી પ્રક્રિયાઓ અંગેની ચિંતાઓ વ્યક્ત કરતા સર્બિયન લેજેન્ડ જોકોવિચે સ્પષ્ટ કર્યું કે સંસ્થાની વર્તમાન દિશા તેમના મૂલ્યો અને અભિગમ સાથે મેળ ખાતી નથી. આ નિર્ણયથી ટેનિસ જગતમાં ખેલાડીઓના અધિકારો અને સંગઠનની વિશ્વસનીયતા પર મોટા પ્રશ્નો ઊભા થયા છે.

### સ્થાપક જ સંસ્થાથી થયા અલગ

પ્રોફેશનલ ટેનિસ પ્લેયર્સ એસોસિએશનની સ્થાપના ૨૦૧૯ માં વાસેક પોસ્પિસિલ અને નોવાક જોકોવિચ દ્વારા કરવામાં આવી હતી. આ સંસ્થા એટીપી (ATP) અને ડબલ્યુટીએ (WTA) રેન્કિંગમાં ટોચના ૫૦૦ સિંગલ્સ ખેલાડીઓ અને ટોચના ૨૦૦ ડબલ્સ ખેલાડીઓનું પ્રતિનિધિત્વ કરે છે. સંસ્થાનો દાવો છે કે તે ખેલાડીઓના શ્રેષ્ઠ હિતમાં કામ કરે છે અને તેમને સુરક્ષા અને ટેકો પૂરો પાડે છે. જોકે, રવિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જોકોવિચે એક પોસ્ટ દ્વારા પોતાની નારાજગી વ્યક્ત કરી હતી અને સંસ્થા સાથેના તમામ સંબંધો તોડી નાખ્યા હતા.

### પારદર્શિતા અને છબીનો પ્રશ્ન

જોકોવિચે તેની પોસ્ટમાં ગંભીર આક્ષેપો કરતા લખ્યું કે, "ખૂબ વિચાર-વિમર્શ કર્યા પછી, મેં પીટીપીએ (PTPA) થી સંપૂર્ણપણે અલગ થવાનો નિર્ણય લીધો છે. પારદર્શિતા, વહીવટ અને જે રીતે મારી વાણી અને છબીનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું છે તેના અંગેની સતત ચિંતાઓને કારણે આ નિર્ણય લેવો પડ્યો છે." ૩૮ વર્ષીય ટેનિસ સ્ટારે વધુમાં ઉમેર્યું કે તેમને તે વિઝન પર ગર્વ છે જે તેમણે સંસ્થાની સ્થાપના વખતે રાખ્યું હતું, પરંતુ હવે સ્પષ્ટ થઈ ગયું છે કે તેમના વ્યક્તિગત મૂલ્યો સંસ્થાના વર્તમાન માળખા સાથે સુસંગત નથી.

### પરિવાર પર ધ્યાન આપશે

જોકોવિચે જણાવ્યું હતું કે તેઓ હવે મેદાન પરના પોતાના પ્રદર્શન અને પરિવાર પર ધ્યાન કેન્દ્રિત કરશે. મીડિયા અહેવાલ મુજબ, તેમણે કહ્યું કે, "હું મારી ટેનિસ કારકિર્દી અને પરિવાર પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખીશ. ટેનિસની રમતમાં હું એ રીતે યોગદાન આપીશ જે મારા સિદ્ધાંતો અને પ્રામાણિકતાને પ્રતિબિંબિત કરે." તેમણે બાકીના ખેલાડીઓને શુભેચ્છા પાઠવતા ઉમેર્યું કે તેમના માટે આ પ્રકરણ હવે કાયમ માટે બંધ થઈ ગયું છે.

સિડની ટેસ્ટમાં રમત અટકી: ૫૦,૦૦૦ દર્શકોની હાજરીમાં રમત રોકાતા હોબાળો

## ક્રિકેટના 'જૂના પુરાણા' નિયમો સામે બળવો એશિઝ બેડ લાઈટ વિવાદ ગરમાયો

(એજન્સી) સિડની । તા. 05

ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી પાંચમી એશિઝ ટેસ્ટના પ્રથમ દિવસે ખરાબ પ્રકાશ (Bad Light) ને કારણે રમત વહેલી રોકવી પડી હતી, જેના પગલે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (CA) ના સીઈઓ ટોડ ગ્રીનબર્ગે ભારે નારાજગી વ્યક્ત કરી છે. સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ (SCG) ખાતે લગભગ ૫૦,૦૦૦ પ્રેક્ષકોની હાજરી અને ટેલિવિઝન પર લાખો લોકો આ મેચ નિહાળી રહ્યા હતા ત્યારે રમત રોકવાના નિર્ણયને ગ્રીનબર્ગે 'નિરાશાજનક' ગણાવ્યો છે. સીઈઓનો આક્રોશ અને અત્યાર સુધીની પરિસ્થિતિ પ્રથમ દિવસે વરસાદ અને ખરાબ પ્રકાશને કારણે માત્ર ૪૫ ઓવરની જ રમત શક્ય બની હતી. બીજા દિવસની રમત શરૂ થતા પહેલા ટોડ ગ્રીનબર્ગે જણાવ્યું હતું કે, "હું તમારી નિરાશામાં સહભાગી છું. ક્રિકેટમાં ઘણી બાબતો મને પરેશાન કરે છે, પરંતુ ખરાબ પ્રકાશ તેમાંથી એક છે. આપણે મનોરંજનના વ્યવસાયમાં છીએ અને દુનિયામાં એવો કોઈ બીજો વ્યવસાય નથી જે પોતાના ગ્રાહકો (ચાહકો) ની સામે આ રીતે કામ અધૂરું મૂકીને જતો રહે." મીડિયા અહેવાલ મુજબ, આ નુકસાનની ભરપાઈ કરવા માટે હવે બાકીના દિવસોમાં રમત ૩૦ મિનિટ વહેલી શરૂ કરવામાં આવશે.



નિયમોમાં સુધારાની માંગ અને વૈશ્વિક અસર ગ્રીનબર્ગે સ્વીકાર્યું હતું કે તેમની પાસે હાલમાં કોઈ ત્વરિત ઉકેલ નથી, પરંતુ તેમણે આંતરરાષ્ટ્રીય સ્તરે આ મુદ્દે અવાજ ઉઠાવવાની ખાતરી આપી છે. તેમણે ઉમેર્યું કે, "આપણી પાસે હાઈ-ટેક લાઈટ ટાવર્સ અને ટેકનોલોજી છે, છતાં આપણે મેદાન છોડીને ભાગીએ છીએ તે યોગ્ય નથી. આઈસીસી (ICC) ના નિયમો ખૂબ જ જૂના પુરાણા અને રૂઢિચુસ્ત છે, જેમાં પરિવર્તનની જરૂર છે."

## કિમ જોંગ ઉનની યુદ્ધની તૈયારી શરૂ : અમેરિકાની કાર્યવાહીથી ભડકેલા ઉત્તર કોરિયાનો મિસાઈલ ટેસ્ટ અને ચેતવણી

# અમેરિકા અને ઉત્તર કોરિયા તણાવ ચરમસીમાએ પહોંચ્યો

(એજન્સી) પ્યોંગયાંગ | તા. 05

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વેનેઝુએલામાં કરવામાં આવેલા આક્રમક સૈન્ય હુમલા બાદ હવે ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉન રૌદ્ર સ્વરૂપમાં જોવા મળી રહ્યા છે. વેનેઝુએલામાં સત્તા પલટો અને રાષ્ટ્રપતિ માદુરોની ધરપકડથી રોષે ભરાયેલા કિમ જોંગ ઉને સોમવારે અત્યાધુનિક હાઈપરસોનિક મિસાઈલોનું પરીક્ષણ કરીને સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. આ પરીક્ષણ દરમિયાન કિમે ખુલ્લી જાહેરાત કરી હતી કે ઉત્તર કોરિયાની પરમાણુ શક્તિ હવે માત્ર દેખાડો નથી, પરંતુ તે વાસ્તવિક યુદ્ધ માટે સંપૂર્ણ રીતે સજ્જ થઈ ગઈ છે.



### અમેરિકી કાર્યવાહીનો વળતો જવાબ

ઉત્તર કોરિયાની સરકારી ન્યૂઝ એજન્સી દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, રવિવારે કરવામાં આવેલું આ મિસાઈલ પરીક્ષણ વર્તમાન ભૌગોલિક રાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અત્યંત અનિવાર્ય હતું. મીડિયા અહેવાલ મુજબ, ઉત્તર કોરિયાનો સીધો ઈશારો વેનેઝુએલા પર થયેલા અમેરિકી હુમલા તરફ હતો. વેનેઝુએલા અને ઉત્તર કોરિયા બંનેમાં સામ્યવાદી વિચારધારા ધરાવતી સરકારો હોવાથી કિમ જોંગ ઉન આ હુમલાને પોતાના અસ્તિત્વ માટેના જોખમ તરીકે જોઈ રહ્યા છે. આ પરીક્ષણ દ્વારા કિમે અમેરિકાને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેઓ કોઈપણ દબાણ સામે ઝુકશે નહીં.

### જાપાન અને દક્ષિણ કોરિયામાં ખળભળાટ

ઉત્તર કોરિયાના આ પરીક્ષણની ગંભીરતાને પગલે જાપાન અને દક્ષિણ કોરિયામાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બંને દેશોએ પુષ્ટિ કરી છે કે પ્યોંગયાંગ નજીકથી બે બેલેસ્ટિક મિસાઈલો લોન્ચ કરવામાં આવી હતી. આશ્ચર્યની વાત એ છે કે આ પરીક્ષણ એવા સમયે કરવામાં આવ્યું જ્યારે દક્ષિણ કોરિયાના નેતા લી જે મ્યુંગ એક મહત્વપૂર્ણ શિખર સંમેલન માટે બેઈજિંગ જઈ રહ્યા હતા. આ વર્ષનું આ પ્રથમ પરીક્ષણ હોવાથી પાડોશી દેશોની સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી ગઈ છે અને સમુદ્રમાં મિસાઈલના પતન સ્થળ પર નજર રાખી રહી છે.

### 'ન્યૂક્લિયર વોર ડેટરન્સ'ની નવી વ્યૂહરચના

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કિમ જોંગ ઉને દાવો કર્યો છે કે તેમની પરમાણુ સેના હવે 'ન્યૂક્લિયર વોર ડેટરન્સ' (પરમાણુ યુદ્ધ નિવારક) સ્થાપિત કરવામાં સફળ રહી છે. આ વ્યૂહરચનાનો અર્થ એ છે કે ઉત્તર કોરિયા પાસે એટલા શક્તિશાળી હથિયારો છે કે દુશ્મન દેશ હુમલો કરતા પહેલા સો વાર વિચારશે. કિમ જોંગ ઉને જણાવ્યું કે, "અમારી પરમાણુ શક્તિને મજબૂત પાયા પર સ્થાપિત કરવામાં અમને મોટી સફળતા મળી છે અને હવે અમે યુદ્ધના મેદાનમાં કોઈપણ શક્તિને મ્હાત આપવા તૈયાર છીએ."

### વિશ્વ પર પરમાણુ યુદ્ધનું સંકટ

અમેરિકા અને ઉત્તર કોરિયા વચ્ચેનો આ તણાવ હવે ખતરનાક વળાંક લઈ રહ્યો છે. એકબાજુ વેનેઝુએલામાં અમેરિકાનું સંક્રમણ શાસન અને બીજી બાજુ કિમ જોંગ ઉનની પરમાણુ ધમકીને કારણે વિશ્વભરમાં ત્રીજા વિશ્વયુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. રાજકીય વિશ્લેષકો માને છે કે જો સ્થિતિ વધુ વણસશે તો એશિયા-પેસિફિક ક્ષેત્રમાં મોટી લશ્કરી ટક્કર થઈ શકે છે. હાલમાં તમામ દેશોની નજર પ્યોંગયાંગના આગામી પગલા પર છે, કારણ કે કિમ જોંગ ઉન હવે રક્ષણાત્મક નહીં પણ આક્રમક મૂડમાં છે.

## ટ્રમ્પની વેલ્ફેર યાદીમાં પાકિસ્તાન ચીન સામેલ

# ભારતીયોએ અમેરિકાનું ગૌરવ વધારતા ટ્રમ્પ ખુશ

(એજન્સી) વોશિંગ્ટન | તા. 05

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કરેલા તાજેતરના આંકડાઓએ સાબિત કરી દીધું છે કે અમેરિકાની ધરતી પર વસતા ભારતીયો માત્ર મહેનતુ જ નથી, પરંતુ આત્મનિર્ભર પણ છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ૧૨૦ એવા દેશોની યાદી જાહેર કરી છે જેમના વસાહતીઓ અમેરિકા સરકારની સહાય પર નિર્ભર છે. આ યાદીમાં પાકિસ્તાન, ચીન અને બાંગ્લાદેશ જેવા દેશોના નામ મુખ્યતાથી જોવા મળ્યા છે, પરંતુ આશ્ચર્યજનક અને ગૌરવપૂર્ણ રીતે ભારતનું નામ ક્યાંય નથી.

ભારતીયોની આર્થિક તાકાત અને અત્યાર સુધીની પરિસ્થિતિ મીડિયા અહેવાલ મુજબ, અમેરિકામાં વસતા એશિયન સમુદાયમાં ભારતીયો બીજા ક્રમે હોવા છતાં તેઓ સરકારી તિજોરી પર બોજ બનવાને બદલે અર્થતંત્રમાં મોટું યોગદાન આપી રહ્યા છે. આંકડા દર્શાવે છે કે અમેરિકામાં ભારતીય મૂળના લોકોની સરેરાશ વાર્ષિક આવક ૧.૫૧ લાખ ડોલરથી વધુ છે, જે અમેરિકામાં જન્મેલા લોકો કરતા પણ વધારે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ટ્રમ્પના આ ચાર્ટથી સ્પષ્ટ થાય છે કે ભારતીયો મફતની સહાય મેળવવામાં માનતા નથી.

પડોશી દેશોની સ્થિતિ અને યાદીનો ડેટા ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, બાંગ્લાદેશના ૫૪.૮ ટકા અને પાકિસ્તાનના ૪૦.૨ ટકા વસાહતીઓ અમેરિકન સરકારની મદદ લે છે. ભૂતાન ૮૧.૪ ટકા સાથે આ યાદીમાં સૌથી ઉપર છે. આ યાદી જાહેર કરીને ટ્રમ્પે સંકેત આપ્યો છે કે તેઓ આગામી સમયમાં વસાહતીઓ માટેના નિયમો વધુ કડક બનાવી શકે છે, પરંતુ ભારતીયોની સ્વતંત્ર આર્થિક સ્થિતિએ તેમને સુરક્ષિત કરી દીધા છે. જાણો સમગ્ર ઘટનાક્રમ અને ભારતનો દબદબો પ્યૂ રિસર્ચ સેન્ટરના અહેવાલ મુજબ, ભારતીયોની કાર્યક્ષમતા અને બૌદ્ધિક ક્ષમતાને કારણે તેઓ ઉચ્ચ પગારવાળી નોકરીઓમાં અગ્રેસર છે.

## ન્યૂઝ બ્રીફ

### આઝાદીની ગુંજ ગિલગિટ બાલ્ટિસ્તાન બળવો પાક સેના સામે જંગ



ઈસ્લામાબાદ | પાકિસ્તાનના ગેરકાયદે કબજા હેઠળના ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં દાયકાઓથી ચાલી રહેલા અત્યાચાર અને અન્યાય સામે હવે જનતાનો ધૈર્ય ખૂટ્યો છે. પાકિસ્તાની સરકાર અને સૈન્યના લોખંડી શાસન સામે યુવાનોએ બળવો પોકાર્યો છે. ૨૪મી જાન્યુઆરીએ યોજાનારી ચૂંટણીમાં મોટાપાયે ગોબાચારી થવાની આશંકા વચ્ચે હજારો પ્રદર્શનકારીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે, જેને કારણે ઈસ્લામાબાદના શાસકોના પાયા હચમચી ગયા છે. ચિનારબાગથી વિરોધની જ્વાળા અને અત્યાર સુધીની પરિસ્થિતિ જીબી યુથ મુવમેન્ટના નેતૃત્વમાં ગિલગિટના ચિનારબાગથી શરૂ થયેલું આ આંદોલન હવે નગર અને શિગાર જેવા અંતરિયાળ વિસ્તારો સુધી પ્રસર્યું છે.

### બલૂચ ઓળખ મિટાવવાનું ષડયંત્ર બલૂચિસ્તાન માનવાધિકાર કટોકટી વધુ ઘેરી

ક્વેટા | બલૂચિસ્તાનમાં પાકિસ્તાની રાજ્યની નીતિઓ સામે અવાજ ઉઠાવતા જાણીતા કાર્યકર સામી દીન બલૂચે સનસનીખેજ આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું છે કે પાકિસ્તાની સત્તાવાળાઓ બલૂચ સમુદાયને એક રાષ્ટ્ર તરીકે નહીં પણ એક 'દુશ્મન' તરીકે જુએ છે. આ લડાઈ આતંકવાદ સામેની નથી, પરંતુ બલૂચ ઓળખને ભૂંસી નાખવા માટેનું એક વ્યવસ્થિત ષડયંત્ર છે. બલૂચ ઓળખ પર હુમલો અને અત્યાર સુધીની પરિસ્થિતિ સામી દીન બલૂચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું છે કે, રાજ્યની સમસ્યા બલૂચ બળવો કે આતંકવાદ નથી, પરંતુ પ્રત્યેક તે વ્યક્તિ છે જે પોતાની ઓળખ બલૂચ તરીકે આપે છે. આ માનસિકતા હેઠળ પુરૂષો, મહિલાઓ, વૃદ્ધો અને નાના બાળકોને પણ નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

### નાઈજીરિયામાં લોહીયાળ ખેલ, બંદૂકધારીઓએ 30લોકોને મોત ઘાટ ઉતાર્યા



અબુજા | પશ્ચિમ આફ્રિકાના દેશ નાઈજીરિયામાં ફરી એકવાર આતંકવાદીઓએ નિર્દોષ નાગરિકોના લોહીની હોળી રમી છે. નાઈજર રાજ્યના બોરગુ વિસ્તારમાં આવેલા કસુવાન-દાજી ગામમાં ભારે હથિયારોથી સજ્જ બંદૂકધારીઓએ ઓચિંતો હુમલો કરીને ૩૦ થી વધુ ગ્રામજનોને મોતને ઘાટ ઉતારી દીધા છે. હુમલાખોરોએ માત્ર હત્યાઓ જ નથી કરી, પરંતુ મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકોનું અપહરણ કરીને જંગલ તરફ ફરાર થઈ ગયા છે, જેને કારણે સમગ્ર પંથકમાં ભયનો માહોલ છે. અંધાધૂંધ ગોળીબાર અને અત્યાર સુધીની પરિસ્થિતિ સ્થાનિક મીડિયા અહેવાલ મુજબ, શનિવારે સાંજે જ્યારે ગ્રામજનો દૈનિક કાર્યોમાં વ્યસ્ત હતા.

## અમેરિકાની ક્યુબાને ધમકીથી સ્થિતિ વધુ વણસી

# વેનેઝુએલામાં ક્યુબાના સૈનિકોના મોત બાદ બે દિવસનો રાષ્ટ્રીય શોક, લેટિન અમેરિકામાં યુદ્ધના વાદળો ઘેરાયા

(એજન્સી) હવાના | તા. 05

વેનેઝુએલામાં અમેરિકાના તાજેતરના સૈન્ય ઓપરેશનમાં તેના પાડોશી દેશ ક્યુબાને મોટો ફટકો પડ્યો છે. ક્યુબા સરકારે રવિવારે જાહેરાત કરી હતી કે વેનેઝુએલાની રાજધાની કારાકાસમાં અમેરિકી હુમલા દરમિયાન તેના ૩૨ નાગરિકો માર્યા ગયા છે. આ ઘટનામાં વેનેઝુએલાના પદભ્રષ્ટ રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ કરવામાં આવી છે. આ ગંભીર જાનહાનિના પગલે ક્યુબાએ ૫ અને ૬ જાન્યુઆરીના રોજ બે દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી છે. માર્યા ગયેલા તમામ લોકો સત્તાવાર મિશન પર તૈનાત ક્યુબાના સૈન્ય કર્મચારીઓ હોવાનું બહાર આવ્યું છે.

### સૈન્ય સંઘર્ષ અને જાનહાનિ

મીડિયા અહેવાલ મુજબ, ક્યુબાની સત્તાવાર ન્યૂઝ એજન્સી પ્રેન્સા લેટિનાએ જણાવ્યું હતું કે મૃતકો વેનેઝુએલા સરકારની વિનંતી પર ત્યાં ફરજ બજાવી રહ્યા હતા. જ્યારે અમેરિકી સૈન્ય દ્વારા ઓપરેશન શરૂ કરવામાં આવ્યું, ત્યારે ક્યુબાના જવાનોએ વળતી લડત આપી હતી. હવાઈ હુમલા અને સીધા સૈન્ય સંઘર્ષમાં આ જવાનો શહીદ થયા હતા. ક્યુબા અને વેનેઝુએલા વચ્ચે વર્ષો જૂની મિત્રતા છે, જેના કારણે ક્યુબાએ માદુરો સરકારના સમર્થનમાં ત્યાં પોતાની સેના અને પોલીસ કર્મચારીઓ તૈનાત કર્યા હતા.

### ટ્રમ્પની ક્યુબાને સીધી ચેતવણી

બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ સ્થિતિનો લાભ લેતા ક્યુબાને ગંભીર પરિણામોની ચેતવણી આપી છે. એરફોર્સ વન વિમાનમાંથી પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે દાવો કર્યો હતો કે ક્યુબા સરકાર હવે પતનના આરે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, ટ્રમ્પે કહ્યું કે, "ક્યુબાની આવકનો મુખ્ય સ્ત્રોત વેનેઝુએલાનું તેલ હતું, જે હવે બંધ થઈ ગયું છે. ક્યુબા ગમે ત્યારે તૂટી પડશે." ટ્રમ્પે માત્ર ક્યુબા જ નહીં, પરંતુ કોલંબિયા, મેક્સિકો અને ડેનમાર્કને પણ એક જ દિવસમાં વિવિધ મુદ્દે ચેતવણી આપીને પોતાનું આક્રમક વલણ સ્પષ્ટ કર્યું છે.




વેનેઝુએલાના સંરક્ષણ મંત્રી વ્લાદિમીર પાદ્રિનો લોપેઝે માદુરોની ધરપકડને 'અપહરણ' ગણાવીને તેની આકરી નિંદા કરી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા ફોટામાં માદુરોની આંખે પાટા બાંધેલા અને હાથકડી પહેરાવેલી હાલતમાં જોઈ શકાય છે, જે જોઈને સમગ્ર વેનેઝુએલામાં આઘાતની લાગણી પ્રસરી ગઈ છે. ૬૩ વર્ષીય માદુરોને અમેરિકા લઈ જવામાં આવ્યા છે, જ્યાં સોમવારે તેમની સામે ડ્રગ્સ અને માદક દ્રવ્યોના કાવતરાના આરોપો હેઠળ સુનાવણી હાથ ધરવામાં આવશે. જોકે, માદુરોએ હંમેશા આવા ગુનાહિત આરોપોનો ઈનકાર કર્યો છે.

### અમેરિકાની સફળતાનો દાવો

અમેરિકાએ આ ઓપરેશનને 'લાર્જ-સ્કેલ સ્ટ્રાઈક' ગણાવીને પોતાની જીત તરીકે રજૂ કરી છે. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, આ હુમલામાં કુલ મૃત્યુઆંક ૪૦થી વધુ હોઈ શકે છે. ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને જણાવ્યું હતું કે આ એક અત્યંત જટિલ અને વ્યાવસાયિક ઓપરેશન હતું, જેમાં અમેરિકાના પક્ષે એક પણ જાનહાનિ થઈ નથી. ટ્રમ્પે અમેરિકી સૈન્યના નેતૃત્વ અને કાર્યક્ષમતાના ઓવારણાં લેતા કહ્યું કે આટલા મોટા હુમલામાં અમેરિકી સૈનિકોને માત્ર સામાન્ય ઈજાઓ જ થઈ છે તે ખરેખર અદ્ભુત બાબત છે.



### વેનેઝુએલા પર અમેરિકી હુમલામાં ૪૦ના મોત થતા વૈશ્વિક ખળભળાટ

કારાકાસ | દક્ષિણ અમેરિકાના દેશ વેનેઝુએલામાં શનિવારે વહેલી સવારે અમેરિકા દ્વારા કરવામાં આવેલા ભીષણ સૈન્ય હુમલામાં ઓછામાં ઓછા ૪૦ લોકોના મોત થયા છે. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, આ હુમલામાં સૈન્ય કર્મચારીઓ અને નાગરિકો બંનેએ જીવ ગુમાવ્યા છે. અમેરિકી સૈન્યના આ 'લાર્જ-સ્કેલ સ્ટ્રાઈક' બાદ રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમના પત્ની સીલિયા ફ્લોરેસની ધરપકડ કરવામાં આવી છે અને તેમને વિમાન દ્વારા દેશની બહાર લઈ જવામાં આવ્યા છે. આ ઘટનાએ સમગ્ર વિશ્વમાં સનસનાટી મચાવી દીધી છે અને દક્ષિણ અમેરિકાના રાજકારણમાં એક નવો વળાંક લાવી દીધો છે. બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફોક્સ ન્યૂઝ સાથેની વાતચીતમાં આ ઓપરેશનને મોટી સફળતા ગણાવી છે. તેમણે દાવો કર્યો હતો કે અમેરિકા તરફથી કોઈ જાનહાનિ થઈ નથી અને માત્ર થોડા સૈનિકોને ઈજા થઈ છે. ટ્રમ્પે અમેરિકી સશસ્ત્ર દળોની વ્યાવસાયિકતાના વખાણ કરતા કહ્યું કે, "આ એક અત્યંત જટિલ દાવપેચ હતો. લેન્ડિંગ, વિમાનોની સંખ્યા, હેલિકોપ્ટર અને ફાઈટર જેટ્સનું સંકલન અદ્ભુત હતું.

## આઈસ-એજ વિજ્ઞાન રહસ્ય પરથી ઉઠ્યો પડદો

# થીજી જશે દુનિયા, પૃથ્વી હિમયુગ સંભાવનાથી વૈજ્ઞાનિકો સ્તબ્ધ



(એજન્સી) નવી દિલ્હી/ન્યૂયોર્ક | તા. 05

વર્તમાન સમયમાં જ્યારે ગ્લોબલ વોર્મિંગની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે, ત્યારે પર્યાવરણવિદોએ એક નવો અને આશ્ચર્યજનક દાવો કર્યો છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ મુજબ, આપણે હજુ પણ હિમયુગના એક ભાગમાં જ જીવી રહ્યા છીએ. પૃથ્વીના ઈતિહાસમાં હિમયુગ એટલે કે 'આઈસ-એજ' એક એવો સમયગાળો છે જ્યારે પૃથ્વીનું તાપમાન લાંબા સમય સુધી નીચું રહે છે અને ધ્રુવીય પ્રદેશોમાં બરફની વિશાળ ચાદર પથરાયેલી હોય છે. એન્ટાર્કટિકા અને ગ્રીનલેન્ડમાં હજુ પણ બરફનું અસ્તિત્વ હોવું એ વાતનો પુરાવો છે કે પૃથ્વી હજુ સંપૂર્ણપણે હિમયુગમાંથી બહાર આવી નથી.

હિમયુગના કારણો અને અત્યાર સુધીની પરિસ્થિતિ ભૂસ્તરશાસ્ત્રીય પુરાવાઓ મુજબ, લાખો વર્ષો પહેલા જ્વાળામુખીના વિસ્ફોટોમાંથી નીકળેલી રાખ અને ધુમાડાના ગોટાઓએ સૂર્યના કિરણોને પૃથ્વી સુધી પહોંચતા રોક્યા હતા, જેના પરિણામે તાપમાનમાં ધરખમ ઘટાડો થયો હતો. મીડિયા અહેવાલ મુજબ, પૃથ્વીની ટેક્ટોનિક પ્લેટોની હિલચાલ અને મેગ્માના પરિભ્રમણને કારણે થતા કુદરતી ફેરફારો હિમયુગ લાવવા માટે જવાબદાર ગણાય છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે પૃથ્વી પર સૂર્યના કિરણોમાં જો ૩૫ ટકાથી વધુનો ઘટાડો થાય, તો ફરીથી સમગ્ર વિશ્વ બરફમાં થીજી શકે છે.

કાર્બન ફ્લેક્સ અને ગ્લોબલ કૂલિંગ આધુનિક વિજ્ઞાન મુજબ, વાતાવરણમાં વધતું જતું કાર્બન ફ્લેક્સનું પ્રમાણ અત્યારે તાપમાન વધારી રહ્યું છે, પરંતુ જો આ પ્રમાણ એક મર્યાદા વટાવી જાય તો તે સૂર્યપ્રકાશને પૃથ્વી પર આવતા અટકાવશે. આ પ્રક્રિયાને કારણે પૃથ્વી પર 'ગ્લોબલ કૂલિંગ' શરૂ થઈ શકે છે. નિષ્ણાતોના મતે, કાર્બન ફ્લેક્સ દ્વારા જ્યારે સૂર્યના કિરણો પૃથ્વીની સપાટીથી પ્રતિબિંબિત થતા અટકી જાય, ત્યારે હિમયુગની શરૂઆત થવાની શક્યતા પ્રબળ બને છે.

# વારસા પર બુલડોઝર પાકિસ્તાન પર્યાવરણ વિનાશથી જનતામાં રોષ

(એજન્સી) લાહોર | તા. 05

પાકિસ્તાનના સાંસ્કૃતિક પાટનગર લાહોરમાં વિકાસના નામે વિનાશનો ખેલ ખેલાઈ રહ્યો છે. શહેરના ફેફસા સમાન ગણાતા ઐતિહાસિક નાસિર બાગને તોડીને ત્યાં ભૂગર્ભ પાર્કિંગ પ્લાઝા બનાવવાની હિલચાલ તેજ થઈ છે. આ મામલે દાખલ કરવામાં આવેલી અરજી પર ન્યાયતંત્ર દ્વારા વિલંબ કરવામાં આવતા પર્યાવરણવાદીઓ અને માનવાધિકાર સંગઠનોએ ભારે નારાજગી વ્યક્ત કરી છે. જ્યારે અદાલતી કાર્યવાહી ઠપ્પ છે, ત્યારે બીજી તરફ બાગમાં વર્ષો જૂના વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવી રહ્યું છે.

પર્યાવરણની અવગણના અને અત્યાર સુધીની પરિસ્થિતિ સ્થાનિક મીડિયા અહેવાલ મુજબ, માનવાધિકાર પંચ (HRCP) અને અન્ય સંસ્થાઓએ આક્ષેપ કર્યો છે કે લાહોર ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા પર્યાવરણીય નિયમોનું સરેઆમ



ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે ૨૪ ડિસેમ્બરના રોજ દાખલ થયેલી અરજી પર હજુ સુધી કોઈ ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવી નથી. ન્યાયિક પ્રક્રિયાના આ વિલંબનો સીધો લાભ નિર્માણ એજન્સીઓને મળી રહ્યો છે, જેઓ રાત-દિવસ બાંધકામ ચાલુ રાખી કુદરતી જળસ્ત્રોતોને નુકસાન પહોંચાડી રહી છે.

# વિદેશમાં ભારતીયની વલે થાઈલેન્ડ ભારતીય પ્રવાસી હુમલાથી ખળભળાટ

પટાયા (થાઈલેન્ડ) | થાઈલેન્ડના પ્રખ્યાત ટૂરિસ્ટ શહેર પટાયામાં એક ભારતીય પ્રવાસી સાથે અત્યંત શરમજનક અને હિંસક ઘટના સામે આવી છે. ૫૨ વર્ષીય ભારતીય નાગરિક રાજ જસૂજા પર કેટલીક ટ્રાન્સજેન્ડર મહિલાઓએ અંધાધૂંધ હુમલો કરીને તેમને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યા છે. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા પ્રવાસીઓની સુરક્ષા અંગે અનેક સવાલો ઉભા થયા છે. પેમેન્ટ બાબતે વિવાદ અને અત્યાર સુધીની પરિસ્થિતિ સ્થાનિક મીડિયા અહેવાલ મુજબ, આ ઘટના ૨૭ ડિસેમ્બરની રાત્રે બની હતી. આરોપ છે કે રાજ જસૂજાએ મસાજની સેવા લીધા બાદ નક્કી કરેલી રકમ ચૂકવવાનો ઈનકાર કર્યો હતો. જ્યારે તેમણે પેમેન્ટ કર્યા વગર પોતાની કારમાં ત્યાંથી રવાના થવાનો પ્રયાસ કર્યો, ત્યારે ઉશ્કેરાયેલી ટ્રાન્સજેન્ડર મહિલાઓના જૂથે તેમને રસ્તા વચ્ચે આંતરી લીધા હતા.

# અમેરિકાની ઘટના : 27 વર્ષીય ભારતીય યુવતીનો મૃતદેહ મળી આવતા શોક ફેલાયો

### ભારતીય દૂતાવાસની સહાય અને ન્યાયની ખાતરી, મેરીલેન્ડ હત્યા કેસ તપાસમાં મોટો ખુલાસો

(એજન્સી) વોશિંગ્ટન | તા 06

અમેરિકાના મેરીલેન્ડ રાજ્યમાં એક ૨૭ વર્ષીય ભારતીય યુવતી નિકિતા ગોદિશાલાનો મૃતદેહ મળી આવતા પ્રવાસી ભારતીયોમાં શોક અને ફફડાટની લાગણી વ્યાપી ગઈ છે. ઉચ્ચ અભ્યાસ અને કારકિર્દીના સપના સાથે વિદેશ ગયેલી આ યુવતીની શંકાસ્પદ સંજોગોમાં હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ભારતીય દૂતાવાસે આ ઘટનાની ગંભીર નોંધ લીધી છે અને પરિવારને તમામ કાયદાકીય સહાય પૂરી પાડવાની ખાતરી આપી છે.

ઘટનાનો ચોંકાવનારો વળાંક અને અત્યાર સુધીની પરિસ્થિતિ સ્થાનિક પોલીસના જણાવ્યા મુજબ, નિકિતા છેલ્લા કેટલાક દિવસોથી ગુમ હતી અને તપાસ દરમિયાન તેનો મૃતદેહ કોલંબિયા સ્થિત તેના એપાર્ટમેન્ટમાંથી મળી આવ્યો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ મામલામાં નિકિતાના પૂર્વ પ્રેમી પર હત્યાની શંકા સેવાઈ રહી છે. ચોંકાવનારી વાત એ છે કે, આરોપીએ પોતે જ પોલીસને નિકિતા ગુમ હોવાની જાણ કરી હતી અને ત્યારબાદ તે તુરંત અમેરિકા છોડીને ફરાર થઈ ગયો હોવાનું બહાર આવ્યું છે. દૂતાવાસની સક્રિયતા અને તપાસનો ધમધમાટ ભારતીય દૂતાવાસના અધિકારીઓએ જણાવ્યું છે કે તેઓ સ્થાનિક સત્તાવાળાઓ સાથે સતત સંપર્કમાં છે. પીડિત પરિવારને જરૂરી દસ્તાવેજો અને મૃતદેહ ભારત લાવવા માટેની પ્રક્રિયામાં મદદ કરવામાં આવી રહી છે. મેરીલેન્ડ પોલીસે આરોપી વિરુદ્ધ ફર્સ્ટ ડિગ્રી મર્ડરનો વોરંટ જારી કર્યો છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેની શોધખોળ તેજ કરી દેવામાં આવી છે.

**મુલાકાત** ભગવાન બુદ્ધના અવશેષોનું પ્રદર્શન ભારત અને ચીનને સાંસ્કૃતિક રીતે જોડશે

# ભારત-ચીન સાંસ્કૃતિક સંબંધો મજબૂત બન્યા

(એજન્સી) સુઝોઉ (ચીન) | તા. 05

ભારત અને ચીન વચ્ચેના પ્રાચીન સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સંબંધોને વધુ વેગ આપતા, શાંઘાઈમાં ભારતના કોન્સ્યુલ જનરલ પ્રતીક માથુરે ચીનના સુઝોઉ સ્થિત ઐતિહાસિક ટાઈગર હિલ પેગોડાની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તાજેતરમાં ઉદ્ઘાટન કરાયેલ "ધ લાઈટ એન્ડ ધ લોટસ: રિલિક્સ ઓફ ધ અવેકન્ડ વન" (ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોનું પ્રદર્શન) ની ભવ્યતા અને તેના મહત્વને વૈશ્વિક સ્તરે ઉજાગર કરવાનો હતો. યાંગ્ત્ઝે નદીની દક્ષિણમાં આવેલો આ પેગોડા બૌદ્ધ સ્થાપત્ય અને કલાનું સૌથી મોટું અને પ્રાચીન કેન્દ્ર માનવામાં આવે છે.

મુલાકાત દરમિયાન કોન્સ્યુલ જનરલ પ્રતીક માથુરે બૌદ્ધ સાધુઓ અને સ્થાનિક સમુદાયના સભ્યો સાથે સંવાદ સાધ્યો હતો. તેમણે ખાસ ઉલ્લેખ કર્યો હતો કે, ભગવાન બુદ્ધના પવિત્ર 'પિપરાહવા રત્ન' (અવશેષો) ૧૨૭ વર્ષના લાંબા સમયગાળા બાદ ભારત પરત ફર્યા છે. આ ઘટના માત્ર ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના બૌદ્ધ અનુયાયીઓ માટે ગૌરવ અને ગહન આધ્યાત્મિક મૂલ્ય ધરાવતી ક્ષણ છે. શાંઘાઈમાં ભારતીય દૂતાવાસના જણાવ્યા અનુસાર, આ પ્રદર્શન ભારતના આધ્યાત્મિક અને સભ્યતાના વારસાનું ઉત્કૃષ્ટ પ્રતીક છે.



### સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ અને બૌદ્ધ ઉપદેશો

ટાઈગર હિલ પેગોડા ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ભગવાન બુદ્ધના ઉપદેશો પર આધારિત વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં 'ફ્રેન્ડ્સ ઓફ ઈન્ડિયા' ગ્રુપના સભ્યોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સાંસ્કૃતિક કાર્યક્રમો પિપરાહવા અવશેષોના પ્રદર્શન પ્રત્યેનો ઊંડો સાંસ્કૃતિક જોડાણ અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેની પ્રતિધ્વનિ દર્શાવે છે. આ આયોજન દ્વારા યુવા પેઢીને બુદ્ધના ઉમદા વિચારો અને ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ગયા શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાય પિથોરા કલ્ચરલ કોમ્પ્લેક્સ ખાતે પિપરાહવા અવશેષોના આ ભવ્ય આંતરરાષ્ટ્રીય પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રદર્શનમાં ૧૮૯૮ અને ત્યારબાદ ૧૯૭૧-૧૯૭૫ દરમિયાન પિપરાહવા સાઈટ પરથી મળી આવેલા કિંમતી અવશેષો અને પુરાતત્વીય સામગ્રી પ્રદર્શિત કરવામાં આવી છે. વડાપ્રધાને સોશિયલ મીડિયા પર આ પ્રદર્શનની તસવીરો શેર કરી લોકોને આ ઐતિહાસિક વારસાનો અનુભવ કરવા વિનંતી કરી હતી.

# ડ્રેગનની યુદ્ધખોરી, ચીન તાઈવાન સરહદ વિવાદ વકર્યો ભયાનક તણાવ

(એજન્સી) તાઈપેઈ | તા. 05

વૈશ્વિક સ્તરે યુદ્ધની અસરો હજુ શમી નથી ત્યાં તાઈવાનના આકાશમાં ચીની ડ્રેગનની ગર્જનાએ દુનિયાભરની ચિંતામાં વધારો કર્યો છે. સોમવારે વહેલી સવારે ચીની સેનાએ તાઈવાનની સરહદમાં ઘૂસણખોરી કરતા સમગ્ર એશિયામાં યુદ્ધના વાદળો ઘેરાયા છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયના અહેવાલ મુજબ, ચીનના યુદ્ધ વિમાનો અને નૌકાદળના જહાજોએ દરિયાઈ સરહદ ઓળંગીને ઉશ્કેરણીજનક કાર્યવાહી હાથ ધરી છે, જેના જવાબમાં તાઈવાને પણ પોતાની મિસાઈલ સિસ્ટમ તૈનાત કરી દીધી છે.

સીમા રેખાનું ઉલ્લંઘન અને ગંભીર પરિસ્થિતિ તાજેતરના મીડિયા અહેવાલ મુજબ, ચીન દ્વારા મોકલવામાં આવેલા ૩ લડાયક વિમાનોએ બંને દેશો વચ્ચેની મધ્ય રેખાને પાર કરી તાઈવાનના હવાઈ સંરક્ષણ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો. આ ઉપરાંત, દરિયામાં ૮ જેટલા યુદ્ધ જહાજો અને એક સરકારી જહાજની હાજરી પણ નોંધાઈ છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, તાઈવાનની સેના આ હિલચાલ પર સતત નજર રાખી રહી છે અને કોઈપણ અણધારી સ્થિતિને પહોંચી વળવા માટે હાઈ એલર્ટ પર છે.

જાપાની વડાપ્રધાનની ભૂમિકા અને આંતરરાષ્ટ્રીય પડઘા આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે જાપાનના નવા વડાપ્રધાન સનાએ તાકાઈચીના કડક વલણને કારણે ચીન પહેલેથી જ નારાજ છે. જાપાન દ્વારા તાઈવાનના સમર્થનમાં આપવામાં આવેલા નિવેદનોએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે ડ્રેગનની આ હરકત માત્ર તાઈવાન જ નહીં, પરંતુ અમેરિકા અને જાપાનને પણ સીધી ધમકી આપવાની રણનીતિનો એક ભાગ છે.

# મોટા પાયે માળખાગત વિકાસ: વિકસિત ભારતના માર્ગ પર અગ્રેસર ભારત

જીડીપી વધારવા, રોજગારીની તકો ઉભી કરવા અને અર્થતંત્ર પર બહુવિધ અસર કરવામાં માળખાગત ખર્ચના વિશિષ્ટ મહત્વને ઓળખીને, કેન્દ્ર સરકારે છેલ્લા દાયકામાં માળખાગત મૂડી ખર્ચમાં નોંધપાત્ર વધારો કર્યો છે. આ ખર્ચ 2014-15માં આશરે 2 ટ્રિલિયનથી પાંચ ગણો વધીને 2024-25માં 11.1 ટ્રિલિયન થયો છે. તાજેતરના વલણો દર્શાવે છે કે માળખાગત મૂડી ખર્ચ 38 ટકાથી વધુ વાર્ષિક દરે વધી રહ્યો છે, જેમાં ભૌતિક અને ડિજિટલ માળખાગત નેટવર્ક બંને વિકસાવવા પર સ્પષ્ટ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.આ મોટા પાયે કરવામાં આવેલી ફાળવણીનો સંપૂર્ણ લાભ મેળવવા માટે, સમયસર અને કાર્યક્ષમ રીતે માળખાગત પ્રોજેક્ટ્સ આગળ વધે તે જરૂરી છે, જેમાં સમય અને ખર્ચનો વધારાનો ખર્ચ ટાળવામાં આવે. લાંબા બાંધકામ સમયગાળાને કારણે, આવા પ્રોજેક્ટ્સને માત્ર પૂરતા અને સુસંગત ભંડોળની જરૂર નથી, પરંતુ જમીન સંપાદન, પર્યાવરણીય મંજૂરીઓ અને સામાજિક-આર્થિક પાસાઓ સંબંધિત પરવાનગીઓની સમયસર પ્રાપ્તિ પર પણ આધાર રાખે છે. આ મંજૂરીઓમાં બહુવિધ નિયમનકારી સત્તાવાળાઓ, સ્થાનિક સંસ્થાઓ અને જિલ્લા-સ્તરીય વહીવટનો સમાવેશ થાય છે, જે સફળ પ્રોજેક્ટ અમલીકરણ માટે સંકલન અને સમયસર નિર્ણય લેવાને મહત્વપૂર્ણ બનાવે છે.માળખાગત પ્રોજેક્ટ્સ માટે અસરકારક સંકલન અને સમયસર મંજૂરીઓ સુનિશ્ચિત કરવા માટે, ભારત સરકારે 2015માં પ્રગતિ (પ્રો-એક્ટિવ ગવર્નન્સ અને ટાઈમલી ઈમ્પ્લીમેન્ટેશન) પોર્ટલ શરૂ કર્યું. પ્રગતિ એક ડિજિટલ પ્લેટફોર્મ છે જે મોટા પાયે માળખાગત પ્રોજેક્ટ્સનું વાસ્તવિક સમયમાં નિરીક્ષણ કરે છે અને અમલીકરણ એજન્સીઓ, મંત્રાલયો, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પાસેથી ઈલેક્ટ્રોનિક અપડેટ્સ મેળવે છે. પ્રધાનમંત્રી દર મહિને ઉચ્ચ-સ્તરીય સંકલન બેઠકોનું અધ્યક્ષપદ સંભાળે છે, જ્યાં અમલીકરણમાં વિલંબનો સામનો કરી રહેલા પ્રોજેક્ટ્સ ઓળખવામાં આવે છે, મંત્રાલયો, રાજ્યો અને અન્ય સંબંધિત સત્તાવાળાઓ સાથે સીધી વાતચીત દ્વારા અવરોધો ઓળખવામાં આવે છે અને તેમના નિરાકરણ માટે સ્પષ્ટ માર્ગદર્શિકા જારી કરવામાં આવે છે.આમ, આ રીતે પ્રગતિ પોર્ટલ સમય અને ખર્ચમાં વધારાનો સામનો કરતા પડતર પ્રોજેક્ટ્સને ઝડપી બનાવવા માટે એક પદ્ધતિ તરીકે કામ કરે છે - ઉદાહરણ તરીકે, મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી જમીન મંજૂરીના અભાવે વર્ષોથી વિલંબિત મેટ્રો રેલ પ્રોજેક્ટ અથવા અનેક રાજ્યોમાં જમીન સંબંધિત અવરોધોનો સામનો કરી રહેલ મુખ્ય ગેસ પાઈપલાઈન પ્રોજેક્ટ અથવા લાંબા સમયથી પર્યાવરણીય મંજૂરીની રાહ જોઈ રહેલા પ્રોજેક્ટ્સ. 31 ડિસેમ્બર, 2025ના રોજ, પ્રધાનમંત્રીએ પ્રગતિની 50મી બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ એક જ બેઠકમાં 40,000 કરોડના કુલ રોકાણ સાથે પાંચ મહત્વપૂર્ણ માળખાકીય પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવામાં આવી હતી. એકંદરે, પ્રગતિ મિકેનિઝમે અત્યાર સુધી 85 ટ્રિલિયનના મૂલ્યના અટકેલા પ્રોજેક્ટ્સને ઝડપી બનાવવામાં મદદ કરી છે.પ્રગતિના અનુભવમાંથી મળેલા બોધપાઠને ધ્યાનમાં રાખીને - ખાસ કરીને વારંવાર ઉદ્ભવતા અવરોધો, પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં વિલંબ અને ઘણીવાર ખર્ચમાં વધારો - ભારત સરકારે ઓક્ટોબર 2021માં પીએમ ગતિ શક્તિ (PMGS) રાષ્ટ્રીય માસ્ટર પ્લાન (NMP) શરૂ કર્યો.



સુમિતા ડાવરા
ભૂતપૂર્વ કેન્દ્રીય શ્રમ સચિવ અને વિશેષ સચિવ (લોજિસ્ટિક્સ), ભારત સરકાર

પીએમ ગતિ શક્તિ (PMGS) ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આર્થિક અને સામાજિક ક્ષેત્રના મંત્રાલયો અને દેશના 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ડેટા સ્તરોને એકસાથે લાવીને સંકલિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આયોજન માટે GIS-આધારિત માળખું પૂરું પાડે છે. આ ડિજિટાઈઝ્ડ, ડેટા-આધારિત ઈન્ટરફેસ પ્લાનર્સને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંપત્તિઓ, સંસાધનો, કેબલ્સ અને ગ્રીડ, અન્ય સંપત્તિઓ ઉપરાંત સર્વાંગી દ્રષ્ટિકોણથી જોવા માટે સક્ષમ બનાવે છે, જે દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર કનેક્ટિવિટીના વૈજ્ઞાનિક અને સંકલિત આયોજનને સક્ષમ બનાવે છે.સીમલેસ ડેટા દશ્યતા પ્રદાન કરીને અને આયોજન માટે સંકલિત અભિગમને સક્ષમ કરીને, પીએમ ગતિ શક્તિ (PMGS) આયોજન તબક્કે જરૂરી મંજૂરીઓની વહેલી ઓળખને સરળ બનાવે છે. આ માળખાગત પ્રોજેક્ટ્સના સહયોગી આયોજનને સક્ષમ બનાવે છે, જે મંજૂરીઓ મેળવવામાં વેડફાય જતા મહિનાઓનો સમય બચાવે છે. આ પરિવર્તનશીલ આયોજન અભિગમ માત્ર ગતિ અને કાર્યક્ષમતામાં વધારો કરે છે, પરંતુ હાલની માળખાગત સંપત્તિઓના બિનજરૂરી ડુપ્લિકેશનને પણ અટકાવે છે અને પરિવહનના વિવિધ માધ્યમોમાં સંપત્તિઓની પૂરકતા સુનિશ્ચિત કરે છે - આમ માળખાગત આયોજનમાં બહુવિધ પરિવહન પદ્ધતિઓનું એકીકરણ એમ્બેડ કરે છે. પરિણામે, પ્રોજેક્ટ્સ ભારતના વિકાસ ક્લસ્ટરોને બજારો સાથે વધુ અસરકારક રીતે જોડવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે, જેનાથી લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થાય છે. પરિણામે, માળખાગત આયોજન માત્ર વધુ કાર્યક્ષમ બનતું નથી પરંતુ એવા પરિણામો પણ આપે છે જે લોજિસ્ટિક્સ કામગીરીને મજબૂત બનાવે છે - જીવનની જીવવાની સરળતા અને વ્યવસાય કરવાની સરળતા બંનેને સમર્થન આપે છે.ઉદાહરણ તરીકે, જ્યારે પોર્ટલ પર જગદીશપુર-હલ્દિયા અને બોકારો-ધામરા પાઈપલાઈન પ્રોજેક્ટ્સનું આયોજન કરવામાં આવી રહ્યું હતું, ત્યારે આયોજન તબક્કાની શરૂઆતમાં બે મુખ્ય મુદ્દાઓ ઓળખવામાં આવ્યા હતા. આમાં સ્પુર લાઈનના નાના ભાગ માટે વન વિભાગ તરફથી બાકી મંજૂરી અને 83-કિલોમીટરના પટ માટે બાકી વળતર ચુકવણીનો સમાવેશ થાય છે. આનાથી આયોજન અધિકારીઓ પ્રોજેક્ટને મંજૂરી માટે સબમિટ કરતા પહેલા આ મુદ્દાઓને સરળતાથી ઓળખી અને ઉકેલી શક્યા.તેવી જ રીતે, પીએમ ગતિ શક્તિ (PMGS) પોર્ટલ પર ગોવા-કર્ણાટક સરહદથી કુંડાપુર વિભાગ સુધીના રાષ્ટ્રીય ધોરીમાર્ગને ચાર-માર્ગીય બનાવવાની યોજના બનાવતી વખતે, જે ભૂપ્રદેશમાંથી રસ્તો પસાર થવાનો હતો ત્યાં વસાહતોની સ્પષ્ટ દશ્યતા અને જમીન માલિકી સંબંધિત ડેટા લક્ષણોને કારણે રસ્તાના અતિક્રમણને સંભવિત પડકાર તરીકે ઓળખવામાં આવ્યું હતું. દરમિયાન, પીએમ ગતિ શક્તિ (PMGS પોર્ટલ પર મુંબઈ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ (MUTP) - ફેઝ 2નું આયોજન કરતી વખતે, રેલવેમંત્રાલય નાના પ્લોટ સંબંધિત બાકી જમીન સંપાદનની આગાહી કરી શક્યું હતું, જે પ્રોજેક્ટની શરૂઆતને વિલંબિત કરી શકે છે.આમ, આયોજન એજન્સીઓ પ્રગતિના સિદ્ધાંતો અનુસાર પ્રોજેક્ટ આયોજન અને અમલીકરણમાં વધુ કાર્યક્ષમતા અને ગતિ લાવવા માટે PRAGTI ના સિદ્ધાંતોનો ઉપયોગ કરી રહી છે. ભારતીય રેલવેએ પીએમ ગતિ શક્તિ (PMGS) પોર્ટલ પર તેના મહત્વાકાંક્ષી ઉર્જા કોરિડોરની યોજના બનાવી છે, જેમાં દેશમાં ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કોલસા ઉત્પાદન વિસ્તારોને થર્મલ પાવર પ્લાન્ટના વપરાશ બિંદુઓ સાથે જોડતો સમર્પિત રેલ નેટવર્ક સામેલ છે. GIS પોર્ટલ દ્વારા આ માર્ગો પર જામની સ્થિતિ ઓળખવામાં આવી હતી અને ઉર્જા સામગ્રીના સરળ પરિવહનને સુનિશ્ચિત કરવા માટે રૂટ મજબૂતીકરણ યોજનાઓ બનાવવામાં આવી હતી.

## રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ૨૦૦૦ની નોટ સ્ટેટસ ૨૦૨૬

# 2000ની નોટ પરત આરબીઆઈ અહેવાલ, હજુ 5669 કરોડ રૂપિયાની નોટો બાકી

## આરબીઆઈ 19 ક્ષેત્રીય કાર્યાલયોમાં નોટ જમા કરાવવાની સુવિધા યથાવત

નવી દિલ્હી: ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા વર્ષ ૨૦૨૩માં ચલણમાંથી બહાર કરવામાં આવેલી ૨૦૦૦ રૂપિયાની ગુલાબી નોટો હજુ પણ સંપૂર્ણપણે બેંકિંગ સિસ્ટમમાં પરત આવી નથી. ૨૦૨૬ની શરૂઆતમાં આરબીઆઈ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ, હજુ પણ ૫૬૬૯ કરોડ રૂપિયાની કિંમતની ૨૦૦૦ની નોટો લોકો પાસે છે. જોકે, આરબીઆઈએ પુષ્ટિ કરી છે કે મોટાભાગનું ચલણ પરત આવી ગયું છે, પરંતુ બાકીની રકમ પરત આવવાની ગતિ અત્યંત ધીમી પડી ગઈ છે.આંકડાકીય વિશ્લેષણ: ૯૮ ટકાથી વધુ નોટો પરત ૧૯ મે, ૨૦૨૩ના રોજ જ્યારે આરબીઆઈએ ૨૦૦૦ની નોટ પાછી ખેંચવાનો નિર્ણય લીધો હતો, ત્યારે બજારમાં કુલ ૩.૫૬ લાખ કરોડ રૂપિયાની ૨૦૦૦ની નોટો સર્ક્યુલેશનમાં હતી. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીના રિપોર્ટ મુજબ, કુલ ૯૮.૪૧ ટકા નોટો પરત આવી ચૂકી છે. આ એક મોટી સફળતા ગણાય છે, તેમ છતાં ૧.૫૯ ટકા જેટલી નોટો, જેની કિંમત આશરે ૫૬૬૯ કરોડ રૂપિયા થાય છે, તે હજુ પણ બહાર છે.બે મહિનામાં માત્ર ૧૪૮ કરોડ પરત આવ્યા આરબીઆઈના ડેટા દર્શાવે છે કે નોટો જમા કરાવવાની પ્રક્રિયા હવે તેના અંતિમ તબક્કામાં છે અને તે ખૂબ જ ધીમી છે. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ બજારમાં ૫૮૧૭ કરોડની નોટો બાકી હતી, જે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં ઘટીને ૫૬૬૯ કરોડ થઈ છે. એટલે કે, નવેમ્બર અને ડિસેમ્બરના આખા બે મહિના દરમિયાન માત્ર ૧૪૮ કરોડ રૂપિયાની નોટો જ આરબીઆઈ સુધી પહોંચી છે.



### 2000ની નોટનો ઈતિહાસ

નવેમ્બર, ૨૦૧૬: નોટબંધી બાદ અર્થતંત્રમાં રોકડની જરૂરિયાત પૂરી કરવા રજૂ કરવામાં આવી.
મે, ૨૦૨૩: ક્લીન નોટ પોલિસી હેઠળ ચલણમાંથી બહાર કરવાનો નિર્ણય.
ડિસેમ્બર, ૨૦૨૫: ૯૮.૪૧% નોટો પરત આવી.
બાકી રકમ: ૫૬૬૯ કરોડ રૂપિયા.
આરબીઆઈની કડક દેખરેખ અને વ્યવસ્થિત પ્રક્રિયાને કારણે ૨૦૦૦ની નોટો પાછી ખેંચવાની ઝુંબેશ લગભગ પૂર્ણતાના આરે છે, પરંતુ છેલ્લી થોડી નોટો ક્યારે પરત આવશે તે જોવું રહ્યું.

હજુ પણ ક્યાં જમા કરાવી શકાય? (H2)

જો તમારી પાસે હજુ પણ ૨૦૦૦ની નોટ પડી હોય, તો ગભરાવાની જરૂર નથી. આરબીઆઈના દેશભરમાં આવેલા ૧૯ ક્ષેત્રીય કાર્યાલયો (Regional Offices) માં આ નોટો જમા કરાવવાની અથવા બદલાવવાની સુવિધા હજુ પણ ચાલુ છે. અમદાવાદ સહિતના મુખ્ય શહેરોમાં આવેલી આરબીઆઈની કચેરીઓમાં વ્યક્તિગત રીતે અથવા ઈન્શ્યોર્ડ પોસ્ટ દ્વારા નોટો મોકલી શકાય છે.

લિગલ ટેન્ડર તરીકેનો દરજ્જો (H3)

આરબીઆઈએ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી સર્ક્યુલેશનમાંથી બહાર કરવામાં આવેલી ૨૦૦૦ની નોટો સંપૂર્ણપણે પરત ન આવે ત્યાં સુધી તે 'લિગલ ટેન્ડર' બની રહેશે. "મીડિયા અહેવાલ" મુજબ, આ નોટો હવે સામાન્ય વ્યવહારમાં દુકાનો કે બેંકોમાં સ્વીકારવામાં આવતી નથી, પરંતુ તેની કિંમત આરબીઆઈ પાસે અકબંધ છે. લોકો તેમના બેંક ખાતામાં આ રકમ જમા કરાવવા માટે આરબીઆઈની કચેરીઓનો સંપર્ક કરી શકે છે.

## મેરિટમાં આગળ હોય તો જનરલ કેટેગરીની નોકરીમાં પણ SC/ST/OBCનો હક : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા 05

સુપ્રીમ કોર્ટે રાજસ્થાન હાઈકોર્ટના એક મહત્ત્વપૂર્ણ ચુકાદાને માન્ય રાખતા સ્પષ્ટ કર્યું છે કે, અનામત વર્ગના જે ઉમેદવારો જનરલ(ઓપન) કેટેગરીના કટ-ઑફ કરતાં વધુ માર્ક્સ મેળવે છે, તેમને શોર્ટલિસ્ટિંગના તબક્કે જ જનરલ કેટેગરીમાં ગણવા જોઈએ. જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે રાજસ્થાન હાઈકોર્ટના રજીસ્ટ્રાર દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલને ફગાવી દીધી છે. આ વિવાદ 2022માં રાજસ્થાન હાઈકોર્ટ દ્વારા આયોજિત જુનિયર જ્યુડિશિયલ આસિસ્ટન્ટ અને ક્લાર્ક ગ્રેડ-IIની 2756 જગ્યાઓની ભરતી પ્રક્રિયાથી શરુ થયો હતો. લેખિત પરીક્ષા બાદ એવું જોવા મળ્યું હતું કે SC, OBC, MBC અને EWS જેવી ઘણી અનામત કેટેગરીનું કટ-ઑફ જનરલ કેટેગરી કરતાં પણ ઊંચું ગયું હતું, જેના કારણે વધુ માર્ક્સ લાવનારા અનામત વર્ગના ઉમેદવારોને ટાઈપિંગ ટેસ્ટ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા નહોતા.અદાલતે આ મામલે ભારપૂર્વક જણાવ્યું કે 'ઓપન કેટેગરી' એ કોઈ ખાસ વર્ગ માટે અનામત રાખવામાં આવેલો ક્વોટા નથી, પરંતુ તે સંપૂર્ણપણે યોગ્યતા(Merit) પર આધારિત છે. જો કોઈ અનામત વર્ગનો ઉમેદવાર કોઈપણ વધારાની છૂટછાટ લીધા વગર જનરલ કેટેગરીના ઉમેદવાર કરતાં વધુ માર્ક્સ મેળવે છે.

## News Brief

### દિલ્હીમાં પોતાને ભાજપ-RSSના નેતા ગણાવતા દબંગોએ પિતા-પુત્રને જાહેરમાં નગ્ન કરી માર્યા, CCTV વાઈરલ



(એજન્સી) નવી દિલ્હી | તા 05

દિલ્હીના લક્ષ્મી નગર વિસ્તારમાંથી એક અત્યંત સનસનાટીભર્યો અને શરમજનક મામલો સામે આવ્યો છે, જેણે રાજધાનીની કાયદો અને વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. 2 જાન્યુઆરીએ દિવસે-દહાડે, રસ્તા વચ્ચે ખુલ્લેઆમ ગુંડાગીરીનો નગ્ન નાચ જોવા મળ્યો. આરોપ છે કે પોતાની જાતને ભાજપ-આરએસએસના નેતા ગણાવતા એક શખ્સે તેના સાથીઓ સાથે મળીને એક બાપ-દીકરાને નિર્દયતાથી માર માર્યો. આ સમગ્ર ઘટનાનો CCTV વીડિયો અને પીડિત દીકરાની PCR કોલનો ઓડિયો પણ સામે આવ્યો છે, જેણે લોકોને હચમચાવી દીધા છે. વાયરલ થયેલા CCTV ફૂટેજમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે દબંગો પહેલા પીડિત યુવકને તેના ઘરમાંથી બળજબરીથી બહાર ખેંચે છે અને પછી તેને રસ્તા પર ઢસડીને લઈ જાય છે. પીડિતની ચીસો અને કાકલૂદી છતાં, આરોપીઓ તેને સતત મારતા રહે છે. આખી ઘટના રહેણાંક વિસ્તારમાં બની હોવા છતાં અને આસપાસ ઘણા લોકો હાજર હોવા છતાં, કોઈએ પણ પીડિતને બચાવવાની હિંમત કરી નહીં. CCTVમાં આગળ દેખાય છે કે દબંગોએ યુવકને રસ્તા પર નગ્ન કરી દીધો અને પછી લાતો, મુક્કા અને થપ્પડ વડે તેને નિર્દયતાથી મારવાનું શરૂ કર્યું.

### બિહારના રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાન દ્વારા આચાર્ય શ્રી રણછોડલાલજીના "શ્રીરામવલ્લભ" ગ્રંથનું વિમોચન

નવી દિલ્હી | વર્લ્ડ રામાયણ કોન્ફરન્સના આંતરરાષ્ટ્રીય મંચ પર માનસ ભવન - જબલપુર ખાતે - બિહારના રાજ્યપાલ ડૉ. આરિફ મોહમ્મદ ખાન, પૂ. કલ્યાણદાસજી (અમરકંટક), મધ્યપ્રદેશના સાંસ્કૃતિક મંત્રી ધર્મેન્દ્ર લોધી, શિક્ષણ મંત્રી ઉદયસિંહ તેમજ અન્ય મહાનુભાવો દ્વારા અમદાવાદ (ગુજરાત) ના આચાર્ય શ્રી રણછોડલાલજી શ્રી આભરણાચાર્ય (જગદ્ગુરુ શ્રી વલ્લભાચાર્ય પીઠ - જ્યોતિષપીઠ - ગોસ્વામી હવેલી - અમદાવાદ) રચિત 'શ્રીરામવલ્લભ' ગ્રંથનું વિમોચન તારીખ ૪/૧/૨૬ ના રોજ ભવ્યતાપૂર્વક સંપન્ન થયું. 'શ્રીરામવલ્લભ' ગ્રંથમાં પ્રભુ રામચંદ્રજીની આચાર્યશ્રી દ્વારા રચિત ૧૦૮ નામાવલી સાથે સંસ્કૃત સ્તોત્ર - શ્રી રામવલ્લભસ્તોત્રમ્, તમામ નામો પર ૧૦૮ બ્રજભાષા પદાવલી તથા પ્રત્યેક પદનું હિન્દી અને અંગ્રેજીમાં વિવેચનાત્મક ભાષાંતર પણ શામેલ છે.આ જ વૈશ્વિક મંચ પર આચાર્ય શ્રી રણછોડલાલજીએ જગદ્ગુરુ શ્રી વલ્લભાચાર્ય ચરણના મતાનુસાર પ્રભુ શ્રી રામચંદ્રજીના સ્વરૂપનું સૈદ્ધાંતિક વિશ્લેષણ કરતું પ્રવચન પણ આપ્યું હતું. પ્રભુ રામમાં પ્રેમ સહિત પુરુષોત્તમનું સ્વરૂપ અને ભગવાનની મહિમા જ જોવી જોઈએ, તે બાબત પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. કોન્ફરન્સના અધ્યક્ષ ડૉ. બિશ્નોઈ અને ડૉ.ગુમાશ્તા આચાર્ય શ્રીનું વિશેષ સન્માન પણ કર્યું હતું. મોટી સંખ્યામાં વિદ્વાનો, શ્રોતાઓ અને ભક્તોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## આસામમાં ભૂકંપ: મોરીગાંવમાં 5.1ની તીવ્રતાના આંચકાથી લોકો ઘરની બહાર દોડી આવ્યા

(એજન્સી) મોરીગાંવ | તા 05

આસામના મોરીગાંવ જિલ્લામાં સોમવારે વહેલી સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (National Center for Seismology) અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 5.1 નોંધાઈ હતી. સવારે લગભગ 4:17 વાગ્યે આવેલા આ ભૂકંપના આંચકાને કારણે ગાઢ નિંદ્રામાં સૂતેલા લોકો ગભરાઈને પોતાના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ભૂકંપનું કેન્દ્રબિંદુ આસામના મોરીગાંવમાં જ હતું. તેનું અક્ષાંશ 26.37 ડિગ્રી ઉત્તર અને રેખાંશ 92.29 ડિગ્રી પૂર્વ નોંધવામાં આવ્યું છે. ભૂકંપની ઊંડાઈ જમીનથી લગભગ 50 કિલોમીટર નીચે હોવાનું




જણાવાયું છે. ભૂકંપના આંચકા અનુભવાતા જ લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો અને તેઓ પોતાના ઘરોમાંથી બહાર ખુલ્લામાં આવી ગયા હતા. જોકે, રાહતની વાત એ છે કે હાલમાં કોઈ પણ પ્રકારના જાનમાલના નુકસાનના કોઈ સત્તાવાર સમાચાર સામે આવ્યા નથી. સ્થાનિક વહીવટીતંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને લોકોને સાવચેત રહેવા તથા કોઈપણ પ્રકારની અફવાઓથી બચવા માટે અપીલ કરી છે.

## "ક્યારેક-ક્યારેક મન થાય છે કે પત્રકારોને થપ્પડ મારી દઉં."

## વાહ સાહેબ, તમારો પાવર! મુખ્યમંત્રીએ ગૌપૂજા વખતે બોડીગાર્ડને જાહેરમાં લાફો ઝીંક્યો

(એજન્સી) તેલંગાણા | તા 05

તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી ફરી એકવાર વિવાદોમાં ઘેરાયા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં, તેઓ ગાયની પૂજા બાદ તેની પરિક્રમા કરતી વખતે જાહેરમાં પોતાના જ બોડીગાર્ડને થપ્પડ મારતા જોવા મળે છે. આ વીડિયો સામે આવતાની સાથે જ સોશિયલ મીડિયા પર અનેક સવાલો ઉભા થયા છે. આ પહેલીવાર નથી જ્યારે મુખ્યમંત્રી રેડ્ડી 'થપ્પડ'ને લઈને કોઈ વિવાદમાં આવ્યા હોય.

વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે મુખ્યમંત્રી રેવંત રેડ્ડી પૂજા કર્યા પછી ગાયની પરિક્રમા કરી રહ્યા છે. તે દરમિયાન, આસપાસ હાજર લોકો તેમના ખૂબ નજીક આવવાનો પ્રયાસ કરે છે. બોડીગાર્ડ ભીડને પાછળ હટાવવાનો પ્રયાસ કરે છે, પરંતુ ત્યારે જ મુખ્યમંત્રી રેવંત રેડ્ડી અચાનક ગુસ્સામાં આવીને તેને થપ્પડ મારી દે છે. આ સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ હતી અને હવે આ વીડિયો ઝડપથી શેર કરવામાં આવી રહ્યો છે.પહેલા પણ 'થપ્પડ'ને લઈને વિવાદમાં રહ્યા છે, આ પહેલીવાર નથી જ્યારે રેવંત રેડ્ડીનું નામ આવા વિવાદ સાથે જોડાયું હોય. આ પહેલા પણ તેઓ પત્રકારોને થપ્પડ મારવાની વાત કહીને ભારે ચર્ચામાં રહ્યા હતા, જે બાદ તેમણે માફી પણ માંગવી પડી હતી. ગયા વર્ષે 2025માં, રેવંત રેડ્ડી 'નવ તેલંગાણા' નામના અખબારના 10મા વર્ષના કાર્યક્રમમાં પહોંચ્યા હતા. ત્યાં ભાષણ દરમિયાન તેમણે સિનિયર અને જુનિયર પત્રકારોની સરખામણી કરતાં કહ્યું હતું કે, "ક્યારેક-ક્યારેક મન થાય છે કે પત્રકારોને થપ્પડ મારી દઉં." આ ટિપ્પણીને પત્રકારોએ અપમાનજનક ગણાવી હતી અને પ્રેસ યુનિયનોએ તેમની પાસે સ્પષ્ટતા માંગી હતી. તે સમયે વિપક્ષે પણ તેમના આ વર્તન અને નિવેદન પર ભારે હોબાળો મચાવ્યો હતો.

## બલ્લારી હિંસા સીબીઆઈ તપાસની કેન્દ્રીય મંત્રી કુમારસ્વામીની માંગ

બેંગલુરુ: કર્ણાટકના બલ્લારીમાં ભાજપના ધારાસભ્ય જી. જનાર્દન રેડ્ડીના નિવાસસ્થાન પાસે થયેલી હિંસા મામલે હવે કેન્દ્રીય મંત્રી એચ.ડી. કુમારસ્વામીએ મેદાનમાં આવીને રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. સોમવારે કુમારસ્વામીએ આ સમગ્ર મામલે સીબીઆઈ (CBI) તપાસની માંગણી કરી છે. તેમણે દાવો કર્યો હતો કે મહર્ષિ વાલ્મીકીની પ્રતિમા સ્થાપવા માટે સરકારે કોઈ અધિકૃત મંજૂરી આપી નહોતી, તેમ છતાં આ કાર્યક્રમનું આયોજન કરી હિંસા ભડકાવવામાં આવી હતી. પ્રતિમા સ્થાપવાની મંજૂરી અંગે સવાલો કુમારસ્વામીએ અખબારી અહેવાલોને ટાંકતા જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ પરવાનગી વગર કોઈ પણ પ્રતિમા સ્થાપી શકાય નહીં. તેમણે રાજ્ય સરકારને સવાલ કર્યો હતો કે, "જો સરકારે ૩ જાન્યુઆરીએ મંજૂરી આપી નહોતી, તો પ્રતિમા સ્થાપવા કોણ ગયું હતું? વાલ્મીકી પ્રત્યે સૌને આદર છે, પરંતુ આ વિવાદે એક કોંગ્રેસ કાર્યકરનો જીવ લીધો છે." તેમણે સ્પષ્ટ કર્યું કે આ આયોજન જ ગેરકાયદેસર હતું."યાદ રાખજો અને લખી રાખજો, આ કર્ણાટકમાં કોંગ્રેસના છેલ્લા મુખ્યમંત્રી છે. તમે અધિકારીઓને ગુલામ બનાવી દીધા છે."

## યાત્રીઓને બહાર કાઢવા માટે જેસીબી અને ક્રેનની મદદ લેવામાં આવી

## જાલોરમાં મુસાફરોને લઈ જતી બસ ખીણમાં ખાબકી,પતિ-પત્ની સહિત 2ના મોત, 20 ઈજાગ્રસ્ત

(એજન્સી) જાલોર | તા 05

ગુજરાત સાથેની સરહદે આવેલા રાજસ્થાનના જાલોર જિલ્લામાં રવિવારે એક અત્યંત દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં બે લોકોએ જીવ ગુમાવ્યા છે. સાંચોરથી જયપુર જઈ રહેલી એક ખાનગી ટ્રાવેલ્સની લક્ઝરી બસ અનિયંત્રિત થઈને ખાઈમાં પલટી ગઈ હતી. આ ભીષણ દુર્ઘટનામાં એક મહિલા અને એક પુરુષનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે 20 જેટલા મુસાફરો ઘાયલ થયા હતા. ઘાયલોમાંથી પાંચની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.આ દુર્ઘટના આહોર પોલીસ સ્ટેશન વિસ્તારના અગવરી ગામ પાસે નેશનલ હાઈવે 325 પર બની હતી, જેના કારણે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ખાનગી ટ્રાવેલ્સની બસ સાંચોરથી જયપુર તરફ જઈ રહી હતી. જ્યારે બસ અગવરી ગામ પાસે પહોંચી, ત્યારે અચાનક રસ્તા પર આવેલા એક પશુને બચાવવાના પ્રયાસમાં ડ્રાઈવરે બસને વાળતા સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે, બસ બેકાબૂ થઈને રસ્તાની બાજુમાં આવેલી ખાઈમાં જઈને પલટી ગઈ. બસ પલટતા જ મુસાફરોમાં ચીસો અને બૂમાબૂમ મચી ગઈ હતી અને ઘણા લોકો બસ નીચે દબાઈ ગયા હતા.અકસ્માતની જાણ થતાં જ આહોર પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી શરૂ કરી હતી. બસ નીચે દબાયેલા યાત્રીઓને બહાર કાઢવા માટે જેસીબી અને ક્રેનની મદદ લેવામાં આવી હતી. તમામ ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ દ્વારા નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં લિયાદરાના રહેવાસી ફગલુરામ બિશ્નોઈ અને તેમના પત્ની હુઆ દેવીનું મોત થયું છે. જાણવા મળ્યું છે કે આ દંપતી સાંચોરથી અજમેરમાં રહેતા તેમના પુત્રને મળવા માટે નીકળ્યું હતું.

## જયરામ રમેશનો પ્રહાર: 'નમસ્તે ટ્રમ્પ' અને 'હાઉડી મોદી' થી ભારતને કોઈ ફાયદો થયો નથી

નવી દિલ્હી: કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે સોમવારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ભારત પ્રત્યેના વલણની આકરી ટીકા કરી છે. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચેના વ્યક્તિગત સંબંધો અને ભૂતકાળમાં થયેલા ભવ્ય આયોજનો જેવા કે 'નમસ્તે ટ્રમ્પ' અને 'હાઉડી મોદી' થી ભારતને કોઈ ખાસ ફાયદો થયો નથી. ટ્રમ્પ દ્વારા ભારત પર રશિયન તેલની ખરીદી બંધ કરવા માટે ટેરિફ વધારવાની નવી ધમકી બાદ જયરામ રમેશે સોશિયલ મીડિયા પર આ પ્રતિક્રિયા આપી છે.'બ્લો હોટ, બ્લો કોલ્ડ' નીતિની ટીકા જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરતા લખ્યું કે, વ્હાઈટ હાઉસમાં વડાપ્રધાનના 'સારા મિત્ર' ભારત પ્રત્યે સતત 'બ્લો હોટ, બ્લો કોલ્ડ' (ક્યારેક નરમ તો ક્યારેક ગરમ) અભિગમ અપનાવી રહ્યા છે. તેમણે ફરી એકવાર ધમકી આપી છે કે જો ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ નહીં કરે તો તે ભારતમાંથી આવતી આયાત પર ઊંચા ટેરિફ લાદશે.

**નામ બદલેલ છે**

મેં મારુ જૂનું નામ : અન્સારી મોહંમદ શોએબ મોહમ્મદ મુખ્તાર બદલીને નવું નામ : શોએબ અહમદ મુખ્તાર અહમદ અન્સારી રાખેલ છે.
સરનામું : 44/3 195, નબી નગર, બિલાલ મસ્જીદ પાસે, દાણીલીમડા, અમદાવાદ-380028

**નામ બદલેલ છે**

મેં મારુ જૂનું નામ : અન્સારી મો. તનવીર મુખ્તારભાઈ બદલીને નવું નામ : તનવીર અહમદ મુખ્તાર અહમદ અન્સારી રાખેલ છે.
સરનામું : 44/3 195, નબી નગર, બિલાલ મસ્જીદ પાસે, દાણીલીમડા, અમદાવાદ-380028

**નામ બદલેલ છે**

મેં મારુ જૂનું નામ : મુંજપરા કિરણબેન વિપુલકુમાર બદલીને નવું નામ : કિરણબેન વિપુલભાઈ મુંજપરા રાખેલ છે.
સરનામું : 31, રાજભવન હિલ્સ, લક્ષ્મીચોકની બાજુમાં, નાંદોલ રોડ, નાંદોલ, દહેગામ, ગાંધીનગર-382305

**નામ બદલેલ છે**

મેં મારુ જૂનું નામ : અન્સારી મો. દાનીશ મુખ્તાર અહેમદ બદલીને નવું નામ : દાનિશ અહમદ મુખ્તાર અહમદ અન્સારી રાખેલ છે.
સરનામું : 44/3 195, નબી નગર, બિલાલ મસ્જીદ પાસે, દાણીલીમડા, અમદાવાદ-380028

## મામાએ શારીરિક અડપલા કર્યા અને મામાના-દીકરાએ દુષ્કર્મ આચર્યું

અમદાવાદ | અમદાવાદના ચાંદખેડામાં રહેતી સગીરા સાથે સગીરાના મામાના દીકરાએ અભ્યાસ કરાવતા સમયે બળજબરી પૂર્વક દુષ્કર્મ આચર્યું છે જ્યારે સગીરાના મામાએ સગીરાના શરીરમાં કઈ ઘૂસી ગયું હોવાનું કહીને શારીરિક અડપલા કર્યા હતા.સગીરાએ ઘણા સમય સુધી ડરના કારણે કોઈને જાણ કરી ન્હોતી પરંતુ કંટાળીને માતા જાણ કરતા સગીરાની માતાએ બાપ દીકરા સાથે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.ચાંદખેડામાં રહેતી મહિલાની સગીર પુત્રી કંઈક વાત કરવી છે તેમ કહીને તેની બહેન સાથે આંટો મારવા ગઈ હતી.


# સિટી એક્સપ્રેસ

TUESDAY 06 JANUARY-2026

AHMEDABAD


## સચિવાલયથી મહાત્મા મંદિર સુધીની મેટ્રોનો 12મીએ પ્રારંભ

ગાંધીનગર | રાજ્યના પાટનગર ગાંધીનગરના નગરવાસીઓ અને કર્મચારીઓ માટે નવા વર્ષની સૌથી મોટી ભેટ ફૂલ ફ્લેજડ મેટ્રો રેલના રૂપમાં મળી રહી છે. સચિવાલયથી મહાત્મા મંદિર સુધીની મેટ્રો રેલ સેવાના લોકાર્પણ માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. વડાપ્રધાન અમદાવાદ જુની હાઈકોર્ટથી મેટ્રો બેસીને મહાત્મા મંદિર આવશે. જ્યાંથી તેઓ અહીં યોજાનાર જર્મન ડેલિગેશનના કાર્યક્રમ માં હાજરી આપશે.ગાંધીનગર સચિવાલયથી મહાત્મા મંદિર સુધીની મેટ્રો રેલ સેવાના પ્રારંભ માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.



### 3 સાંસદ અને 15 ધારાસભ્યોની હાજરી, તપાસ માટે SIT રચના કરવામાં આવી

# બગદાણા હુમલા કેસને લઈ કોળી સમાજના નેતાઓ CMને મળ્યા

ગાંધીનગર | બગદાણાના નવનીત બાલધિયા નામના કોળી યુવક પર આઠ શખસો દ્વારા 29 ડિસેમ્બર, 2025ના રાત્રિના કરાયેલા હુમલાના ઘેરા પડઘા પડ્યા છે. નવનીત બાલધિયાએ પોતાના પર થયેલા હુમલા પાછળ લોકસાહિત્યકાર માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીરનું ષડયંત્ર હોવાનો આક્ષેપ કર્યો છે. આ સાથે જ પોલીસની કામગીરી પર પણ સવાલો ઉઠાવ્યા હતા. જોકે, આ મામલે તપાસ કરવા SITની રચના કરવામાં આવી છે.

હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા નવનીત બાલધિયાના 1 જાન્યુઆરી, 2026ના રોજ ખબર અંતર પૂછવા ગયેલા રાજુલાના ધારાસભ્યએ આ મામલે સોમાવારે ગાંધીનગરમાં મુખ્યમંત્રી અને હર્ષ સંઘવીને મળી રજૂઆત કરવાનો નિર્ણય કર્યો હતો. આજે (5 જાન્યુઆરી) સવારે કોળી સમાજના ધારાસભ્યો અને સાંસદ સભ્ય ગાંધીનગર પરસોત્તમ સોલંકીના નિવાસસ્થાને આવી પહોંચ્યા બાદ મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી આ કેસની ન્યાયિક તપાસ કરવાની માગ કરી હતી.

બગદાણા ધામના સેવક નવનીત બાલધિયા પર થયેલા હુમલા કેસની ન્યાયિક તપાસ કરવાની માગ સાથે આજે કોળી સમાજના નેતાઓએ મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી હતી. જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમા, ભાવનગરના સાંસદ નિમુબેન બાંભણિયા, સુરેન્દ્રનગરના સાંસદ ચંદુ શિહોરા, કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયા, પરસોત્તમ સોલંકી, હીરા સોલંકી સહિત 15 ધારાસભ્યોએ મળી મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી.



### અમારી લડાઈ કોઈ સમાજ સામે નથી: હીરા સોલંકી

મુખ્યમંત્રી સાથેની મુલાકાત બાદ રાજુલાના ધારાસભ્ય હીરા સોલંકીએ કહ્યું હતું કે, અમારી લડાઈ કોઈ સમાજ સામે નથી. કોળી સમાજના યુવક પર જે રીતે હુમલો થયો છે તેની ન્યાયિક તપાસ થાય તેવી અમારી માગ છે. અમે મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી આ મામલે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરી તપાસ કરાવવાની માગણી કરી છે. મુખ્યમંત્રી દ્વારા અમને યોગ્ય તપાસની ખાતરી આપવામાં આવી છે. ધારીના મદદનીશ પોલીસ અધીક્ષક તરીકે ફરજ બજાવતા જયવીર ગઢવીનીઅધ્યક્ષતામાં રચાયેલી SITમાં પોલીસ ઈન્સપેક્ટર એમ.જી જાડેજા, પી. જે.વાળા, હેડ કોન્સ્ટેબલ લક્ષ્મણદેવસિંહ ચુડાસમા અને ભગવાનભાઈ ખાંભલાનો સમાવેશ કરાયો છે.

**શું છે સમગ્ર મામલો? :** બગદાણામાં આઠ લોકોએ કરેલા હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા નવનીત બાલધિયાએ 1 જાન્યુઆરીએ હીરા સોલંકી સાથેની મુલાકાત બાદ કહ્યું હતું કે, મુંબઈના એક કાર્યક્રમમાં માયાભાઈ આહીરે બગદાણા ટ્રસ્ટમાં મેનેજિંગ ટ્રસ્ટી તરીકે યોગેશભાઈ સાગરના નામનો ઉલ્લેખ કર્યો હતો. જેથી મેં માયાભાઈ આહીરને ફોન કરી જાણ કરી હતી કે બગદાણાના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે કોઈ નથી. જેથી માયાભાઈએ કહ્યું હતું કે, હું માફી માગતો વીડિયો મોકલી આપું છું. તેને વીડિયો મોકલતા મેં મારા ચાર પાંચ મિત્રોને મોકલ્યો હતો. માયાભાઈએ માફી માગતા તેના પુત્ર જયરાજને લાગી આવ્યું હતું, જેથી તેને મને ફોન કરી મળવા માટે કહ્યું હતું. મેં માયાભાઈને માફી માગવા માટે કહ્યું ન હતું તેને જ સામેથી વીડિયો મોકલ્યો હતો. માયાભાઈ આહીરે માફીનો વીડિયો બનાવ્યો એટલે તેના પુત્ર જયરાજે આખું ષડયંત્ર રચ્યું છે. પોલીસ મારો કેસ ડાયવર્ટ કરી રહી છે. મારી માગ છે કે, આ લોકો જ્યારે મને મારતા હતા ત્યારે વીડિયો કોલ કરી કોની સાથે વાત કરતા હતા પોલીસ તેની તપાસ કરે.

## ગાંધીનગરમાં ટાઈફોઈડને ડામવા મનપાની સતત બીજા દિવસે કડક કાર્યવાહી

### 44 લારીઓ અને ખાણીપીણીના સ્ટોલ બંધ કરાવાયા

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગાંધીનગર શહેરમાં ટાઈફોઈડના વધતા કેસોને નિયંત્રણમાં લેવા અને નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલી વિશેષ ઝુંબેશ આજે બીજા દિવસે પણ યથાવત રહી હતી. એસ્ટેટ શાખા અને ફૂડ સેફ્ટી વિભાગની ટીમો દ્વારા આજે સવારથી જ શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું અને ખાદ્યપદાર્થોનું ખુલ્લામાં વેચાણ કરતા એકમો સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

આજની કાર્યવાહી દરમિયાન તંત્ર દ્વારા કુલ ૪૪ જેટલી લારીઓ અને ખાણીપીણીના સ્ટોલ બંધ કરાવવામાં આવ્યા છે. જેમાં ૧૮ પાણીપુરી અને રગડાની લારીઓ, ૧૩ સોડા વેચતા એકમો, ૭ પ્રેમ મેવાડ ફ્રુટ સલાડ તથા બદામ શેકના સ્ટોલ અને ૬ બરફના ગોળાની લારીઓનો સમાવેશ થાય છે. આ તમામ સ્થળોએ બિનઆરોગ્યપ્રદ રીતે વેચાણ થતું હોવાથી અથવા રોગચાળો ફેલાવાની ભીતિ હોવાથી તંત્ર દ્વારા કડક હાથે કામગીરી કરી તેમને બંધ કરાવવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકાની કામગીરી માત્ર દિવસ પૂરતી સીમિત નથી. તંત્ર દ્વારા આજે વિશેષ તકેદારીના ભાગરૂપે રાત્રિના સમયે પણ ચેકિંગ ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે. જેના ભાગરૂપે આજે સાંજે ૮:૦૦ થી રાત્રે ૧૦:૦૦ કલાક દરમિયાન પણ એસ્ટેટ અને ફૂડ સેફ્ટી વિભાગની ટીમો ફિલ્ડમાં કાર્યરત રહેશે અને કોઈ વિક્રેતા દ્વારા સૂચનાનો ભંગ કરવામાં આવે છે કે કેમ તેની ચકાસણી કરશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા જ્યાં સુધી શહેરમાં રોગચાળાની સ્થિતિ સંપૂર્ણ કાબુમાં ન આવે ત્યાં સુધી આ પ્રકારે આકસ્મિક ચેકિંગ અને કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

## ગાંધીનગરમાં રોગચાળો : એક બાળકનું શંકાસ્પદ મોત, સિવિલમાં બેડ ખૂટી પડતા નવો વોર્ડ શરૂ કરાયો

(એજન્સી) ગાંધીનગર | તા.05

પાટનગરમાં પાણીજન્ય રોગચાળાએ અત્યંત ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. જૂના સેક્ટરો અને આસપાસના વિસ્તારોમાં ટાઈફોઈડના કેસોમાં મોટો ઉછાળો આવતા આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે. સિવિલ હોસ્પિટલમાં દર્દીઓનો એવો ધસારો છે કે બેડ ખૂટી પડ્યા છે અને તાત્કાલિક ધોરણે વધારાનો વોર્ડ શરૂ કરવાની ફરજ પડી છે. પાટનગરમાં આ રોગચાળામાં અત્યાર સુધીમાં 150 થી વધુ લોકો સારવાર હેઠળ છે, જેમાંથી 50 જેટલા કેસ પોઝિટિવ નોંધાયા છે. સૌથી દુખદ બાબત એ છે કે, સારવાર લઈ રહેલા બાળકો પૈકી એક બાળકનું શંકાસ્પદ મોત નીપજ્યું હોવાના અહેવાલ છે, જ્યારે અન્ય બે બાળકોની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. છેલ્લા 24 કલાકમાં જ વધુ 18 બાળકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

**એક માસૂમનું મોત, સ્થિતિ ચિંતાજનક**



### તંત્રની ઘોર બેદરકારી: પાલિકાને 30 ડિસેમ્બરે જ કરાઈ હતી જાણ




આ આખી ઘટનામાં તંત્રની ગુનાહિત બેદરકારી સામે આવી છે. આરોગ્ય વિભાગે 30 ડિસેમ્બરના રોજ જ ગાંધીનગર મહાનગરપાલિકાને લેખિતમાં જાણ કરી હતી કે શહેરમાં પાણીજન્ય રોગચાળો ફેલાઈ રહ્યો છે. તેમ છતાં, પાલિકા તંત્ર ઘોર નિદ્રામાં રહ્યું અને કોઈ નક્કર પગલાં ન લેવાયા, જેનું પરિણામ આજે ગાંધીનગરની જનતા ભોગવી રહી છે.

**હોસ્પિટલની સ્થિતિ :** સિવિલ હોસ્પિટલમાં હાલ યુદ્ધના ધોરણે સારવાર ચાલી રહી છે. અત્યાર સુધીમાં 89 લોકોને સારવાર બાદ રજા આપવામાં આવી છે, પરંતુ નવા કેસો આવવાનું સતત ચાલુ હોવાથી તબીબો પર પણ ભારણ વધ્યું છે. હોસ્પિટલ તંત્ર દ્વારા બાળકો માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. તપાસમાં સામે આવ્યું છે કે પાટનગરના વિવિધ વિસ્તારોમાં અંદાજે 19 થી 20 જગ્યાએ પીવાના પાણીની લાઈનમાં લીકેજ છે.

## સાઉથ બોપલના સોબો સેન્ટર સામે આગ બાદ મોટો બ્લાસ્ટ થયો...

### ફટાકડા-પતંગના સ્ટોલ બળીને ખાખ; મોડીરાતે ગેસ સિલિન્ડર ફાટવાના અવાજથી સ્થાનિકો ફફડી ઉઠ્યાં





(એજન્સી) અમદાવાદ | તા.05

અમદાવાદના સાઉથ બોપલમાં સોબો સેન્ટર સામે મોડીરાતે ફટાકડા અને પતંગના સ્ટોલમાં આગ લાગી હતી. આગ લાગ્યા બાદ એક મોટો બ્લાસ્ટ સંભળાયો હતો અને જોર-જોરથી ફટાકડાઓ ફૂટવાને લઈ આસપાસના સ્થાનિક રહીશોમાં ભય ફેલાયો હતો. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબુ મેળવ્યો હતો.

આગ લાગવાને કારણે એક મોટો બ્લાસ્ટ થયો હોવાનું જાણવા મળ્યું છે. સ્ટોલમાં ગેસ સિલિન્ડર રાખવામાં આવ્યો હતું, જેમાં બ્લાસ્ટ થયો હતો. પતરાના શેડ બનાવીને દુકાનો ઊભી કરવામાં આવી હતી, જેમાં ફટાકડા અને પતંગ તેમજ અન્ય દુકાનો પણ હતી. જોકે, ફાયરકર્મીઓ સમયસર પહોંચ્યા હતા અને આગને વધુ પ્રસરતા રોકી હતી. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

## લેન્ડલાઈન ફોન હવે લુપ્ત થવાની અણીએ, ગુજરાતમાં ફક્ત 61000 કનેક્શન જ રહી ગયા

(એજન્સી) અમદાવાદ | તા.05

લેન્ડલાઈન ફોન હવે ભૂતકાળ બનવા તરફ આગળ વધી રહ્યા છે. ગુજરાતમાં એક વર્ષમાં બીએસએનએલના લેન્ડલાઈન ફોન કનેક્શનની સંખ્યા અડધોઅડધ ઘટીને 61523 થઈ ગઈ છે. બીજી તરફ ગુજરાતમાં 6.53 કરોડ મોબાઈલ કનેક્શન્સ છે. ગુજરાતમાં હવે માત્ર 61 હજાર લેન્ડલાઈન ફોન જ્યારે 6.53 કરોડથી વધુ મોબાઈલ કનેક્શન મોબાઈલ ફોન પા-પા પગલી ભરી રહ્યા હતા ત્યારે એટલે કે 2002-03ના સમયગાળામાં 29.78 લાખથી વધુ લેન્ડલાઈન ફોન કનેક્શન હતા. વર્ષ 2003થી 2007 દરમિયાન 23 લાખથી વધુ ઘરમાં લેન્ડલાઈન ફોનના કનેક્શન હોવાનું સામે આવ્યું છે.

અલબત્ત, આ પછી લેન્ડલાઈન ફોનનું પ્રમાણ તબક્કાવાર ઘટવા લાગ્યું છે. હાલ ખાસ કરીને સરકારી કચેરીઓમાં જ લેન્ડલાઈન ફોન જોવા મળે છે. આ સિવાય ભાગ્યે જ કોઈ ઘરમાં લેન્ડલાઈન કનેક્શન આજે પણ હોય છે.

1950થી 1980ના દાયકા સુધી લેન્ડલાઈન ફોન એક લક્ઝરી સમાન હતા અને સાધન-સંપન્ન પરિવારમાં જ તે જોવા મળતા. ગુજરાતમાં 1950-51માં 3866, 1960-61માં 18332, 1970-71માં 68193 લેન્ડલાઈન ફોનના કનેક્શન હતા. આ પ્રમાણ 1980ના દાયકાથી વધવા લાગ્યું હતું. 1980-81માં 1.98 લાખ, 1990-91માં 4.53 લાખ અને 1996-67માં 10.78 લાખ લેન્ડલાઈન ફોનના કનેક્શન હતા.

### આ પહેલા અમદાવાદની 8 સ્કૂલમાં બોમ્બ મૂક્યાનો ધમકીભર્યો ઈમેલ મળ્યો હતો

## ઈન્કમ ટેક્સ પાસે આવેલી ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાડવાની ધમકી, મેલ મળતાં સંકુલમાં દોડધામ

અમદાવાદ: ઈન્કમ ટેક્સ પાસે આવેલી અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાડવાની ધમકી મળી છે. અજાણ્યા શખ્સે ઈમેલ મારફતે કોર્ટના ઈમેલ પર મેલ કરીને કોર્ટને ઉડાવવાની ધમકી આપી હતી. ઈમેલ મળતા પોલીસને જાણ કરવામાં આવી હતી. નવરંગપુરા પોલીસ, બોમ્બ સ્કવૉડ, ડોગ સ્કવૉડ દ્વારા કોર્ટમાં હાલ તપાસ કરવામાં આવી રહી છે. ધમકી મળતા કોર્ટની કામગીરી સ્થગિત કરવામાં આવી છે. કોઈ પણ અઘટિત ઘટના ન બને તે માટે સુરક્ષાના ભાગરૂપે કોર્ટ સંકુલ ખાલી કરાવી દેવામાં આવ્યું છે. પોલીસે હાલ સાયબર ટીમોની મદદથી ઈમેલ કોના દ્વારા મોકલવામાં આવ્યો તેની પણ તપાસ શરૂ કરી છે. આ પહેલા 17 ડિસેમ્બરના રોજ અમદાવાદની 8 સ્કૂલમાં બોમ્બ મૂક્યાનો ધમકીભર્યો ઈમેલ મળ્યો હતો. જે બાદ શાળામાં શિક્ષણ કર્યા મુલતવી રાખવામાં આવ્યું હતું. પણ તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી.

એરપોર્ટ,સ્કૂલો જેવા સ્થળોએ બોમ્બ કે આરડીએક્સ મૂકવામાં આવ્યા છે તેવી ધમકી આપતા મેલ અવારનવાર મળ્યા હતા. મેલ બોગસ હોવા છતાં પોલીસ દ્વારા ગંભીર નોંધ લઈને તપાસ કરવામાં આવતી હોય છે. ધમકીના મોટાભાગના મેલનું આઈપી એડ્રેસ વિદેશનું મળતું હોય છે. જેને કારણે પોલીસની તપાસમાં અળચણ આવતી હોય છે, ઘણી વખત માનસિક તણાવનો ભોગ બનેલા કે અસ્થિર દ્વારા પણ આવા ધમકીભર્યા મેઈલ મોકલવામાં આવતા હોય છે છેલ્લે ધમકી આપનારાનો ઈરાદો માત્ર હેરાનગતિ કરવા સિવાય કોઈ નહીં હોવાનું ખૂલે છે. તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુઓ મળતી નથી.

## CG રોડ પર ચાલવા નીકળેલા બે મિત્રોને બાઈકચાલકે મારી ટક્કર, એકનું મોત

અમદાવાદ | C.G. Road: અમદાવાદના હૃદયસમાન સી.જી. રોડ પર મોડી રાત્રે સ્પીડ અને સ્ટંટના ક્રેઝે એક આશાસ્પદ યુવકનો જીવ લીધો છે. પૂરપાટ ઝડપે દોડતી મોંઘેરી બાઈકે રસ્તો ઓળંગી રહેલા 25વર્ષીય શ્રમિક યુવકને એવી જોરદાર ટક્કર મારી કે યુવકનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું. આ ભયાનક અકસ્માતને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

મળતી વિગતો અનુસાર, સી.જી. રોડ વિસ્તારમાં મજૂરીકામ કરી ગુજરાન ચલાવતો પ્રકાશ ડિંડોર ગત રાત્રે તેના મિત્ર મહેન્દ્ર ચૌહાણ સાથે જમ્યા બાદ ટહેલવા નીકળ્યો હતો. મરડિયા પ્લાઝા પાસે બંને મિત્રો સાવચેતીપૂર્વક રસ્તો ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે જ ગોતા તરફથી આવતી એક હાઈ-સ્પીડ બાઈકે પ્રકાશને અડફેટે લીધો હતો. પ્રત્યક્ષદર્શીઓના મતે ટક્કર એટલી પ્રચંડ હતી કે પ્રકાશ બાઈક નીચે કચડાઈ ગયો હતો અને તેને માથાના ભાગે જીવલેણ ઈજાઓ થઈ હતી. બાઈક ચાલકની ઓળખ સુફિયાન મુસ્તુફા તરીકે થઈ છે. અકસ્માત સમયે બાઈકની ગતિ એટલી વધારે હતી કે ટક્કર બાદ ચાલક પોતે પણ રોડ પર ફંગોળાયો હતો.

### FZ બાઈકે યુવકને 100 ફૂટ દૂર પટક્યો, ભયાનક CCTV:સ્ટીયરિંગમાં પગ ફસાયેલા રહ્યા ને રોડ પર લોહીનો રેલો ચાલ્યો

## અમદાવાદમાં ફૂલ સ્પીડે આવતી બાઈકે રોડ ક્રોસ કરતા યુવકને ઉડાડ્યો



અમદાવાદ | અમદાવાદમાં 4 જાન્યુઆરીની મોડીરાતે એક હચમચાવી દેતી અકસ્માતની ઘટના સામે આવી છે. સી.જી. રોડ પર રોડ ક્રોસ કરી રહેલાં યુવકને ફૂલ સ્પીડમાં આવતા યામાહા FZ બાઈકના ચાલકે ઉડાવ્યો હતો. આ ભયંકર ટક્કર બાદ યુવક 100 ફૂટ દુર બાઇકની સાથે જ પટકાયો હતો અને તેના બન્ને પગ બાઈકના સ્ટીયરિંગમાં ફસાયેલા રહ્યાં હતાં. આ ગંભીર અકસ્માતમાં રોડ ક્રોસ કરતા યુવકનું મોટી માત્રામાં લોહી વહી જતાં રોડ પર રેલો ચાલ્યો હતો અને સ્થળે જ મોત નીપજ્યું હતું. તો બાઈકચાલકને પણ ઈજા પહોંચતાસારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ સમગ્ર અકસ્માતની ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યાં છે.

સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે, સી.જી. રોડ પરના મરડિયા પ્લાઝા પાસે કેટલાં લોકો બેઠેલા છે અને બાળકો રમી રહ્યાં છે. આ સમયે યુવક ત્યાંથી થોડો આગળ જઈને રોડ ક્રોસ કરવાનો પ્રયાસ કરે છે. થોડીવાર ઊભા રહ્યાં બાદ આગળ વધે છે અને બીજી સાઈડ પહોંચે તે પહેલાં જ પૂરપાટ આવતી બાઈક અડફેટે લે છે.

મળતી માહિતી અનુસાર, સી.જી રોડ પર ભાડાના મકાનમાં રહેતો 25 વર્ષીય પ્રકાશ ડિંડોર તેની સોસાયટીમાં રહેતા મિત્ર મહેન્દ્ર ચૌહાણ સાથે ચાલવા ગયા હતા. બંને મિત્રો ચાલીને મરડિયા પ્લાઝા પાસેથી રોડ ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે FZ સ્પોર્ટ્સ બાઈકચાલક પૂર ઝડપે આવ્યો હતો, જેને પ્રકાશને ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, પ્રકાશને ગંભીર ઈજા થતા ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે બાઈકચાલક ઈજાગ્રસ્ત થયો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે, પ્રકાશ 100 ફૂટ દુર બાઈક સાથે ઢસડાયો હતો અને તેના પગ પણ બાઈકના સ્ટીયરિંગ પર જ હતા. અકસ્માત કરનાર સુફિયાન મુસ્તુફા ગોતાના PGમાં રહે છે. હાલમાં સુફિયાન સારવાર હેઠળ છે, જ્યારે પ્રકાશના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. આ મામલે બી ડિવિઝન ટ્રાફિક પોલીસે સુફિયાન મુસ્તુફા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.